મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 108 ■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ વૈશાખ સુદ - ૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 8 May 2025, Thursday ■ REGD.No. MCS/058/2024-26

# મૉક ડ્રિલ ભારતમાં, સાયરન વાગ્યાં પાકિસ્તાનમાં

દૈનિક મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
જય હિન્દ, સલામ સેનાને
ગુરુવાર, ૮ મે ૨૦૨૫
(૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
R.N.I. No. 1563/1957 ★



## ૨૫ મિનિટમાં ૨૬ જિંદગીનો હિસાબ કરાયો




SCAN FOR TODAY'S GOLD RATE
જૂના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

ભારતીય જાંબાજોએ ત્રાસવાદીઓનાં ઠેકાણાં કર્યાં નેસ્તનાબૂદ

મરકઝ તૈયબા, મુરીદકે : લશ્કર-એ-તૈયબાનું મુખ્ય મથક

સરજલ, ટેહડા કલાં : જૈશ-એ-મોહમ્મદનું કેન્દ્ર

મરકઝ અહલે હદીસ, બરનાલા : લશ્કર-એ-તૈયબાનું કેન્દ્ર

મરકઝ અબ્બાસ, કોટલી : જૈશ-એ-મોહમ્મદનું કેન્દ્ર

મસ્કર રહીલ શહીદ, કોટલી : હિજબુલ મુજાહિદ્દીનનું કેન્દ્ર

# સિંદૂરનો બદલો ઑપરેશન સિંદૂર

મરકઝ સુબ્હાન અલ્લાહ, બહાવલપુર - જૈશ-એ-મોહમ્મદનું કેન્દ્ર

## ૯ ત્રાસવાદી કૅમ્પ, ૧૨૦ ત્રાસવાદીનો સફાયો



નવી દિલ્હીઃ ભારતે બુધવારે વહેલી સવારે હવાઈહુમલો કરી આતંકવાદીઓના પાક અને પીઓકેમાંનાં નવ માળખાનો નાશ કર્યો હતો.

માત્ર પચીસ મિનિટ ચાલેલા આ હવાઈહુમલામાં ભારતીય સેનાએ મિસાઈલ અને ડ્રોનની મદદથી પાક અને પીઓકેસ્થિત જૈશ-એ-મોહમ્મદ અને લશ્કરે તૈયબાની છાવણીઓ અને તાલીમ કેન્દ્રોનો નાશ કર્યો હતો. જોકે ભારતને કોઈ જ નુકસાન થયું નહોતું.

વિદેશ સચિવ વિક્રમ મિસરીએ કહ્યું હતું કે પાકિસ્તાને તેનાં પ્રદેશમાં આવેલાં આતંકવાદી માળખાને નેસ્તનાબૂદ કરવા કોઈ ઉલ્લેખનીય પગલાં ન લેતાં ભારતે બાવીસ એપ્રિલે કરવામાં આવેલા પહલગામ આતંકવાદી હુમલાના કાવતરાંખોરોને પાઠ ભણાવવા પાકિસ્તાન પર સંયમિત અને ચોકસાઈપૂર્વકનો હુમલો કર્યો હતો.

પહલગામ આતંકવાદી હુમલાના કાવતરાંખોરો, આયોજકો, આર્થિક સહાય કરનારાંઓ અને


(જુઓ પાનું ૨) ▸▸

મહમૂના જોયા, સિયાલકોટ - હિજબુલ મુજાહિદ્દીનું કેન્દ્ર





**પાકમાં ખાનાખરાબીઃ** પીઓકેની રાજધાની મુઝફ્ફરાબાદ નજીક ભારતીય સેના દ્વારા બુધવારે કરવામાં આવેલા મિસાઈલ હુમલાને કારણે નુકસાન પામેલી ઈમારતની ચકાસણી કરી રહેલા પાકિસ્તાનની સેનાના જવાનો. પાકિસ્તાનના પંજાબ પ્રાન્તના મુરીદકે નગરમાં ધ્વસ્ત થયેલી ઈમારતની નજીકથી પસાર થઈ રહેલો ખાનગી સુરક્ષા ચોકિયાત. (એજન્સી)



### બ્રીફિંગમાં બે મહિલા લશ્કરી અધિકારી

### જગતને મોદીએ આપ્યો મેસેજ, દેશ એક છે અને ભારતીય મહિલા તમામ મોરચે આગળ



નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે) માં નવ આતંકવાદી ઠેકાણાઓ પર ભારતીય સશસ્ત્ર દળો દ્વારા કરવામાં આવેલા હુમલા માટે 'ઓપરેશન સિંદૂર' નામ પસંદ કર્યું હતું. સૂત્રોએ જણાવ્યું હતું કે ૨૨

(જુઓ પાનું ૨) ▸▸

### પીએમ મોદીએ સેનાની કરી પ્રશંસા

નવી દિલ્હીઃ ભારતે પહલગામ હુમલાનો બદલો લેવા પાકિસ્તાન પર એર-સ્ટ્રાઈક કરી હતી. જેને ઓપરેશન સિંદૂર નામ આપવામાં આવ્યું હતું. ભારતે પાકિસ્તાન અને પીઓકેમાં એર-સ્ટ્રાઈક કરીને આતંકીના ઠેકાણા તોડી પાડ્યા હતા. ભારતની આ કાર્યવાહી બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કૅબિનેટ મંત્રીઓને જાણકારી આપી હતી અને સેનાની પ્રશંસા કરી હતી.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, પીએમ મોદીએ કહ્યું ઓપરેશન સિંદૂર દેશ માટે ગૌરવની ક્ષણ છે. આ સફળ ઓપરેશન માટે કૅબિનેટ મંત્રીઓને પીએમ મોદીએ અભિનંદન આપ્યા હતા. આશરે ચાર મિનિટ સુધી પીએમ મોદીએ ઓપરેશન અંગે માહિતગાર કર્યા હતા. બેઠકમાં પીએમ મોદીએ

(જુઓ પાનું ૨) ▸▸

### પહલગામમાં નિર્દોષ લોકોની ક્રૂર હત્યાનો જવાબઃ અમિત શાહ

નવી દિલ્હીઃ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બુધવારે કહ્યું કે 'ઓપરેશન સિંદૂર' એ પહલગામમાં નિર્દોષ લોકોની ક્રૂર હત્યાઓનો ભારતનો જવાબ છે. શાહની આ ટિપ્પણી ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં નવ આતંકવાદી છાવણીઓ પર મિસાઈલ હુમલા કર્યા બાદ આવી હતી જેમાં બહાવલપુરમાં જૈશ-એ-મોહમ્મદના ગઢ અને મુરીદકેમાં લશ્કર-એ-તૈયબાના ઠેકાણાનો સમાવેશ થાય છે. આ હુમલાને 'ઓપરેશન સિંદૂર' નામ આપવામાં આવ્યું હતું.

ગૃહમંત્રીએ કહ્યું હતું કે મોદી સરકાર ભારત અને તેના લોકો પરના કોઈપણ હુમલાનો યોગ્ય જવાબ આપવા માટે પ્રતિબદ્ધ છે

(જુઓ પાનું ૨) ▸▸

### ભારતીય હુમલાનો બદલો લેવાનો પાકના સશસ્ત્ર દળોને આદેશ

ઈસ્લામાબાદઃ પાકિસ્તાનની રાષ્ટ્રીય સુરક્ષા પરિષદે બુધવારે જણાવ્યું હતું કે દેશના સશસ્ત્ર દળોને ભારતીય લશ્કરી હુમલામાં નિર્દોષ પાકિસ્તાની લોકોનાં મૃત્યુનો બદલો લેવા માટે ''તેની પસંદગીના સમય, સ્થળ અને રીતે'' બદલો લેવા માટે યોગ્ય રીતે અધિકૃત કરવામાં આવ્યા છે.

વડા પ્રધાન શેહબાઝ શરીફે રાષ્ટ્રીય સુરક્ષા પરિષદની બેઠકની અધ્યક્ષતા કરી હતી, જેમાં કેબિનેટ પ્રધાનો, મુખ્ય પ્રધાનો, તમામ સેવાઓના વડાઓ અને વરિષ્ઠ અધિકારીઓએ પરિસ્થિતિની ચર્ચા

(જુઓ પાનું ૨) ▸▸

### આતંકવાદી મસૂદ અઝહરના પરિવારના ૧૪ લોકોનાં મોત

નવી દિલ્હીઃ ભારતે પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાનો બદલો લીધો છે. તેણે પાકિસ્તાન અને પીઓકેમાં આતંકવાદી કેમ્પો પર હુમલો કર્યો છે. ભારત દ્વારા કરવામાં આવેલા આ હુમલામાં ૧૦૦ થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા છે. આ દરમિયાન એવી માહિતી પણ પ્રકાશમાં આવી છે આતંકી મસૂદ અઝહરના પરિવારનો આ હુમલામાં સફાયો થયો છે. જેમાં મળતી માહિતી મુજબ મસૂદ અઝહરના પરિવારના ૧૪ લોકોનાં મોત થયાં હોવાનો દાવો કરવામાં આવ્યો છે. તેમજ મસૂદ અઝહરના ભાઈને ગંભીર ઈજા થઈ છે. જોકે, આ હુમલામાં મસૂદ અઝહરનું શું થયું તે અંગેની કોઈ માહિતી સાંપડી નથી.

ભારત તરફથી ઓપરેશન સિંદૂર અંગે વિગતવાર માહિતી આપતા કર્નલ સોફિયા કુરેશીએ જણાવ્યું હતું કે પાકિસ્તાન પર રાત્રે ૧:૦૫ વાગ્યે હુમલો થયો હતો. આ કાર્યવાહીમાં નવ સ્થળોએ હુમલો કરવામાં આવ્યો હતો. આ કામગીરી રાત્રે ૧.૦૫ વાગ્યાથી ૧.30 વાગ્યા સુધી ચાલી હતી. ગુપ્ત માહિતીના આધારે લક્ષ્ય પર હુમલો કરવામાં આવ્યો હતો. આતંકવાદી હુમલાના કાવતરાખોરો પર હુમલો કરવામાં આવ્યો.

પાકિસ્તાન અને પીઓકે બંને પર હુમલા કરવામાં

(જુઓ પાનું ૨) ▸▸

### સરકારે આજે સર્વપક્ષી બેઠક બોલાવી

નવી દિલ્હીઃ સરકારે પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવીને સશસ્ત્ર દળો દ્વારા કરવામાં આવેલા હુમલા વિશે જાણકારી આપવા માટે આજે એક સર્વપક્ષીય બેઠક બોલાવી છે.

સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજીજુએ પ્રસ્તાવિત બેઠક અંગે એક્સ પર પોસ્ટ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે સરકારે ૮ મે, ૨૦૨૫ના રોજ સવારે ૧૧ વાગ્યે નવી દિલ્હીમાં સંસદ પુસ્તકાલય ભવન, સંસદ સંકુલમાં સમિતિ ખંડઃ જી-૦૭૪ ખાતે

(જુઓ પાનું ૨) ▸▸

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભારતે ટેરર નેટવર્કનો ખાતમો કરીને જંપ લેવો જોઈએ

**જમ્મુ** અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાના ૧૫ દિવસ પછી અંતે ભારતે પાકિસ્તાન અને પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે)માં હવાઈ હુમલા કરી દીધા. ઈન્ડિયન આર્મી અને ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (એનએસએ) અજીત કુમાર ડોભાલે સત્તાવાર રીતે જાહેરાત કરી છે કે, બુધવારે રાત્રે લગભગ ૧.૩૦ વાગ્યે ઈન્ડિયન આર્મી અને એરફોર્સે ‘ઓપરેશન સિંદૂર’ હાથ ધરીને પીઓકેમાં બહાવલપુર, મુરીદકે, બાગ, કોટલી અને મુઝફ્ફરાબાદમાં હુમલા કર્યા છે. ૯ આતંકવાદી ઠેકાણાં પર કરાયેલા હુમલામાં ૩૦ લોકોનાં મોત થયાં હોવાનું કહેવાય છે.

જો કે મોતનો આંકડો બહુ મહત્ત્વનો નથી, મહત્ત્વનું ભારતે પહલગામ હુમલાનો બદલો લેવા કરેલું આક્રમણ છે. આ હુમલા દ્વારા ભારતે પાકિસ્તાનના શાસકોને, પાકિસ્તાનની આર્મી અને આઈએસઆઈને તથા તેમના પાલતુ આતંકવાદીઓને સ્પષ્ટ મેસેજ આપ્યો છે કે, તમે અમારા નિર્દોષ નાગરિકોને માર્યા ને અમે ચૂપ બેસી રહીશું એવી આશા ના રાખતા.

ભારતે હુમલા કર્યા તેમાં બહાવલપુર આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદનું મુખ્ય મથક છે અને આંતરરાષ્ટ્રીય સરહદથી લગભગ ૧૦૦ કિલોમીટર દૂર છે. ભારતના સામ્બાથી ૩૦ કિ.મી. દૂર આવેલા મુરીદકેમાં લશ્કર-એ-તૈયબાનો કેમ્પ છે. બીજાં સ્થળે પણ આતંકવાદી કેમ્પ આવેલા છે ને ભારતે ચોક્કસ ઈન્ટેલિજન્સ ઈનપુટના આધારે આ હુમલા કર્યાનું કહેવાય છે. ભારત પર આતંકવાદી હુમલાનાં કાવતરાં ઘડાય છે એ સ્થળો પર હુમલા કરીને ભારતે આતંકવાદીએના સફાયાની દિશામાં પહેલું કદમ ઉઠાવ્યું છે.

પાકિસ્તાને ભારતે હુમલો કર્યાનું સ્વીકાર્યું છે પણ પાકિસ્તાન ભારતની કાર્યવાહીને આતંકવાદીઓ સામેની કાર્યવાહી નહીં પણ પાકિસ્તાન લશ્કર અને નાગરિકો પર કરાયેલા હુમલા સાબિત કરવા મચી પડ્યું છે. સાથે સાથે ધાર્મિક ઉન્માદ પેદા કરવા એવો દાવો પણ કરાયો છે કે, ભારતીય હુમલામાં મસ્જિદોને પણ નિશાન બનાવવામાં આવી છે. વાસ્તવમાં એ બધી મસ્જિદો ધર્મસ્થાન નથી પણ આતંકવાદી કેમ્પોનો હિસ્સો છે. મસ્જિદોને આતંકવાદી કેમ્પો બનાવી દેવાઈ તેમાં હુમલા કરાયા છે.

બહાવલપુરમાં ૪ હુમલા થયા પણ તેમાં કોઈ મસ્જિદ પર હુમલો થયો નથી. મુઝફ્ફરાબાદમાં ૭ હુમલા કરાયા તેમાં બિલાલ મસ્જિદને નિશાન બનાવવામાં આવી હતી. કોટલીમાં ૫ હુમલા થયા તેમાં અબ્બત મસ્જિદ ટાર્ગેટ હતી. મુરિદકેમાં ૪ હુમલા થયા તેમાં ઉમાલાકુરા મસ્જિદને નિશાન બનાવવામાં આવી હતી. અહમદપુર પૂર્વમાં સુભાન મસ્જિદને નિશાન બનાવવામાં આવી કેમ કે આ બધી મસ્જિદોને ટેરર કેમ્પમાં ફેરવી દેવાઈ છે.

પાકિસ્તાનની જાસૂસી સંસ્થા આઈએસઆઈની પાંખ એવા ઇન્ટર-સર્વિસિસ પબ્લિક રિલેશન્સ (આઈએસપીઆર)ના ડિરેક્ટર અહેમદ શરીફ ચૌધરીએ દાવો કર્યો છે કે, ભારતીય હવાઈ હુમલામાં ૮ નાગરિકો માર્યા ગયા છે ૩૫ ઘાયલ થયા છે અને ૨ લોકો ગુમ છે. ભારતે ૬ વિસ્તારોમાં ૨૪ મિસાઇલો છોડી હોવાનો દાવો પણ કરાયો છે.

પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે જિયો ટીવીને કહ્યું કે ભારતે પોતાના એર સ્પેસમાંથી પાકિસ્તાન પર મિસાઇલ હુમલા કર્યા હતા અને આ મિસાઈલો સીધી નાગરિક વિસ્તારો પર પડી હતી. ખ્વાજા આસિફે તો પ્રેસ કોન્ફરન્સમાં એવો દાવો પણ કર્યો કે, પાકિસ્તાન આર્મી દ્વારા કેટલાક ભારતીય સૈનિકોને ઝડપી લેવાયા છે.

પાકિસ્તાનની સરકારી ન્યૂઝ ચેનલ પીટીવી ન્યૂઝે ફડાકો માર્યો છે કે, પાકિસ્તાની આર્મીએ ૨ ભારતીય જેટ ફાઈટરને તોડી પાડ્યા છે, પાકિસ્તાને એલઓસી નજીક ભારતીય ચેકપોસ્ટનો નાશ કર્યો છે. પાકિસ્તાન ભારતના હુમલા અંગે સતત ગુલાંટબાજી કરતું રહ્યું છે પણ તેણે હુમલો થયાનું સ્વીકાર્યું એ મોટી વાત છે. જનરલ ચૌધરીએ ફિશિયારી મારી છે કે, પાકિસ્તાન આ હુમલાનો યોગ્ય જવાબ આપશે. પાકિસ્તાનની સીધી લડવાની તૈયારી નથી એટલે તેનો યોગ્ય જવાબ એટલે આતંકવાદ એમ સમજવું.

પાકિસ્તાનના ભારતનાં વિમાનો તોડી પાડ્યાના દાવામાં દમ નથી અને પાકિસ્તાન આબરૂ બચાવવા માટે હવાતિયાં મારી રહ્યું હોવાથી જૂઠાણાં ફેલાવી રહ્યું છે એ દેખાય જ છે. પાકિસ્તાને ભારતના રાફેલ વિમાનને તોડી પાડ્યું હોવાનો દાવો કર્યો છે. પુરાવા તરીકે એક ફોટો પણ શેર કર્યો છે પણ આ ફોટો રાફેલનો નહીં પણ મિગ-૨૯નો છે.

ભારતીય વાયુસેનાનું મિગ-૨૯ ફાઇટર પ્લેન ૩ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ રાજસ્થાનમાં ક્રેશ થયું હતું. તેનો ફોટો મૂકીને પાકિસ્તાન ડંફાશ મારી રહ્યું છે કે તેણે રાફેલને તોડી પાડ્યું છે. પાકિસ્તાને ભટિંડા, અખનૂર અને જમ્મુમાં જેટ વિમાનોને તોડી પાડવાનો દાવો કર્યો છે એ પણ આવાં જ જૂઠાણાં છે.

પાકિસ્તાન જૂઠું બોલવામાં માહિર છે પણ માનો કે, ભારતને થોડું ઘણું નુકસાન થાય તો પણ ચિંતા કરવાની જરૂર નથી. શાંતિ માટે યુદ્ધ કરવું પડે છે ને યુદ્ધની થોડી ઘણી કિંમત ચૂકવવી જ પડે. આપણે કશું કર્યું નહોતું છતાં પહલગામમાં પાકિસ્તાનના પીઠ્ઠુ આતંકવાદીઓએ ૨૮ લોકોની હત્યા કરી નાખી હતી ત્યારે અહીં તો આપણે આક્રમણ કરી રહ્યા છીએ એટલે થોડું ઘણું ભોગવવાની તૈયારી રાખવી જ પડે.

ચૂપ રહીને લોકોને મરવા દેવાં કાયરતા કહેવાય જ્યારે આપણને નુકસાન કરનાર પર આક્રમણ કરવું મર્દાનગી કહેવાય. ભારત એ મર્દાનગી બતાવી રહ્યું છે ત્યારે નુકસાન ભોગવવાની તૈયારી છે જ.

પાકિસ્તાને ભારત તેના નિર્દોષ નાગરિકોને મારી રહ્યું છે અને પાકિસ્તાન પર આક્રમણ કરી રહ્યું છે એવો દાવો પણ કર્યો છે. તેની સામે ભારત સરકારે સ્પષ્ટતા કરી છે કે, પાકિસ્તાની લશ્કરી છાવણીઓને નિશાન બનાવવામાં આવી નથી પણ આતંકવાદીઓના ઠેકાણાને નિશાન બનાવવામાં આવ્યાં છે. આર્મી અને એરફોર્સની સંયુક્ત લશ્કરી કાર્યવાહીમાં માત્ર ને માત્ર ટેરર કેમ્પ્સને નિશાન બનાવાયા છે.

વ્યૂહાત્મક રીતે ભારતની વાત બરાબર છે કેમ કે કોઈ પણ દેશની લશ્કરી છાવણી પર હુમલો કરવાનો મતલબ એ દેશ પર હુમલો કરવો એવો થાય. ભારત પોતે આક્રમણખોર નથી અને પાકિસ્તાન પર હુમલો કર્યો નથી પણ આતંકવાદીઓ પર હુમલો કરી રહ્યું છે એવું ચિત્ર ઊભું કરી રહ્યું છે એ વ્યૂહાત્મક રીતે યોગ્ય છે પણ વાસ્તવિક રીતે ભારત પાકિસ્તાનની લશ્કરી છાવણીઓ પર હુમલો કરે તો તેમાં કશું ખોટું નથી.

અસલી જરૂર તો પાકિસ્તાનના લશ્કરને જ ખોખરું કરી નાંખવાની છે તેથી પાકિસ્તાનની વાત સાચી હોય તો સારું છે. આતંકવાદીઓના બહાને પાકિસ્તાન આર્મીને પાઠ ભણાવી જ દેવાની જરૂર છે કેમ કે આતંકવાદ અંતે તો પાકિસ્તાન આર્મીનું જ પાપ છે. પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે)માં ચાલતા આતંકવાદી કેમ્પ પાકિસ્તાન આર્મીની જ દેન છે.

ભારતે હુમલો કરીને યોગ્ય કર્યું છે પણ જરૂર આ આક્રમણને ચાલુ રાખવાની છે. આતંકવાદ આપણા માટે પથરીના દુઃખાવા જેવું બની ગયું છે. થોડા થોડા સમયે દુઃખાવો થયા કરે એટલે આપણે દવા લઈને દર્દ હળવું કરીએ. વાસ્તવમાં જરૂર ઓપરેશનની છે. હવે ભારતે ઓપરેશન શરૂ કર્યું છે તો આ પથરીનો કાયમ માટે નિકાલ કરી જ નાખવો જોઈએ.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મઋતુ, ગુરુવાર, તા. ૮-૫-૨૦૨૫
મોહિની એકાદશી (ગૌ દૂધ)

- ભારતીય દિનાંક ૧૮, માહે વૈશાખ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, વૈશાખ સુદ-૧૧
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે વૈશાખ, તિથિ સુદ-૧૧
- પારસી શહેનશાહી રોજ ૨૭મો આસમાન, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૭મો આસમાન, માહે, ૧૦મો દએ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૯મો ફરવરદીન, માહે, ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૯મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૧મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- નક્ષત્ર ઉત્તરાફાલ્ગુન રાત્રે ક. ૨૧-૦૫ સુધી, પછી હસ્ત
- ચંદ્ર કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૪, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૧, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૮, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
- ભરતીઃ સવારે ક. ૦૯-૫૮, રાત્રે ક. ૨૧-૪૨
- ઓટઃ બપોરે ક. ૧૫-૪૫, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૦૮ (તા. ૯)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’ નામ સંવત્સર, વૈશાખ શુક્લ - એકાદશી. મોહિની એકાદશી (ગૌ દૂધ), લક્ષ્મીનારાયણ એકાદશી (ઓરિસ્સા), પરશુરામ દ્વાદશી, રુક્મિણી દ્વાદશી, મીનાક્ષી કલ્યાણક્મ્, ભદ્રા સમાપ્તિ બપોરે ક. ૧૨-૨૯. શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ખાતમુહૂર્ત, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા, ઉપનયન,એકાદશી વ્રત ઉપવાસ, બ્રાહ્મણ દ્વારા શિવ પરિવાર પૂજા, ગણેશ પૂજા, શ્રી લક્ષ્મી-વિષ્ણુ પૂજા, શ્રીસુક્ત, પુરુષસુક્ત, શ્રી સુક્ત, પુરુષ સુક્ત અભિષેક, શ્રી વિષ્ણુ સહસ્ત્રનામ સસ્ત્રોત પાઠ વાચન, તુલસી પૂજા. ભગવાન સૂર્યનારાયણ સહિત પંચતત્ત્વોનું પૂજન, પીપળાનું પૂજન, શ્રી દત્ત પૂજન, મુંડન કરાવવું નહીં, નવાં વસ્ત્રો, આભૂષણ, દુકાન, વેપાર, મિત્રતા કરવી, નોકરી, દસ્તાવેજ, બાળકનું નામકરણ, અન્નપ્રાશન, દેવદર્શન, સીમંત સંસ્કાર, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, રાજ્યાભિષેક, પાટ અભિષેક પૂજા, ધજા કળશ પતાકા ચઢાવવી, રોપા વાવવા, બી વાવવું, ખેતીવાડીનાં કામકાજ, ધાન્ય ભરવું, નવી તિજોરીની સ્થાપના, પશુ લેવડ-દેવડ.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ કાર્યદક્ષ, ચંદ્ર-શનિ ચતુષ્કોણ મહેનતુ સ્વભાવ, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ સટ્ટાનું વલણ, ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ નિર્ણયોમાં વિલંબ કરે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-શનિ ચતુષ્કોણ, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ, ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-કર્ક, બુધ-મેષ, ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# કર્યાં કરતૂત ફાવ્યાં છેઃ કુદરત સાથે બાથ ભીડવાનું પરિણામ

**ફારસી** ભાષાના જગપ્રસિદ્ધ સાહિત્યકાર અને શેરો શાયરીના શાયર, સૂફી-સંત-ઓલિયા હઝરત શેખ સા’દી સા’બનો જન્મ ઈરાન દેશમાં થયો હતો. આપ હઝરત (માનવંત)ના જીવનના બોધ આપનારા અનેક પ્રસંગો છે, તેમાંનો એક લા’જવાબ પ્રસંગ ‘મુખ્બિરે ઇસ્લામ’ની આ કટારના કોમ-ભાઈબંધ કોમના જિજ્ઞાસુ વાચક મિત્રો માટે હિદાયત આપનારો હોઈ, રસપ્રદ બની રહેશેઃ

- હઝરત શેખ સા’દી સા’બ એક વેળા તેમના બે શાગીર્દ (શિષ્યો) સાથે ગાઢ જંગલમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યાં અચાનક વાઘની ત્રાડ સંભળાઈ. બંને શિષ્યો દોડીને તરત એક ઝાડ પર ચડી ગયા, પરંતુ સા’દી સા’બ તો જે મુદ્રામાં હતા તેવી જ તટસ્થાથી - એક ચિત્તે ઊભા રહ્યા.

- વાઘ તેમની પાસે આવ્યો. ઝાડના કોઈ થડ સાથે શરીરને ઘસતો હોય તેમ સા’દીસા’બ રહમતુલ્લાહ અલૈયહિના શરીર સાથે પોતાનું શરીર ઘસીને ચાલ્યો ગયો. આ દૃશ્ય જોઈને બંને શિષ્યો આભા બની ગયા. સા’દી સાહેબે તેમને સમજાવતા કહ્યું કે એમાં કોઈ ચમત્કાર નથી, આશ્ચર્ય પામવા જેવું પણ નથી. અહીં ઘનઘોર જંગલમાં કુદરતનું રાજ છે. હું કુદરત સાથે એકાકાર થઈ ગયો હતો. કુદરત સાથે મારા મનના સૂર મળી ગયા હતા એટલે મને પણ ઝાડના થડ જેવો સમજીને વાઘ પોતાના શરીરને ઘસીને ચાલી ગયો.

વાત કુદરત સાથે - પરદિગારે આલમની સાથે-સૃષ્ટિના સર્જનહારની સાથે સંવાદ સાધવાની છે. આપણી તકલીફ એ છે કે આપણે કુદરત સાથેના સંવાદને વિસરી ગયા છીએ. કુદરતે વરસોના પુરુષાર્થથી ઉગાડેલાં જંગલો કાપી નાખીએ છીએ પછી ફરિયાદ કરીએ છીએ કે પૂરતો વરસાદ નથી થતો, બહુ તાપ પડે છે. તડકામાં છાંયો આપતાં વૃક્ષોને પ્રેમ કરવાને બદલે આપણે એના પર કરવત કે કુહાડી ચલાવીને એને કાપી નાખીએ છીએ. તમે જો કુદરતની શરમ ન રાખો તો કુદરત શા માટે તમારી શરમ રાખે? આવું જ કૃત્ય અતિવૃષ્ટિનું પણ છે. નૉબેલ પારિતોષિક વિજેતા બંગાળી કવિની એક નાનકડી કવિતાનો સાર કંઈક આવો છેઃ એક નાનકડા બાળકને રમવા માટે કોઈ સાથીદાર જોઈએ છે. એ કીડીને પૂછે છે, મારી સાથે રમશો? કીડીની લાઈન ઝડપભેર પોતાના માર્ગ તરફ દોડી રહી હતી. કીડીએ કહ્યું, ના ભાઈ ના. ચોમાસું ગમે તે ઘડીએ શરૂ થશે. અમારે ચાર મહિનાનો ખોરાક પુરવઠો ભેગો કરવાનો છે. ઘડીનીય ફુરસદ નથી. પેલું બાળક કાગડાને પૂછે છે. કાગડાભાઈ, કાગડાભાઈ, મારી સાથે રમશો? કાગડાએ જવાબ આપ્યોઃ દોસ્ત, આકાશ તરફ જો, કાળાં વાદળાં કેવાં ઘેરાયલાં છે! પહેલો વરસાદ પડે એ પહેલાં અમારે માળો બાંધી લેવો પડે, માટે અમને રમવાનો સમય નથી!

વાત પાણી પહેલાં પાળ બાંધવાની છે. માણસ સૌથી બુદ્ધિશાળી જીવ ગણાય છે, અલ્લાહે તેને સર્વ જીવોમાં શ્રેષ્ઠ એટલે કે અશ્રફુલ મખ્લુકાત તરીકે આ ધરતી ઉપર પેદા કર્યો છે, પરંતુ રોજેરોજની સવારે ઊઠીને જુઓ તો એમ લાગે, કે ઈન્સાન પોતાની અક્કલનો ઉપયોગ યોગ્ય દિશામાં કરતો નથી. કાં તો એની બુદ્ધિ બહેર મારી ગઈ છે અથવા તો એનું આવી બન્યું છે. એ કુદરતની શરમ રાખતો નથી તો કુદરત એની શરમ શા માટે રાખે?

દુનિયાભરના દેશોમાં રાડ ફાટી ગઈ છે કે આ શું થઈ રહ્યું છે? ગમે ત્યાં ગમે ત્યારે ધરતીકંપ થાય છે, ગમે ત્યાં ગમે ત્યારે વાવાઝોડું ફૂંકાય છે, પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાતી હોય છે. લીલો કે સુક્કો દુકાળ પડવો સામાન્ય બાબત બની જવા પામી છે. સમાજશાસ્ત્રીઓ કહે છે કે હવે પછીનું યુદ્ધ પીવાના પાણી માટે લડાશે. આવું કેમ થયું? કુદરત વિફરી છે? કે માણસ કુદરતની કલાને સમજી શકતો નથી? જે માણસ કુદરત સાથે સંવાદ ન સાધે એ માણસ બીજા માણસ સાથે સંવાદ કેવી રીતે સાધે? કુદરતની ઉપેક્ષા કરનાર માણસ એક બીજા સાથે લડવાની - બાધવાની શેખી મારે એમાં નવાઈ શી? અને આમ અશાંતિ વધ્યા જ કરે છે. એક તરફ આકરી બનતી મોસમનો માર જેમ કે માથું ફાડી નાખે તેવો તાપ, તો ક્યાંક પીવાનાં પાણીનાં ફાંફાં તો ક્યાંક ભયંકર દુકાળ તો ક્યાંક આગનું તાંડવ, બિલ્ડિંગોની બિલ્ડિંગો પડી જવાની ઘટનાઓ જેવી આફતો સામાન્ય ઘટના બની ગઈ છે. બીજી તરફ રશિયા, યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધ સહિત કેટલાય દેશોમાં અરાજકતાના કારણે ફેલાતી બેચેની-અજંપાનો ‘તાપ’ અને લટકામાં કોરોના જેવા વાયરસ!

કુદરતના નિઝામમાં-સામ્રાજ્યમાં હરેક કોયડા-સમસ્યાનો ઉપાય છે. વ્યક્તિ દીઠ ફક્ત એક છોડને વાવે તો ગણતરીના સમયમાં જ તે ઝાડ આંખને-દિલોદિમાગને ઠંડક આપશે. તાપ-તડકાથી બચાવી મીઠો છાંયો આપશે. આપણા ભારતમાં તો ઝાડને કાપવા-નાશ કરવાને અપરાધ લેખ્યો છે અને તેને સજાને પાત્ર કાનૂન બનાવ્યો છે.

**બોધઃ**

હજુ મોડું થયું નથી. પ્રત્યેક વ્યક્તિ કમ સે કમ એક એક છોડ રોપે તો એ તાપ-તડકાથી તો રક્ષણ કરશે પણ અમૂલ્ય ઓક્સિજનથી અનેક બીમારીથી બચાવશે પણ ઉપરાંત ખુદાની કુદરત સાથે સંવાદ સાધવામાં એકાગ્રતા લાવશે. ભીતરનો કોલાહલ શમી જશે.

* ચિત્ત શાંત પડી જશે,
* પરસ્પર સંવાદ વધશે
* મુબારકબાદ અને શુભેચ્છાનો માહોલ-વાતાવરણ સર્જાશે અને
* શત્રુતાના સ્થાને અમન-શાંતિ, સ્નેહનું વાતાવરણ ચોતરફ ફેલાઈ જવા પામશે. આમીન.

* * *

**સાપ્તાહિક સંદેશઃ**

અસનાદ હુઝુર અનવર (સ.) એક રિવાયતમાં કહ્યું છે કે,

* ‘મોમિન તે છે જે સારા અખ્લાકવાળો હોય અને પોતાની પત્ની સાથે સારી રીતે જીવન વ્યતિત કરતો હોય.
* ‘ઔરતની ઈઝ્ઝત કરો, એટલે તેને નગણ્ય-તુચ્છ જાણો નહીં.’

- આપ હુઝુરે ફરમાવી દીધું છે કે,

* ‘ઔરત પોતાના પતિના ઘરમાં અને ઔલાદ પર હકૂમત કરનારી-સંભાળ રાખનારી છે.
* ‘ઔરત સ્વચ્છતા અને નઝાકતને કારણે અહેસાન અને સદ્‌વર્તાવને પાત્ર છે.’

- પરંતુ અફસોસ! કહેવાતા સુધારાવાદીઓએ ઔરતને પોતાના વિલાસની વસ્તુ બનાવી દીધી છે. (અસનાદઃ સત્યવાદી. હુઝુરઃ આદરણીય. રિવાયત અક્ષરશ કથન. મોમિનઃ શ્રદ્ધાળુ. અખ્લાકઃ સુસંસ્કારી. નઝાકતઃ નાજુકપણું.

## પહેલા પાનાનું ચાલુ

### સિંદૂરનો બદલો

પહેલા પાનાનું ચાલુ

સ્પોન્સરોને જવાબદાર ઠેરવતાં સંયુક્ત રાષ્ટ્રસંઘની સમિતિએ કરેલા નિવેદનને અનુરૂપ જ ભારતની કાર્યવાહી હતી. ‘ઑપરેશન સિંદૂર’ અંતર્ગત ભારતીય સેનાએ મુરીદકેમાં લશ્કરે તૈયબાના મરકાઝ, બહવાલપુરસ્થિત જૈશ-એ-મોહમ્મદના મરકાઝ શુભાનલ્લાહ, સિયાલકોટસ્થિત હિઝબુલ મુજાહિદ્દીનની મહમૂના જૉયા ફેસિલિટી, બર્નાલસ્થિત લશ્કરે તૈયબાના મરકાઝ આહલે હાદિથ બૅઝ અને મુઝફ્ફરાબાદના શાવાઈ નાલાસ્થિત છાવણીને નિશાન બનાવી હોવાનું તેમણે કહ્યું હતું. બુધવારે વહેલી સવારે ૧:૦૦થી ૧:૩૦ વાગ્યા દરમિયાન આ ઑપરેશન હાથ ધરવામાં આવ્યું હતું અને ખૂબ જ અસરકારક રીતે તમામ લક્ષ્યનો નાશ કરવામાં આવ્યો હતો, એમ આર્મી કોર્પ્સ ઑફ સિગ્નલ્સની કર્નલ સોફિયા કુરેશી અને આઈએએફની હૅલિકોપ્ટર પાઈલટ વ્યોમિકા સિંહે કહ્યું હતું. પાકિસ્તાન વિરુદ્ધ કાર્યવાહી પૂરી કર્યાની પંદર મિનિટ બાદ સંરક્ષણ ખાતાએ કહ્યું હતું કે થોડીવાર અગાઉ જ ભારતીય સેનાએ ‘ઑપરેશન સિંદૂર’ હાથ ધરી પાકિસ્તાન તેમ જ પીઓકેસ્થિત આતંકવાદી માળખાઓનો નાશ કર્યો હતો. આ જગ્યાએથી જ પાકિસ્તાનસ્થિત આતંકવાદીઓ ભારતમાં આતંકવાદી હુમલા કરવાની યોજના બનાવી આદેશ આપતા હતા.

ભારતે કરેલી કાર્યવાહી ચોકસાઈપૂર્વકની, કેન્દ્રિત અને કોઈપણ પ્રકારની ઉશ્કેરણી ન કરનારી હતી. ‘ઑપરેશન સિંદૂર’ દરમિયાન પાકિસ્તાનની કોઈ લશ્કરી સુવિધાને નિશાન બનાવી તેનાં પર હુમલો કરવામાં નહોતો આવ્યો. લક્ષ્ય પસંદ કરવામાં અને તેને નિશાન બનાવવામાં ભારતે અસાધારણ સંયમ દર્શાવ્યો હતો. સેનાના જણાવ્યાનુસાર વડા પ્રધાન નરેન્દ્ર મોદી ‘ઑપરેશન સિંદૂર’ પર નિકટથી નજર રાખી રહ્યા હતા. ‘ઑપરેશન સિંદૂર’ બાદ તેમણે કેબિનેટની બેઠક યોજી હતી અને સફળ કાર્યવાહી બદલ ભારતીય સેનાની પ્રશંસા કરી હતી.

‘ઑપરેશન સિંદૂર’ના ગણતરીના કલાકો બાદ પાકિસ્તાનના વડા પ્રધાન શેહબાઝ શરીફે કહ્યું હતું કે ભારત દ્વારા પાકિસ્તાન પર લાદવામાં આવેલા આ યુદ્ધનો જડબાતોડ જવાબ આપવાનો અમને સંપૂર્ણ અધિકાર છે.

પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે કહ્યું હતું કે ભારત જો આ પરિસ્થિતિને વધુ ન વકરાવે તો પાકિસ્તાન બંને દેશ વચ્ચેની તણાવપૂણ૪ન સ્થિતિને નાબૂદ કરવા તૈયાર છે.

ભારતે કોઈપણ પ્રકારની ઉશ્કેરણી વિના જ આ કાર્યવાહી કરી છે અને એમ કરીને ભારતીય સેનાએ પાકિસ્તાનના સાર્વભોમત્વનો ભંગ કર્યો છે, એમ પાકિસ્તાનના વિદેશ ખાતાએ કહ્યું હતું.

ભારતે કરેલી કાર્યવાહીમાં ઓછામાં ઓછા ૧૨૦ જણનાં મોત થયાં હોવા ઉપરાંત ૪૬ જણ ઘાયલ થયાં હોવાનું પાકિસ્તાનની સેનાએ કહ્યું હતું. ભારત દ્વારા બહાવલપુરસ્થિત જૈશ-એ-મોહમ્મદના વડા મથક પર કરવામાં આવેલા મિસાઈલ હુમલામાં પોતાના પરિવારના દસ અને નિકટના ચાર સભ્યનાં મોત થયાં હોવાનાં અહેવાલને જૈશ-એ-મોહમ્મદના વડા મૌલાના મસૂદ અઝહરે સમર્થન આપ્યું હતું. ભારતીય સેનાના અધિકારીઓએ કહ્યું હતું કે બહાવલપુર અને મુરીદકે સહિત તમામ નવ સ્થળે કરવામાં આવેલા હુમલા સફળ રહ્યા હતા. (એજન્સી)

### પીએમ મોદીએ

કહ્યું, સમગ્ર દેશની નજર આપણા પર હતી. સેના પર ગર્વ છે. આ ઘટના અંગે આવતીકાલે સર્વપક્ષીય બેઠક બોલાવવામાં આવી છે. રાજનાથસિંહની અધ્યક્ષતામાં સવારે ૧૧ કલાકે આ બેઠક મળશે, જેમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ પણ હાજર રહેશે.

ઉલ્લેખનીય છે કે પહલગામ હુમલાનો જવાબ આપવા મંગળવાર રાત્રે દેશના સશસ્ત્ર દળોએ પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આતંકવાદી કેમ્પો પર હુમલો કર્યો હતો. ઘાતક ડ્રોન અને મિસાઇલોનો ઉપયોગ કરીને કરવામાં આવેલા આ હુમલાઓમાં નવ સ્થળોએ આતંકવાદી કેમ્પ અને માળખાનો નાશ કરવામાં આવ્યો હતો. આ સાથે સેનાએ જાહેર કર્યું કે ન્યાય થયો છે! તેનું નામ હતું- ઓપરેશન સિંદૂર.

### આતંકવાદી મસૂદ અઝહરના

આવ્યા. અમે નાગરિકોને નુકસાન પહોંચાડ્યું નથી. હુમલામાં સૌ પ્રથમ સવાઈ નાલા કેમ્પને નિશાન બનાવવામાં આવ્યો. અમે જૈશ અને લશ્કરના કેમ્પોને નિશાન બનાવ્યા. નવ સ્થળોએ ૨૧ ટાર્ગેટ પર હુમલો કરવામાં આવ્યો. પાકિસ્તાનમાં જ્યાં હુમલો થયો તે સ્થળ સિયાલકોટ છે. અહીંના સરજલ કેમ્પ પર હુમલો કરવામાં આવ્યો હતો. અહીં હિઝબુલનો આતંકી કેમ્પ સ્થિત હતો

આ અંગે વિદેશ સચિવે જણાવ્યું હતું કે પહલગામ હુમલો બર્બરતાપૂર્ણ હતો. જેમાં પરિવારની સામે જ વ્યક્તિને ગોળી મારી દેવામાં આવી હતી. આ ઉપરાંત ગત વર્ષે બે કરોડથી વધારે પ્રવાસીઓ કાશ્મીર આવ્યા હતા.આ હુમલાનો ઉદ્દેશ કોમી રમખાણો ફેલાવવાનો હતો. ભારતે મે અને નવેમ્બરમાં યુએનમાં આતંકી સંગઠન ટીઆરએફ અંગે જણાવ્યું હતું. પાકિસ્તાન આતંકવાદીઓ માટે સુરક્ષિત આશ્રયસ્થાન છે, તે વિશ્વને ગેરમાર્ગે દોરે છે.આ હુમલો આતંકવાદને નાબૂદ કરવા માટે જરૂરી હતો. આ જવાબદારીપૂર્વકનું એક્શન હતું.

### બ્રીફિંગમાં બે મહિલા

એપ્રિલના રોજ પહલગામમાં આતંકવાદીઓએ ૨૬ નાગરિકોની હત્યા કરી હતી, જે બધા પુરુષો હતા અને ઘણા મૃતકોની વ્યથિત પત્નીઓના આંસુઓનો બદલો લેવા માટે ‘ઓપરેશન સિંદૂર’ નામ સૌથી યોગ્ય માનવામાં આવ્યું હતું. જોકે આવી વિષમ પરિસ્થિતિમાં પણ ભારત એક છે અને અહીં મહિલાઓને કોઈ રીતે ઊતરતી લેખવામાં નથી આવતી ને સમોવડી જ ગણવામાં આવે છે એનું એક જીવતુંજાગતું ઉદાહરણ પણ મોદી સાહેબના ભારતે આપ્યું હતું. લશ્કરી હુમલાના બ્રીફિંગ માટે બે મહિલા લશ્કરી અધિકારી કર્નલ સોફિયા કુરેશી અને હવાઈ દળની વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહ આવ્યાં હતાં. આ બાબતે જ વિશ્વને સંદેશ આપી દીધો હતો કે ભારત એક છે અને અહીં મહિલાઓ પણ સમોવડી છે. આ એક મોટી ઘોષણા હતી કે ભારતીય મહિલાઓ મોરચામાં પણ આગળ હોય છે.

૨૨ એપ્રિલના રોજ પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાના બદલામાં ભારતીય સશસ્ત્ર દળોએ મંગળવારે મોડી રાત્રે પાકિસ્તાન અને પીઓકેમાં નવ આતંકવાદી છાવણીઓ પર મિસાઇલ હુમલા કર્યા હતા જેમાં જૈશ-એ-મોહમ્મદના ગઢ બહાવલપુર અને લશ્કર-એ-તૈયબાના મુરીદકેનો સમાવેશ થાય છે. જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં ૨૬ નાગરિકોના હત્યાકાંડના બે અઠવાડિયા પછી ‘ઓપરેશન સિંદૂર’ હેઠળ આ એરસ્ટ્રાઇક કરવામાં આવી હતી.

### પહલગામમાં નિર્દોષ

અને ભારત આતંકવાદને જડમૂળથી નાબૂદ કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. તેમણે ‘એક્સ’ પર લખ્યું હતું કે ‘‘અમને અમારા સશસ્ત્ર દળો પર ગર્વ છે. ઓપરેશન સિંદૂર એ પહલગામમાં આપણા નિર્દોષ ભાઈઓની ક્રૂર હત્યાના જવાબમાં ભારતની પ્રતિક્રિયા છે.’’

નોંધનીય છે કે ભારતીય સેનાની એરસ્ટ્રાઇક ૨૨ એપ્રિલના રોજ જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાના જવાબમાં હતી, જેમાં ૨૬ લોકો માર્યા ગયા હતા.

### સરકારે આજે

સર્વપક્ષીય નેતાઓની બેઠક બોલાવી છે. સરકારે બુધવારે જણાવ્યું કે ભારતીય સેનાએ પહલગામ હુમલાનો બદલો લેવા માટે અને પાકિસ્તાનમાં આતંકવાદી ઠેકાણાઓને નષ્ટ કરવા માટે એક નિર્ણાયક, બિન-ઉશ્કેરણીજનક, પ્રમાણસર અને જવાબદાર હુમલા કર્યા હતા.

### ભારતીય હુમલાનો

કરવા હાજરી આપી હતી.

ભારતીય સશસ્ત્ર દળોએ બુધવારે વહેલી સવારે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં નવ આતંકવાદી સ્થળો પર મિસાઇલ હુમલા કર્યા હતા.

એનએસસીના એક નિવેદનમાં ચેતવણી આપવામાં આવી છે કે યુએન ચાર્ટરની કલમ-૫૧ અનુસાર, પાકિસ્તાન ભારતીય હુમલામાં નિર્દોષ પાકિસ્તાની લોકોનાં મૃત્યુનો બદલો લેવા માટે ‘‘તેની પસંદગીના સમયે, સ્થળ અને રીતે’’ સ્વ-બચાવમાં જવાબ આપવાનો અધિકાર અનામત રાખે છે. એનએસસીના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ‘‘પાકિસ્તાનના સશસ્ત્ર દળોને આ સંદર્ભમાં અનુરૂપ કાર્યવાહી કરવા માટે યોગ્ય રીતે અધિકૃત કરવામાં આવ્યા છે.’’

શરીફ કેબિનેટની બેઠક યોજશે અને સંસદમાં પોતાના સંબોધન દ્વારા રાષ્ટ્ર સાથે વિગતો શેર કરશે.

એનએસસીની બેઠકમાં આ હુમલાઓને ભારતનું ‘‘બિન-ઉશ્કેરણીજનક’’ અને ‘‘ગેરકાયદેસર યુદ્ધ કૃત્ય’’ ગણાવ્યું હતું અને જણાવ્યું હતું કે એનએસસીએ પાકિસ્તાનની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાના ખુલ્લેઆમ ઉલ્લંઘન તરીકે ‘‘સ્પષ્ટપણે નિંદા’’ કરી હતી.

# દેશભરમાં મૉક ડ્રિલ યોજાઈ

નવી દિલ્હીઃ રાષ્ટ્રવ્યાપી મેગા સિવિલ ડિફેન્સ મૉક ડ્રિલના ભાગરૂપ બુધવારે ‘ઑપરેશન અભ્યાસ’ અંતર્ગત દેશના અનેક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મૉક ડ્રિલ યોજાઈ હતી. મૉક ડ્રિલ દરમિયાન હવાઈહુમલા, મલ્ટીપલ ફાયર ઈમરજન્સી તેમ જ સર્ચ ઍન્ડ રેસ્ક્યૂ ઑપરેશનનાં દૃશ્યો સર્જાયાં હતાં.

ભારતીય સેનાએ પાકિસ્તાન અને પીઓકેમાં આતંકવાદીઓના માલખા અન તાલીમ કેન્દ્રોને નિશાન બનાવી ‘ઑપરેશન સિંદૂર’ સફળતાપૂર્વક પાર પાડ્યાના ગણતરીના કલાકો બાદ દેશના અનેક રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મૉક ડ્રિલ કરવામાં આવી હતી.

દિલ્હીમાં અનેક જગ્યાએ પીસીઆર વૅન, ફાયર એન્જિન તૈયાર રાખવામાં આવ્યા હોવા ઉપરાંત મોટા પ્રમાણમાં સુરક્ષા અધિકારીઓ અને સિવિલ ડિફેન્સ વોલન્ટિયર્સને ગોઠવી દેવામાં આવ્યા હતા. મુંબઈ સહિત પંજાબના ફિરોઝપુર, લુધિયાણા, અમૃતસર, ભટિંડા, ગુરદાસપુર, હોશિયારપુર, પટિયાલા, પઠાણકોટ, બરનાલા અને મોહાલી સહિત ઈમ્ફાલ-ચૂરાચંદપુર, ઓડિશા-ભુવનેશ્વર, ચેન્નઈ, કેરળ, વિશાખાપટનમ, ઝારખંડ, બેંગલૂરુ ખાતે પણ મૉક ડ્રિલ હાથ ધરવામાં આવી હતી. (એજન્સી)■



**તોપમારો અને ગોળીબારઃ** ઉરીમાં એલઓસી નજીક સલામાબાદ ખાતે પાક સેના દ્વારા કરવામાં આવેલા ભારે તોપમારા અને ગોળીબાર બાદ દ્વસ્ત થયેલા ઘરમાંથી નીકળી રહેલા ધુમાડા. (એજન્સી)

# એલઓસી પર પાક દ્વારા તોપમારો

▸ ૧૪નાં મોત, ૧૫૦થી વધુ ઘાયલ ▸ પ્રદેશના તમામ હવાઈમથક ૧૦ મે સુધી રહેશે બંધ ▸ સુરક્ષા દળના જવાનોની રજા રદ

*સુરેશ એસ. ડુગ્ગર*

જમ્મુઃ ઑપરેશન સિંદૂરને કારણે નિર્માણ પામેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પ્રદેશના તમામ હવાઈમથક ૧૦ મે સુધી બંધ રાખવાનો આદેશ આપી દેવામાં આવ્યો છે. કેન્દ્રીય સુરક્ષા દળના જવાનોની રજા પણ રદ કરી દેવામાં આવી છે.

ઑપરેશન સિંદૂરને પગલે પાકિસ્તાનની સેના દ્વારા એલઓસી પર કરવામાં આવેલા તોપમારામાં ઓછામાં ઓછા ૧૪ જણનાં મોત થયાં હોવા ઉપરાંત ૧૫૦ કરતાં પણ વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘાયલોને સારવારાર્થે નજીકની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

એ વિસ્તારના હજારો લોકો ઘર છોડીને નાસી ગયા હોવાના અહેવાલ છે. અમુક લોકો હિંમત કરીને બંકરોમાં સંતાઈ ગયા હતા.

રાજ્યપાલ મનોજ સિંહાએ આંતરરાષ્ટ્રીય સરહદને અડીને આવેલાં ગામડાંઓમાં રહેતા લોકોને સુરક્ષિત સ્થળે ખસેડી લેવાનો આદેશ આપ્યો હતો. પહલગામ આતંકવાદી હુમલાને પગલે ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલી વધી રહી હોવા વચ્ચે હજ કમિટીએ બુધવાર અને ગુરુવારે(સાતમી અને આઠમી મે) હજ જતી બે ફ્લાઈટ સત્તાવાર રીતે રદ કરી દીધી હતી. આ કારણે સેંકડો હજયાત્રીઓએ સહન કરવું પડ્યું છે.

શ્રીનગર હવાઈમથક બંધ રહેવાને કારણે બુધવારની હજ જતી ફ્લાઈટ રદ કરી દેવામાં આવી હોવાના અહેવાલને હજ કમિટીના કાર્યકારી અધિકારી શુજાત અહમદ કુરેશીએ સમર્થન આપ્યું હતું.

આ ફ્લાઈટો આગળ પણ રદ રહેશે કેમ કે ૧૦મી મે સુધી પ્રદેશના તમામ હવાઈમથક પ્રવાસી વિમાનો માટે બંધ રાખવામાં આવ્યાં છે.

આ ઉપરાંત જમ્મુ, શ્રીનગર, લેહ, જોધપુર, અમૃતસર, ભુજ, જામનગર, ચંડીગઢ અને રાજકોટથી આવતીજતી ઍર ઈન્ડિયાની તમામ ફ્લાઈટ ૧૦મી મે સવારે ૫:૨૯ વાગ્યા સુધી રદ કરી દેવામાં આવી છે.

ઍરલાઈન્સે કરેલી જાહેરાત મુજબ રદ કરવામાં આવેલી ફ્લાઈટના પ્રવાસીઓને ફરી નક્કી કરવામાં આવનારી કિંમતે એકવાર પ્રવાસની છૂટ આપવામાં આવશે કે પછી ટિકિટ કેન્સલ કરાવનારને સંપૂર્ણ કેન્સલેશન ચાર્જ આપવામાં આવશે. અધિકારીઓના જણાવ્યાનુસાર ગૃહ પ્રધાન અમિત શાહે બુધવારે અર્ધલશ્કરી દળના પ્રમુખોને રજા પર ગયેલા કર્મચારીઓને ફરજ પર પાછા બોલાવી લેવાનો આદેશ આપ્યો હતો. ■

# ‘ઓપરેશન સિંદૂર’ બાદ વિશ્વભરના દેશો ચિંતિતઃ ભારત-પાકિસ્તાનને સંયમ રાખવા કરી અપીલ

નવી દિલ્હીઃ જમ્મુ કાશ્મીરના પહલગામ આતંકવાદી હુમલાના જવાબમાં મંગળવારે મોડી રાત્રે ભારતીય સશસ્ત્ર દળો દ્વારા શરૂ કરાયેલા ‘ઓપરેશન સિંદૂર’માં પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં નવ આતંકવાદી ઠેકાણાઓ પર થયેલા હુમલાઓ પર વિશ્વ નેતાઓએ ગંભીર પ્રતિક્રિયા આપી છે અને બંને દેશોને સંયમ રાખવાની અપીલ કરી છે.

સંયુક્ત રાષ્ટ્રના વડા એન્ટોનિયો ગુટેરેસ અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સહિત વિશ્વ નેતાઓએ બુધવારે ભારત અને પાકિસ્તાનને સંયમ રાખવા હાકલ કરી હતી અને આશા વ્યક્ત કરી હતી કે દુશ્મનાવટ ‘‘ખૂબ જ ટૂંક સમયમાં’’ સમાપ્ત થઇ જશે. નોંધનીય છે કે ભારતીય સશસ્ત્ર દળોએ મંગળવારે મોડી રાત્રે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે) અને પાકિસ્તાનમાં નવ આતંકવાદી છાવણીઓ પર મિસાઇલ હુમલા કર્યા હતા, જેમાં આતંકવાદી જૂથ જૈશ-એ-મોહમ્મદના ગઢ બહાવલપુરનો પણ સમાવેશ થાય છે.

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવે ભારત અને પાકિસ્તાનને ‘‘મહત્તમ લશ્કરી સંયમ’’ રાખવા હાકલ કરી હતી અને કહ્યું હતું કે વિશ્વ બંને દેશો વચ્ચે લશ્કરી ટકરાવ સહન કરી શકે નહીં. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે તેમને આશા છે કે દુશ્મનાવટ ‘‘ખૂબ જ જલ્દી’’ સમાપ્ત થશે.

ટ્રમ્પે કહ્યું કે ‘‘આ શરમજનક છે. અમે ઓવલ (રાષ્ટ્રપતિ કાર્યાલય) ના દરવાજા તરફ આવી રહ્યા હતા ત્યારે અમને તેના વિશે સાંભળ્યું. મને લાગે છે કે ભૂતકાળના આધારે લોકો જાણતા હતા કે કંઈક થવાનું છે.’’ તેમણે કહ્યું હતું કે, ‘‘તેઓ (ભારત અને પાકિસ્તાન) લાંબા સમયથી લડી રહ્યા છે. જો તમે ખરેખર તેના વિશે વિચારો છો, તો તેઓ દાયકાઓ અને સદીઓથી લડી રહ્યા છે.’’ જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેમનો બંને દેશો માટે કોઈ સંદેશ છે તો તેમણે કહ્યું, ‘‘ના, મને આશા છે કે તે ખૂબ જ જલ્દી સમાપ્ત થઈ જશે.’’ અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ જણાવ્યું હતું કે તેઓ ભારત અને પાકિસ્તાન વચ્ચેની પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છે.

જોકે, ચીને ભારતના આ પગલાને અફસોસજનક ગણાવ્યું હતું. ચીનના વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે ભારત અને પાકિસ્તાન પણ એકબીજાના પાડોશી છે, ચીન તમામ પ્રકારના આતંકવાદનો વિરોધ કરે છે. મંત્રાલયના પ્રવક્તાએ બંને દેશોને શાંત રહેવા, સંયમ રાખવા અને આવી કાર્યવાહીથી બચવાની અપીલ કરી હતી જે સ્થિતિને વધુ જટિલ બનાવી શકે છે.

રશિયાએ પણ પહલગામ આતંકવાદી હુમલાને પગલે ભારત અને પાકિસ્તાન વચ્ચે લશ્કરી ટકરાવમાં વધારો થવા અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. રશિયન વિદેશ મંત્રાલયના પ્રવક્તા મારિયા ઝખારોવાને ટાંકીને રાજ્ય સમાચાર એજન્સીએ કહ્યું હતું કે ‘‘પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે લશ્કરી ટકરાવમાં વધારો થવાથી અમે ખૂબ ચિંતિત છીએ. ‘‘અમે સંબંધિત પક્ષોને પ્રદેશમાં પરિસ્થિતિને વધુ બગડતી અટકાવવા માટે સંયમ રાખવા હાકલ કરીએ છીએ.’’ ઓપરેશન સિંદૂર અંગે નિવેદન આપતા પ્રવક્તાએ કહ્યું કે અમે આશા રાખીએ છીએ કે ભારત અને પાકિસ્તાન વચ્ચેના મતભેદો ૧૯૭૨ના શિમલા કરાર અને ૧૯૯૯ના લાહોર ઘોષણાપત્રની જોગવાઈઓ અનુસાર દ્વિપક્ષીય ધોરણે શાંતિપૂર્ણ, રાજકીય અને રાજદ્વારી માધ્યમો દ્વારા ઉકેલવામાં આવશે.

દરમિયાન, સંયુક્ત આરબ અમીરાતના નાયબ વડા પ્રધાન અને વિદેશ પ્રધાન શેખ અબ્દુલ્લા બિન ઝાયેદ અલ નાહ્યાનના એક નિવેદન અનુસાર, યુએઇએ ભારત અને પાકિસ્તાનને સંયમ રાખવા, તણાવ ઓછો કરવા અને પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય શાંતિ માટે જોખમી બની શકે તેવા તણાવને વધારવાથી બચવાની અપીલ કરી છે. દક્ષિણ એશિયામાં સ્થિરતાને મજબૂત કરવા અને સંવાદ અને સમાધાનને પ્રોત્સાહન આપવા માટેની હાકલ કરી હતી.

બ્રિટને બુધવારે કહ્યું કે તે વાતચીત અને તણાવ ઓછો કરવાની દિશામાં ભારત અને પાકિસ્તાન બંનેને ટેકો આપવા તૈયાર છે. વેપાર અને વાણિજ્ય મંત્રી જોનાથન રેનોલ્ડ્સે જમ્મુ અને કાશ્મીરની પરિસ્થિતિને અત્યંત ચિંતાજનક ગણાવી અને બીબીસીને જણાવ્યું કે વિદેશ મંત્રી ડેવિડ લેમીએ બંને દેશોનો સંપર્ક કર્યો છે.

રેનોલ્ડ્સે કહ્યું હતું કે, ‘‘અમે બંને દેશોના મિત્ર છીએ, ભાગીદાર છીએ. અમે બંને દેશોને ટેકો આપવા તૈયાર છીએ. બંને દેશોની પ્રાદેશિક સ્થિરતા, વાતચીત અને તણાવ ઓછો કરવામાં રસ છે અને અમે તેને ટેકો આપવા માટે જે કંઈ કરી શકીએ તે કરીશું.’’ ■

# ઓપરેશન સિંદૂરમાં વપરાયાં સ્કલ્પ મિસાઈલ અને હેમર બૉમ્બ

નવી દિલ્હીઃ પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાનો બદલો ભારતે લઈ લીધો છે. ભારતીય વાયુસેનાએ બુધવારની સવારે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાનના મુઝફ્ફરાબાદ સહિત આતંકવાદી ગતિવિધિઓનું સંચાલન કરતાં ૨૧ ઠેકાણાઓને નેસ્તનાબૂદ કરી દીધા હતા. આ હુમલામાં મોટી સંખ્યામાં આતંકવાદીઓનો સફાયો થઈ ગયો હતો.

ભારતે આ હુમલાને સ્કલ્પ ક્રૂઝ મિસાઈલ, હેમર બૉમ્બનો ઉપયોગ કર્યો હતો.

સ્કલ્પ એક લોન્ગ રેન્જ ક્રૂઝ મિસાઈલ છે, જેને ભારત સરકારે ફ્રાન્સથી રાફેલ ડીલ હેઠળ ખરીદ્યા છે. આ મિસાઈલની રેન્જ ૫૦૦ કિમી.થી વધુ છે અને વજન ૧,૩૦૦ કિલોગ્રામ જેટલું છે. જમીન ઉપર ઊડતી રડારથી બચીને પણ ટાર્ગેટને ડિસ્ટ્રોય કરે છે. ટાર્ગેટ પર સર્જિકલ પ્રિસિશન સાથે હુમલો કરે છે, જેને કારણે જાનમાલનું નુકસાન ખૂબ જ ઓછું થાય છે.

આ મિસાઈલ અંગેની વધુ વિસ્તારથી માહિતી આપતા એક રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે આ મિસાઈલ ઈન્ફ્રારેડ અને જીપીએસ નેવિગેશન પર કામ કરે છે, જેને કારણે જાનમાલનું નુકસાન ખૂબ જ ઓછું થાય છે. એક મિસાઈલની કિંમત આશરે ૩૦થી ૩૫ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે.

હેમર બૉમ્બ તો ફ્રાન્સમાં જ બનાવવામાં આવ્યા છે. આ બૉમ્બને ફાઈટર ફ્લાઈટથી લોન્ચ કરવામાં આવે છે. જે જીપીએસ, ઈનિશિયલ નેવિગેશન અને લેજર ગાઈડન્સથી નિશાનો સાધે છે. આ વિધ્વંસક બૉમ્બ ૬૦થી ૭૦ કિમી. સુધીની રેન્જમાં એકદમ સચોટ નિશાનો સાધે છે. આ બૉમ્બ અંડરગ્રાઉન્ડ બંકર અને સેફ હાઉસને પણ નષ્ટ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. જેનું વજન ૧૨૫ કિલોગ્રામથી ૧૦૦૦ કિલોગ્રામ સુધી હોય છે. આ બૉમ્બને ચાલતી ગાડીઓ, બંકર અને બિલ્ડિંગ જેવા ટાર્ગેટ નષ્ટ કરી શકાય એ માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. એક બૉમ્બની કિંમત ત્રણથી પાંચ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે.■

# છત્તીસગઢના બિજાપુરમાં સલામતી દળો સાથે થયેલી અથડામણમાં બાવીસ નક્સલવાદી ઠાર

બિજાપુર : તેલંગણાની સરહદે આવેલા છત્તીસગઢના બિજાપુરના જંગલમાં સુરક્ષા દળો સાથે થયેલી અથડામણમાં ૨૨થી વધારે નક્સલવાદી માર્યા ગયા હતા, એવી માહિતી પોલીસના સિનિયર અધિકારીએ આપી હતી.

આ જિલ્લામાં બંડખોરવિરોધી ઓપરેશન ચાલુ છે. તેમણે કહ્યું હતું કે આંતરરાજ્ય સરહદની નજીક કારેગુટ્ટા ટેકરીના જંગલમાં સામસામો ગોળીબાર થયો હતો. ઓપરેશનમાં ૨૨ નક્સલવાદી માર્યા ગયા હતા. પોલીસે માહિતી આપી છે કે બસ્તરમાં સૌથી મોટા ઓપરેશનમાંના એક સંકલ્પમાં ૨૪,૦૦૦ જવાનો ભાગ લઈ રહ્યા છે. આ જવાનો ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ (ડીઆરજી) બસ્તર ફાઈટર્સ, સ્પેશ્યલ ટાસ્ક ફોર્સ (એસટીએફ), રાજ્ય પોલીસના બધા એકમો, સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ) અને તેના ખાસ એકમ કોબરાના હતા.

માઓવાદીની લશ્કરી રચનાના સૌથી મજબૂત બટાલિયનના અને તેલંગણા સ્ટેટ કમિટીના સિનિયર કેડરની હાજરીની બાતમી મળતાં ઓપરેશન ૨૧ એપ્રિલે લોન્ચ કરવામાં આવ્યું છે. (એજન્સી)■




# પાકિસ્તાન પર એરસ્ટ્રાઈક બાદ ૨૦૦ ફ્લાઈટ રદ કરાઈ

નવી દિલ્હી અને મુંબઈ : ભારતના લશ્કરી દળોએ બુધવારે સવારે પાકિસ્તાન પર મિસાઈલ હુમલો કર્યા બાદ મૂકવામાં આવેલા અંકુશોને લીધે ૨૦૦થી વધારે ઉડ્ડયન રદ થયા હતા અને શ્રીનગર સહિત ઓછામાં ઓછા ૧૮ હવાઈમથકના ઓપરેશન હંગામી રીતે બંધ કરવામાં આવ્યા હતા.

એર ઈન્ડિયા, ઈન્ડિગો, સ્પાઈસજેટ, એર ઈન્ડિયા એક્સપ્રેસ, અકસા એર અને થોડી વિદેશી એરલાઈને વિવિધ હવાઈમથકોથી આવાગમનની સેવા બંધ કરી હતી.

સૂત્રોએ માહિતી આપી હતી કે દેશના ઉત્તર અને પશ્ચિમના ભાગના ઓછામાં ઓછા ૧૮ હવાઈમથકો હંગામી રીતે બંધ કરવામાં આવ્યા છે. આ હવાઈમથકોમાં શ્રીનગર, લેહ, જમ્મુ, અમૃતસર, શિમલા, ધર્મશાળા અને જામનગરનો સમાવેશ થાય છે.

સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે વિવિધ હવાઈમથકે આવનારી અને ત્યાંથી પ્રસ્થાન થનારી ૨૦૦થી વધારે ફ્લાઈટ રદ કરવામાં આવી છે. એકલા ઈન્ડિગોએ ૧૬૦ ફ્લાઈટ રદ કરી છે. ■



## ક્લાસિફાઈડ

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૫૮૮૪-બી)

### ૧૨. યાત્રા સહેલગાહ

■ રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટસ્ટેશન પિકઅપડ્રોપ. સમગ્ર ભારતમાં કાર. ડિઝાયર ઈનોવા ક્રિસ્ટા ટેમ્પો ટ્રાવેલર સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ, હોટેલ પેકેજ અને યાત્રા વીમો. અરહામ હોલિડે 9769977466/ 9892534488. (બી-૧૫૯૫૨)

### ૧૭. જગ્યા આપવી છે

**વેચાણ**

૧ અને ૨ બીએચકે, ૮મા માળે, (G+૧૦) બગીચા તરફ, હોટેલ સેવન હેવન પાસે, મુંબઈ આગ્રા રોડ, નયનતારા ગોલ્ડ, નાસિક સંપર્ક: 9371194790. (બી-૧૫૯૫૧)

**બોરીવલી (પૂર્વ) ઑબેરૉયની બાજુમાં**

**સ્ટેશન, હાઈવેથી નજીક, 3 બેડરૂમ, 1050' બાલ્કની, પાર્કીંગ, ગેસ્ટ પાર્કીંગ, (સુંદર સોસાયટી સારો પાડોશ) વેંચાણથી આપવાનો. (3 કરોડ નેગોશિયેબલ) 9820177738. (૧૫૮૮૯-એ)**

**ખાર (વેસ્ટ)**

ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' અને ૬ બેડરૂમની જોડી એરિયા ૨૩૦૦' કારપેટ, ૬ બાથરૂમ, ૨ કીચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ''ઓનર'' - 9820156133. (બી-૧૫૬૨૦)

**(NAPEANSEA ROAD)**

**3 BHK Walkin Flat for Rent Fully Furnished at Dariya Mahal Vegetarians Only Whatsup: 7021831500. (B-15939)**

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવધર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૩૨. જમીન - મિલકત

■ સાપુતારા હટગઢ ખાતે ફાઈનલ NA પ્લોટ ઉપલબ્ધ છે. અલગ 7/12, હમણાં જ ખરીદો. સંપર્ક:- મગરે સર 9421520090. (બી-૧૫૯૪૦)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રીનાથજી જ્યોતિષ**

**(હવેલીવાળા) પતિદુ:ખ, હસ્તરેખા, જન્માક્ષર, ઘરમાં ક્લેશ, લવમેરેજ, પત્ની દુ:ખ, સૌતન દુ:ખ, નિરાશ વ્યક્તિ ખાસ મળો. મલાડ (વેસ્ટ), ફીસ - 500/. 9920991344, 9833390898, 28898500. (૧૫૮૭૭-એ)**

*વર્લ્ડ ફેમસ એસ્ટ્રોલોજર*

ગૃહકલેશ શત્રુબાધા લગ્નમાં રૂકાવટ લવ પ્રોબ્લેમ સ્પેશિયાલિસ્ટ. 9594577543/ 9773255055. માલાડ (વેસ્ટ). (બી-૧૫૯૧૮)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૫૮૩૪-સી)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699. (કાંદિવલી). (૧૫૮૯૬-એ)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


## સંસ્થા સમાચાર

### ગોંડલમાં ડુંગર ગુરુભક્તિ મહોત્સવ પ્રસંગે શનિવારે ધીરગુરુદેવની પધરામણી

### ચતુર્વિધ સંઘના સાંનિધ્યે સોમવારે ગુરુભક્તિ યાત્રા



શ્રી ગોંડલ-નવાગઢ સ્થાનકવાસી જૈન સંઘના ઉપક્રમે નિદ્રા વિજેતા, એકાવતારી, આચાર્યદેવ પૂ. શ્રી ડુંગરસિંહજી સ્વામીની ૨૦૫ મી પુણ્યતિથિ ઉપલક્ષે ૧૨મી મેના સોમવારે ગુરુભક્તિ પૂનમ મહોત્સવનું ભવ્ય આયોજન કરાયું છે. આ પાવન પ્રસંગે પ્રથમવાર પૂ. શ્રી ધીરગુરુદેવ ૧૦મી મેના શનિવારે ગોંડલ પધારવાના છે. સવારે ૭:૩૦ કલાકે અક્ષર મંદિરથી ચતુર્વિધ સંઘની યાત્રા કોલેજ ચોક ખાતે શ્રી કાંતિભાઈ શેઠ ( મહાવીરકુંજ)ના નિવાસેથી ધર્મસભામાં ફેરવાયા બાદ નવકારશી રાખેલ છે. પૂ. જ્યોતિબાઈ મ. સ. , પૂ. સ્મિતાબાઈ મ.સ. , પૂજ્ય મીના - સુનંદાજી મ.સ. , પૂ. તરૂબાઈ મ. સ. પૂ. જ્યોતિબાઈ મ. સ. આદિ સંઘાણીના પૂ.પંથક મુનિ મ. સા., પૂ. ઉષાબાઈ મ. સ. આદિનું મિલન થશે.

રવિવારે સંઘાણીના પૂજ્ય નંદાભાઈ મ. સ. ના ૮૧ આયંબિલ તપની પૂર્ણાહુતિ નિમિત્તે હેવન ઇઝ હિયર વિષય પર પ્રવચન અને ગૌતમ પ્રસાદ રાખેલ છે. તા. ૧૨ ને સોમવારે સવારે ૦૭.૧૫ કલાકે જ્યોત્સનાબેન ગોવિંદભાઈ દેસાઈ પ્રેરિત નવકારશીનું બેનાણી વાડીમાં વાડીમાં આયોજન કરેલ છે . ૮.૧૫ કલાકે ગુરુભક્તિ યાત્રા મુખ્ય માર્ગે થઈ મહેતા ઉપાશ્રયે પૂર્ણ થયા બાદ ૯:૧૫ કલાકે લુહાણા મહાજન વાડીમાં વ્યાખ્યાન યોજાશે. બપોરે ૧૨.૩૦ કલાકે શ્રીમતી મંજુલાબેન રમેશભાઈ ધડુક હસ્તે મોના નિમેશ સાવન ધડુક પરિવાર, દ્રષ્ટિ ફેનીકુમાર વેકરીયા તરફથી ગુરુપ્રસાદનું આયોજન કરાયું છે.

# બોરીવલીમાં બે માર્ગ અકસ્માત: મર્ચન્ટ નેવીના કૅપ્ટન સહિત બેનાં મોત

મુંબઈ: બોરીવલી વિસ્તારમાં બે માર્ગ અકસ્માતમાં મર્ચન્ટ નેવીના કૅપ્ટન સહિત બે જણનાં મૃત્યુ થયાં હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. મૃતકોની ઓળખ રાહુલ તોડણકર અને અક્ષતસિંહ બિષ્ત તરીકે થઇ હતી.

પોલીસના જણાવ્યા અનુસાર પહેલો અકસ્માત બોરીવલીમાં વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે પર બેકરી નજીક થયો હતો. કાંદિવલીમાં રહેતો રાહુલ મર્ચન્ટ નેવીનો કૅપ્ટન હોઇ તે હાલ રજા પર હતો. રાહુલ મંગળવારે બપોરે બાઇક પર પાર્સલ લેવા જઇ રહ્યો હતો ત્યારે ટેન્કરે તેની બાઇકને અડફેટમાં લીધો હતો. અકસ્માતમાં ગંભીર ઇજાને કારણે તેનું મૃત્યુ થયું હતું. પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને ટેન્કરચાલકની ધરપકડ કરી હતી. દરમિયાન અકસ્માતની બીજી ઘટનામાં અક્ષતસિંહ બિષ્તનું મૃત્યુ થયું હતું.

મીરા રોડમાં રહેનારો અક્ષતસિંહ બિષ્ત ગયા સપ્તાહે ટેટૂ પાર્લરમાં મેનેજર તરીકે કામે લાગ્યો. તે બાઇક પર ઘરે પાછો આવી રહ્યો હતો ત્યારે અજ્ઞાત વાહને તેને ટક્કર મારતાં તેનું મૃત્યુ થયું હતું.

# 'શાદી કે ડિરેક્ટર કરણ ઔર જોહર'ની રિલીઝ પરનો સ્ટે યથાવત્ રાખતી હાઇ કોર્ટ

મુંબઈ: 'શાદી કે ડિરેક્ટર કરણ ઔર જોહર' અથવા 'શાદી કે ડિરેક્ટર કરણ જોહર' શીર્ષક હેઠળની ફિલ્મની રિલીઝ પરનો સ્ટે બૉમ્બે હાઇ કોર્ટે બુધવારે યથાવત્ રાખતા કહ્યું હતું કે ફિલ્મના શીર્ષક દ્વારા ફિલ્મ નિર્માતા કરણ જોહરના વ્યક્તિ અને પ્રચાર અધિકારોનું ઉલ્લંઘન કરે છે.

કરણ જોહર ભારત અને વૈશ્વિક સ્તરે ફિલ્મ ઉદ્યોગમાં પ્રતિષ્ઠિત નામ છે અને ઘણા જાણીતા છે, એમ જણાવતા કોર્ટે ફિલ્મના નિર્માતા સંજય સિંહની અરજીને ફગાવી દીધી હતી. ફિલ્મની રિલીઝ પર હાઇ કોર્ટની સિંગલ બેન્ચે માર્ચમાં સ્ટે મૂક્યો હતો જેને સંજય સિંહે પડકારી હતી. ફિલ્મ અને તેના શીર્ષકને ફિલ્મ નિર્માતા કરણ જોહરે પડકાર્યું હતું. (પીટીઆઇ)

# ડૉક્ટરની ધરપકડમાં પ્રોટોકોલનો ભંગ: સિનિયર પીઆઇ રવિન્દ્ર કાટકર સસ્પેન્ડ

મુંબઈ: વરલી પોલીસ સ્ટેશનના સિનિયર પોલીસ ઇન્સ્પેક્ટર (પીઆઇ) રવિન્દ્ર કાટકરને સસ્પેન્ડ કરી દેવાયા છે. તેમના પર વિલે પાર્લાની એક હોસ્પિટલના ડો. અતુલ વાનખેડેની ધરપકડમાં પ્રોટોકોલનું ઉલ્લંઘન કરવાનો આરોપ છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યાનુસાર કાટકર સામે વિભાગીય તપાસ કરાવવામાં આવી હતી અને તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ડોક્ટર સામે લગાવવામાં આવેલા આરોપો જામીનપાત્ર હતા અને તાત્કાલિક ધરપકડ કરવાની જરૂર પણ નહોતી. ડોક્ટરની ધરપકડ ૨૬મી એપ્રિલે કરાઇ હતી. તેની જુહુના તેમના નિવાસસ્થાનેથી ધરપકડ કરાઇ હતી.

# ૮૨ વર્ષના વૃદ્ધનું છિનવી લેવાયેલું ખેતર કોર્ટે પાછું અપાવ્યું

મુંબઈ: પુણે જિલ્લાના હવેલી તાલુકામાં ખેતીવાડી કરતા ૮૨ વર્ષના કૃષિપ્રેમી વડીલની જમીન છીનવી લેવામાં આવી હતી એ અંગેના મહારાષ્ટ્ર રેવન્યૂ ટ્રિબ્યુનલના ૧૯૭૫ના બે આદેશને બોમ્બે હાઈકોર્ટે સોમવારે રદબાતલ ઠેરવ્યા હતા જૈફ ઉંમરના થાકુ જગદાળે વધતી ઉંમરને કારણે ખેતીવાડી કરી નહોતા શકતા એટલે તેમની જમીન લઈ લેવામાં આવી હતી. જોકે, અદાલતના કહેવા અનુસાર એ વાજબી કારણ નહોતું. આદેશ રદ કરી અદાલતે જમીનની માલિકી જગદાળેને પરત કરી દીધી હતી.

જૈફ થાકુના પુત્ર વિઠ્ઠલ જગદાળે દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર અદાલત સુનાવણી કરી રહી હતી. વિઠ્ઠલે ૨૦૦૮માં જમીનનો ૭/૧૨નો ઉતારો મેળવ્યો ત્યારે તેને ખ્યાલ આવ્યો કે રેવન્યૂ રેકોર્ડમાં તેના પિતાનું નામ દેખાતું નથી. વધુ તપાસ કરતાં જાણવા મળ્યું કે તેમના પિતા વિરુદ્ધ મહારાષ્ટ્ર ભાડૂઆત અને કૃષિ જમીન અધિનિયમ હેઠળ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી અને ૨૧ ફેબ્રુઆરી, ૧૯૭૫ અને ૨૯ એપ્રિલ, ૧૯૭૫ના રોજ બે આદેશ દ્વારા તેમની જમીનમાંથી છીનવી લેવામાં આવી હતી.

# સાયબર પોલીસના કોન્સ્ટેબલો જ મોબાઈલ ડેટા ચોરીને રીઢા આરોપીને વેચતા હતા

થાણે: સાયબર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા બે કોન્સ્ટેબલે જ નાગરિકોના અતિમહત્ત્વના કૉલ ડિટેઈલ રેકોર્ડ્સ (સીડીઆર) સહિતના મોબાઈલ ડેટા ચોરીને રેકોર્ડ પરના રીઢા આરોપીને વેચ્યા હોવાનું સામે આવ્યું હતું. ગુપ્તચર ખાતાના અહેવાલ બાદ બન્ને કોન્સ્ટેબલને પોલીસની નોકરીમાંથી બરતરફ કરી તેમની ધરપકડ કરવામાં આવી હતી.પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ બન્ને કોન્સ્ટેબલની ઓળખ આકાશ સોપાન સુર્વે (૩૬) અને હર્ષદ લક્ષ્મણ પરબ (૩૧) તરીકે થઈ હતી. થાણેના સાયબર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા બન્ને કોન્સ્ટેબલ ગેરકાયદે પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હોવાનું ગુપ્તચર વિભાગના અહેવાલમાં જણાયું હતું. બન્ને કોન્સ્ટેબલ મોબાઈલ વપરાશકારોના સીડીઆર, સબસ્ક્રાઈબર ડિટેઈલ રેકોર્ડ્સ (એસડીઆર) અને લૉકેશન ડેટા પ્રાપ્ત કરીને રીઢા આરોપી મોહમ્મદ સોહેલ મોહમ્મદ શબ્બીર રાજપૂત (૨૮)ને વેચતા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું. કોન્સ્ટેબલો દ્વારા આચરાતી આ ગેરકાયદે પ્રવૃત્તિની ગંભીર નોંધ લઈ થાણેના પોલીસ કમિશનર આશુતોષ ડુંબરેએ કડક પગલાં લેવાનો આદેશ આપ્યો હતો. સુર્વે અને પરબને ત્રીજી મેથી નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યા હતા.

# હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ ખરસાડ, હાલ મુંબઈના રહેવાસી ભારતીબેન ગોવિંદભાઈ પટેલ જે તા. ૪-૫-૨૦૨૫ના રોજ અવસાન પામ્યા છે. તેમનું બેસણું ગુરુવાર, તા. ૮-૫-૨૦૨૫ના રોજ બપોરે ૩ થી ૫ વાગ્યે તથા તેમનું બારમું - પુચ્છપાણી ગુરુવાર, તા. ૧૫-૫-૨૦૨૫ના બપોરે ૨ થી ૪માં તેમના નિવાસસ્થાન ખાતે રાખવામાં આવેલ છે. ડે. પી. વનમાળી બિલ્ડીંગ, ૩જો માળ, ૧૦/૧૨, ખેતવાડી ૧૦મી ગલ્લી, સુલભ શૌચાલયની સામે, મુંબઈ-૪.

**સુરતી વિશા લાડ વણિક**

જયશ્રીબેન (ઉં. વ. ૭૮) તે સ્વ. નંદકિશોર જગમોહનલાલ દલાલના પત્ની. દક્ષા, આશા, સુશીલ, સ્વ. અશોક, સર્યુ, રંજન તથા સરોજના ભાભી. સ્વ. દેવયાનીબેન તથા ઈલાના દેરાણી-જેઠાણી. સ્વ. કિરણ, સંજય, યતીનના બહેન. વંદના અને દક્ષાના નણંદ, કવિતા, કુનાલ, જસ્મીન, પાયલના ફઈબા તા. ૬-૫-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. વિઠ્ઠલદાસ નગર, સાંતાક્રુઝ (પ). લૌકિક વ્યવહાર બંધ છે.

**સુરતી વિશા લાડ વણિક**

કિશોરભાઈ ચીમનલાલ દલાલ (ઉં. વ. ૮૪) તે સ્વ. અંજનીબેનના પતિ. સોનાલી અને મમતાના પિતાશ્રી. જયના સસરા. સાહિલના નાના. તે સ્વ. ચીમનલાલ પ્રાણજીવનદાસ દલાલ અને કળાવતીબેનના સુપુત્ર. તે સ્વ. નટવરલાલ, સ્વ. ચંદ્રવનદનભાઈ, સ્વ. સુરેશભાઈ, દીલીપભાઈ, સ્વ. સુશીલાબેન, સ્વ. ઉષાબેન, સ્વ. અંજનાબેનના ભાઈ ૬-૫-૨૫ના મંગળવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૦-૫-૨૫ને શનિવારે સાંજે ૫ થી ૭. વાય. બી. ચવ્હાણ ઓડિટોરિયમ, મંત્રાલય, મુંબઈ.

**પરજિયા સોની**

લોઢવાવાળા હાલ દહિસર, સ્વ. ભાસ્કરભાઈ રાઠોડ તે છગનલાલ કેશવજીભાઈ રાઠોડના પુત્ર. તે કુંદનબેનના પતિ (ઉં.વ. ૬૮) તા. ૬-૫-૨૫ના શ્રીરામ ચરણ પામ્યા છે. જયંતીભાઈ, ચીમનભાઈ, અરુણભાઈ, તારાબેન, જ્યોતિબેનના ભાઈ. હેતલ ધવલકુમાર જગડા તથા જેસલ મિલનકુમાર ગોહીલ, અંકિતા આકાશકુમાર ઢાકા, ભાવિકા, કૌશલના પિતા. હર્ષ, નેહા, ઈશિકાના નાના. પ્રાર્થનાસભા તા. ૮-૫-૨૫ના સોનીવાડી, શિંપોલી, બોરીવલી. ૫થી ૬

**કપોળ**

રાજુલાવાળા હાલ પાર્લા સ્વ. વ્રજલાલ જીવરાજ મહેતાના પુત્ર સ્વ. રમણિકભાઈ (ઉં.વ.૯૧) તે સ્વ. મુક્તાબેનના પતિ. હર્ષા, ભૂપેન્દ્ર, શૈલેશ, નરેશના પિતા. સ્વ. અનંતરાય, સ્વ. નગીનભાઈ, સ્વ. ધરમદાસભાઈ, સ્વ. યોગેશભાઈ, સ્વ. મંજુબેન, ગુલાબબેનના ભાઈ. શૈલેશકુમાર, સોનલ, સપની, સુજાતાના સસરા. ડેડાણવાળા સ્વ. જયંતીલાલ કેશવજી વોરાના જમાઈ ગ તા. ૫-૫-૨૫, સોમવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. સર્વે લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

જેતપુર નિવાસી હાલ કાંદિવલી, સ્વ. ધનજીભાઈ મુળજીભાઈ પડિયાના પુત્ર કિરીટભાઈ (ઉં.વ. ૬૪) તે વર્ષાબેનના પતિ. ગૌરવ તથા યશના પિતા. ભરતભાઈ, ગીરીશભાઈ, દક્ષાબેન, હસમુખલાલ બોસમીયાના ભાઈ. મનસુખલાલ ચુનીલાલ જગડના જમાઈ. ૭/૫/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૮/૫/૨૫ના ૫ થી ૭. લોહાણા બાળાશ્રમ, મથુરાદાસ એક્ષ્ટેનશન રોડ, અતુલ ટાવર પાસે, કાંદિવલી વેસ્ટ.

**હાલાઇ લોહાણા**

જામ સલાયા વિરપરિયાવાળા હાલ બોરીવલી, વૃજલાલ કરસનદાસ કાનાણી (ઉં.વ. ૮૬) તે પુષ્પાબેનના પતિ. સ્વ. વલ્લભભાઈ, સ્વ. જમનભાઈ, સ્વ. મુળજીભાઈ, સ્વ. રણછોડભાઈ, વૃન્દાવનભાઈના ભાઈ. જયેશ-જસ્મીન, હિના દિલીપભાઈ ચોલેરા, કાજલ ભરત પોપટ, નયના નીતિનભાઈ ચંદ્રાણાના પિતાશ્રી. સ્વ. લાલજી જમનાદાસ બદીયાણીના જમાઈ. હરેશભાઇ તથા રાજેશના બનેવી. ૬/૫/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક

# પારસી મરણ

દોલી ગોદરેજ પેસ્તનજી તે ગોદરેજના ધન્યાની. તે મરહુમો રતામાય નરીમાન હંસોતીયાના દીકરી. તે ફેરંગીઝ, રુખશાના ને દીલશાદના માતાજી. તે નેવીલ ને રીકીના સાસુજી. તે બેપસી, રુમી ને મરહુમ ફ્રેનીના બહેન. તે આરવાન, તનાયા, અનાયાના મમઈજી. (ઉં. વ. ૮૧) રે. ઠે.: ડી-૨/૬૪ ભરૂચા બાગ, અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયા: તા. ૮-૫-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે સાલસેથ અગિયારીમાં છેજી.

ફ્રેની એદી પાલીયા તે એદીના ધન્યાની. તે ફરાહ ને ફેરીઅલના માતાજી. તે ફીલીપના સાસુજી. તે ધનજીભાઈ, બેહરામ, જહાંગીર, રોકસેન ને મેહેરના બહેન. તે શારલીન ડ્રાઈવર, સાઈરસ અરદેશીર, ઝુબીન અરદેશીર, ઝીયા સ્તીદ, શનાયા અરદેશીર, રીહયા અરદેશીર, અનદર દેસાઈ, નીલ દેસાઈ, ક્રીશતીન એલીઝાબેત બકના કાકી. (ઉં. વ. ૭૪) રે. ઠે.: ઈ-૨, પેલેસીમો, સીલવર ઓક એસ્ટેટ, ભુલાભાઈ દેસાઈ રોડ, બેનઝર દુકાનની બાજુમાં, કમબાલા હિલ, મુંબઈ-૪૦૦૦૨૬.

# જૈન મરણ

**વેરાવળ જૈન**

વેરાવળ હાલ કાંદિવલી, સુભાષ કાંતિલાલ શાહ (ઉં. વ. ૮૧) તા. ૬-૫-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. કાંતાબેન કાંતિલાલ શાહના પુત્ર. સ્વ. વાસંતીબેનના પતિ. આશિષના પિતા. રાગિણીના સસરા. શેવંતીભાઈ, હર્ષવદનભાઈ અને સ્વ. રમેશભાઈ, તે કમલેશબેન (બીના), ચંદ્રાબેન અને જયશ્રીબેનના ભાઈ. તેઓ માંગરોળ નિવાસી વિનયચંદ્ર છોટાલાલ શેઠના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગુંદાલાના નાનજી વેલજી સતરા (ઉં. વ. ૮૫) તા. ૬-૫-૨૫ના અવસાન પામેલ છે. પ્રતીભા (અનિતા)ના પતિ. જ્યોતિ (જેસીકા), લીના, હેમાંગના પિતા. રતિલાલ, વસંત, અમૃતલાલ, પ્રવીણ, કાંડાગરાના રૂક્ષ્મણી મણીલાલ પ્રેમજી, વડાલાના ભાનુમતી મણીલાલ ખીમજીના ભાઈ. કારાઘોઘાના લક્ષ્મીબેન નરસીદાસ સાવલાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. નાનજી સતરા, સી-૩૨ ભાવેશ્વર દીપ, રોડ નં. ૨૧, ચેમ્બુર, મુંબઈ-૭૧.

**વેરાવળ વિશા ઓશવાળ જૈન**

વેરાવળ નિવાસી હાલ મુંબઈ, સ્વ. વનિતા હરીલાલ મુલચંદ શાહના પુત્રવધુ શ્રી મુકેશભાઈના ધર્મપત્ની શ્રીમતી હંસાબેન શાહ (ઉં.વ. ૭૪) તા. ૬-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. વિમલાબેન હરકિશનદાસ મોતીલાલ શાહના સુપુત્રી. તે કૃપાલી ઉષાંગભાઈ ઝવેરી, ચૈતાલીબેન નિકુંજભાઈ પટેલના માતુશ્રી. નિરંજના ભૂપેનભાઈ, દિનેશભાઈ અને વસુમતીબેન સતીષભાઈ કાપડિયાના ભાભી. સિદ્ધ અને રાઈશાના નાની. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવડી દશાશ્રીમાળી જૈન**

લિંબડી નિવાસી પાના ઉત્તમવાળા હાલ અંધેરી પશ્ચિમ, રમેશચંદ્ર અમૃતલાલ શાહ (ઉં.વ. ૮૩) તા. ૬-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે પ્રેમીલાબેનના પતિ. જાગૃતિ, શ્રદ્ધા, જુહી, સાગરના પિતાશ્રી. સ્વ. રેખાબેન નવીનચંદ્ર, શ્રીમતી નિરુપમાબેન અશ્વિનભાઈ, રમાબેન અમૃતલાલ, હરેશભાઈ અમૃતલાલ, શ્રીમતી કલ્પનાબેન અરુણભાઈના મોટાભાઈ. કેતનભાઈ, નિહારભાઈ, પ્રિયંકાબેનના સસરા. સ્વ. મંગળજી વર્ધમાન કોઠારીના જમાઈ.

વ્યવહાર બંધ રાખેલ છે.

**પાંચગામ વિશા ઝારોળા વણિક**

મુળવતન મહેસાણા હાલ બોરીવલી, લલિતભાઈ કોઠારી (ઉં.વ. ૭૫) તે સ્વ. ચીમનલાલ અને સ્વ. કમળાબેન કોઠારીના પુત્ર. કરૂણાબેનના પતિ. નીતિ તથા સેતુના પિતા. સમીરકુમાર તથા શ્વેતાના સસરા. જક્ષના દાદા. મોક્ષના નાના. ૬/૫/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૯/૫/૨૫ના ૫ થી ૭. ક્લબ હાઉસ, રાધા બિલ્ડીંગ, સિદ્ધાર્થનગર પાસે, ઠાકુર વિલેજ, બોરીવલી ઈસ્ટ.

**હાલાઇ લોહાણા**

ગં. સ્વ. ભારતીબેન (બેનાબેન) પ્રભુદાસ કારિયા (ઉં.વ. ૮૦) તે સ્વ. જયાબેન વૃજલાલ કરસનદાસ કરિયાના પુત્રવધૂ. અનિતા મજીઠીયા, સ્વ. અલ્પા પોપટ, કલ્પેશ, ભાવના ઠક્કરના માતુશ્રી. પારૂલબેન, સ્વ. જયંતભાઈ, દિનેશકુમાર, નીરેન્દ્રકુમારના સાસુ. સ્વ. રંભાબેન ભીમજીભાઈ જેઠાભાઈ દત્તાના દીકરી. સ્વ. કંચનબેન પોપટ, મનસુખભાઇ, સ્વ. હિનાબેન રાજાણી, સ્વ. રંજનબેન ગણાત્રા, મધુબેન ગણાત્રા, રિટા મહેતાના ભાભી. ૭/૫/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ભાર્ગવ બ્રાહ્મણ**

ભરૂચ નિવાસી હાલ કાંદિવલી, યોગીનચંદ્ર કૃષ્ણલાલ ગજાબ (ઉં.વ. ૯૦) તે તરલીકાબેનના પતિ. હેમાંગભાઈ, જીમીભાઈના પિતાશ્રી. આરતીબેન, અંકિતાબેનના સસરા. કુણાલ, દર્શીની, દ્વિતી, આસ્થાના દાદાજી. ૬/૫/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. બેસણું તા. ૮/૫/૨૫ના ગુરુવાર ૫ થી ૭. પોડિયમ ૨ (પીએ) એ વિંગ, પ્રેમ ભાવના × પોઇન્ટ, શતાબ્દી હોસ્પિટલની બાજુમાં, કાંદિવલી વેસ્ટ.

**કચ્છી પરજીયા પટણી સોની જ્ઞાતિ**

કચ્છના માંડવી ગામ નાનીખાખર હાલ ઘાટકોપર, ગં.સ્વ. શાંતીબેન ધકાણ તા. ૫/૫/૨૫ના રામશરણ પામ્યા છે. તે સ્વ. જમનાદાસભાઈ ધકાણના ધર્મપત્ની. સ્વ. પુરબાઈ પુરુષોત્તમ ધકાણના પુત્રવધૂ. સ્વ. સાકરબેન જેઠાલાલ સુસણીયાની સુપુત્રી. ઇશ્વરભાઇ, કિર્તીભાઈ ,પલ્લવીબેન અને મંજુલાબેનના માતુશ્રી. ભાવનાબેન, હર્ષિકાબેન, પરેશભાઈ ભગવાનજી જખીયા અને ભરતભાઈ મૂળજી થલેશ્વરના સાસુ. હરિરામ, લક્ષ્મીદાસ, સ્વ. ચંચલબેન પ્રાગજીભાઈ, સ્વ. રાધાબેન મોહનલાલ, ગં.સ્વ. કમળાબેન શામજીભાઈના ભાભી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

સાવરકુંડલાવાળા હાલ તિલકનગર, સ્વ. ચંદ્રભાગા ઓધવજી મેહતાના પુત્રવધૂ અ.સૌ. જસવંતી મેહતા (ઉં.વ. ૮૮) તે તુલસીદાસ મહેતાના ધર્મપત્ની. સ્વ. વિનોદરાય, મધુકાંત, સ્વ. બળવંતરાયના ભાભી. પ્રકાશ- તૃપ્તિ , હિતેશ - જ્યોતિ, શીલા - સંજય, આશા - રવિન્દ્ર, અલકા - વિનયના માતુશ્રી. ટીંબીવાળા સ્વ. મગનલાલ માંડલદાસ કીકાણીની પુત્રી. અમીષ - ખ્યાતિ, અમી - ચિત્રાંગ અને બંસરી - દર્શનના દાદી, તા. ૫-૫-૨૫ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૮-૫-૨૫ના ગુરુવાર ૫ થી ૭, ઉતોપિઆ બેન્કેટ્સ, યુનિવર્સલ સ્કૂલની બાજુમાં , સહકાર ટૉકીઝની સામે, તિલક નગર, ચેમ્બુર, મુંબઈ - ૮૯.

છેલ્લા પાનાનું ચાલુ

## ૩ મિનિટ

ડ્રિલના એક ભાગરૂપે તેમના ક્વૉટર્સની બહાર આવી જવા કહેવામાં આવ્યું હતું. તાકીદની સ્થિતિમાં કેવી રીતે વર્તવું અને શું કરવું એ અંગે તેમને તાલીમ અપાઇ રહી હતી', એમ એક અધિકારીએ બુધવારે જણાવ્યું હતું.

ડ્રિલમાં બીએઆરસીના અધિકારી, પોલીસ અને વિવિધ સલામતી એજન્સીના કર્મચારીઓ જોડાયા હતા. મુંબઈમાં બે જગ્યાએ બ્લેકઆઉટ યોજવામાં આવ્યો હતો.

સાયરન વગાડીને મૉક ડ્રિલની શરૂઆત કરવામાં આવી હતી. ઇમારત પર બોમ્બ મુકાયાના સંકેત આપવામાં આવ્યા હતા, ત્યાર બાદ ત્રણ વિસ્ફોટ થયા હતા અને તેને કારણે આગ લાગી હોવાનું દર્શાવાયું હતું. ઘટનાસ્થળે હાજર સ્વયંસેવકોએ નજીકની સુરક્ષિત જગ્યામાં આશરો મેળવ્યો હતો અને સંરક્ષણ દળ તરફથી સંકેત ન આપવામાં આવે ત્યાં સુધી તેઓને ત્યાં જ રહેવાનું કહેવામાં આવ્યું હતું. નાગરી સંરક્ષણના સ્વયંસેવકોએ સાયરનનો અવાજ સાંભળતા જ ઘટનાસ્થળે પહોંચીને તાત્કાલિક બચાવ કાર્ય શરૂ કર્યું હતું.

જાસૂસો સહિત ઈન્સિડન્ટ કન્ટ્રોલ ઓફિસર (આઇસીઓ) પરિસ્થિતિની સમીક્ષા કરવા ઘટનાસ્થળે પહોંચ્યા હતા. હવાઇ હુમલામાં કોઇ રેડિએશનનો ઉપયોગ કરાયો તો નથી એ જાણવા અથવા અન્ય પુરાવા ભેગા કરવા માટે તેમની ટીમ કાર્યરત હતી. ઘટનાસ્થળને તાત્કાલિક ઘેરી લેવામાં આવ્યો હતો અને બચાવ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું.

તેની સાથે જ અગ્નિશમન દળ પણ તેમાં જોડાયું હતું અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. ઘાયલોને સ્ટ્રેચર પર લઇને ઝડપથી બૉમ્બે હોસ્પિટલ અને નાયર હૉસ્પિટલ લઇ જતા દર્શાવવામાં આવ્યા હતા.

નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ) પણ ઘટનાસ્થળે પહોંચી હતી. તેની સાથે તેની સ્પેશિયલ ટીમ હતી જે સીબીઆરએન (કેમિકલ, બાયોલોજિકલ, રેડિઓલોજિકલ અને ન્યૂક્લિઅર)ના જોખમનો સામનો કરવા સક્ષમ હોય છે.

એક દૃશ્ય એવું પણ ઊભું કરવામાં આવ્યું હતું કે એક વ્યક્તિ ઇમારતની ઉપર ફસાઇ ગઇ હતી જેને નાગરી સંરક્ષણના હેબિટેટની આગા ખાન એજન્સી અને અગ્નિશમન દળ દ્વારા બચાવવામાં આવી હતી.

ભારે હોવા છતાં સંરક્ષણ દળ, હોમ ગાર્ડ, એનસીસી અને એનએસએસના સ્વયંસેવકોએ પોતાની ફરજ યોગ્ય રીતે નિભાવી હતી.

નાગરી સંરક્ષણ દળના ડિરેક્ટર પ્રભાત કુમારે જણાવ્યું હતું કે 'ઑપરેશન અભ્યાસ' હેઠળ આ મૉક ડ્રિલ યોજવામાં આવી હતી જેમાં જિલ્લા વહીવટીતંત્ર, પાલિકા, અગ્નિશમનદળ, એનડીઆરએફ, હોમ ગાર્ડ્સ, એનસીસી, એનએસએસ અને અર્ધલશ્કરી દળે ભાગ લીધો હતો. ડ્રિલમાં હુમલા વખતની પરિસ્થિતિ, બચાવ કાર્ય વગેરેનો અભ્યાસ કરાયો હતો.

મુંબઈના ક્રોસ મેદાન સિવાય કલ્યાણની નૂતન હાઇ સ્કૂલમાં, નાશિકના ગંગાપુર રોડ પર, પુણેના કાઉન્સિલ હોલ, ઉરણના પંચાયત ઓફિસમાં, સિંધુદુર્ગ અને રત્નાગિરીના તહેસિલ ઓફિસમાં અને તારાપુરમાં આ પ્રકારની મૉક ડ્રિલ યોજવામાં આવી હતી.

## શિંદે, અજિત

મુખ્ય પ્રધાને કહ્યું હતું. પવારે કહ્યું હતું કે, 'સીમાપાર લશ્કરી કાર્યવાહી માટે નિર્ણાયક રાજકીય ઇચ્છાશક્તિ મહત્ત્વપૂર્ણ છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સતત આવો સંકલ્પ દર્શાવ્યો છે.' તેમણે સશસ્ત્ર દળોની પાછળ મજબૂત રીતે ઉભા રહેવા બદલ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહને પણ અભિનંદન આપ્યા.

## રેલવેમાં પણ

હતું કે આ મૉક ડ્રિલમાં આઠ પોલીસ અધિકારી અને ૪૫ કોન્સ્ટેબલે ભાગ લીધો હતો. પ્લેટફોર્મ નં. બેથી ૧૦ પર આ ડ્રિલ યોજાઇ હતી. વસઇ રેલવે સ્ટેશન પર રૂટ માર્ચ પણ યોજવામાં આવી હતી.

સુરક્ષા દળો દ્વારા સ્ટેશનના ખૂણેખૂણાની તપાસ કરવામાં આવી હતી. મુસાફરો અને ટ્રેનનું સ્કેનિંગ કરવામાં આવ્યું. બાવીસ સ્નિફર ડોગની મદદ લેવાઇ હતી.

## શરદ પવારે

સાવધાનીપૂર્વક પગલાં લેવા જરૂરી હતા. આ બધા હુમલાઓ પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આતંકવાદી છાવણીઓ પર થયા છે,' પવારે ઉમેર્યું હતું કે આ છાવણીઓમાં દારૂગોળો અને શસ્ત્રોનો સંગ્રહ પણ હતો.

'આ હવાઈ હુમલાઓ પછી, દુનિયામાં એક સંદેશ મોકલવામાં આવ્યો છે કે ભારત આક્રમક છે,' એમ તેમણે કહ્યું હતું. પાકિસ્તાન પર આર્થિક દબાણ વધારવા માટે સિંધુ જળ સંધિને સ્થગિત કરવા જેવા તાજેતરના નિર્ણયોનો બચાવ કરતા, પવારે કહ્યું હતું કે, 'પહલગામ જેવા કાયર હુમલા પછી કોઈ પણ દેશ મૂક દર્શક બનીને રહી શકે નહીં. વડા પ્રધાન અને સશસ્ત્ર દળો દ્વારા લેવામાં આવેલા પગલાં વાજબી અને યોગ્ય છે.'

તેમણે એમ પણ કહ્યું હતું કે, 'ઓપરેશન સિંદૂર' એક યોગ્ય નામ હતું, કારણ કે પહલગામ હુમલામાં ઘણી મહિલાઓએ પોતાના પતિ ગુમાવ્યા હતા. 'ભારત આટલા બધા લોકોના જીવ ગુમાવવાની અવગણના કરી શકે નહીં. આતંકવાદી સંગઠનોને સંદેશ આપવા માટે એક મજબૂત પગલું આવશ્યક હતો કે આવા કૃત્યો જવાબ વગર રહેશે નહીં. ભારત એવી રીતે હુમલો કરશે કે નાગરિકોને નુકસાન પહોંચાડ્યા વિના આતંકવાદીઓને તટસ્થ કરે,' એમ તેમણે કહ્યું હતું. તેમણે એ પણ નોંધ્યું હતું કે, પહલગામ હુમલા પછી દેશના કેટલાક લોકો કાશ્મીરી લોકો પર શંકા રાખતા હતા, પરંતુ કાશ્મીરીઓ પોતે દેશને ટેકો આપવા ઉભા થયા હતા અને આતંકવાદી હુમલાની કડક નિંદા કરી હતી. અગાઉ એક્સ પવારે કહ્યું હતું કે ભારતીય સશસ્ત્ર દળોએ પહલગામ આતંકવાદી હુમલાનો 'યોગ્ય જવાબ' આપ્યો છે.

'દેશને આપણા સશસ્ત્ર દળો પર ગર્વ છે,' એમ તેમણે ઉમેર્યું હતું. પત્રકારો સાથે વાત કરતા, પવારે એમ પણ કહ્યું કે હવે કેન્દ્રીય નેતૃત્વ અને તમામ રાજકીય પક્ષોની જવાબદારી છે કે તેઓ ભારતીય વાયુસેના સાથે મજબૂત રીતે ઉભા રહે. આંતરરાષ્ટ્રીય પ્રતિભાવ વિશે પૂછવામાં આવતા, તેમણે નોંધ્યું હતું કે અમેરિકા, જાપાન અને અન્ય મુખ્ય વૈશ્વિક શક્તિઓ જેવા દેશોએ ભારતને પોતાનો ટેકો આપ્યો છે. 'એકમાત્ર ચિંતા ચીનની છે, જેણે અલગ વલણ અપનાવ્યું છે, પરંતુ ભારતને તેની સાર્વભૌમત્વનું રક્ષણ કરવાનો સંપૂર્ણ અધિકાર છે,' એમ તેમણે કહ્યું હતું. પાકિસ્તાનની વળતી હડતાળની ચેતવણી પર, પવારે અટકળો કરવાનું ટાળ્યું હતું. 'આવા મુદ્દાઓ પર ટિપ્પણી કરવી યોગ્ય નથી, પરંતુ ભારતે સતર્ક રહેવું જોઈએ. પાકિસ્તાન તેની શક્તિની મર્યાદા જાણે છે, અને તે ભારતની શક્તિને પણ જાણે છે,' એમ તેમણે કહ્યું હતું.

## 'ઑપરેશન સિંદૂર

એનાથી ખૂબ આનંદ થયો છે. ભારત આતંકવાદી હુમલાનો બદલો ક્યારે લેશે એની અમે બધા રાહ જોઈ રહ્યા હતા. ઓપરેશન સિંદૂર સાથે ભારતીય સશસ્ત્ર દળોએ કાયરતાપૂર્ણ હુમલાનો જડબાતોડ જવાબ આપ્યો છે.' (પીટીઆઈ)

## મારા પિતાને

જવાબ છે. જેઓએ પહલગામ હુમલામાં જીવ ગુમાવ્યા તેઓને આ ખરી શ્રદ્ધાંજલિ છે.

આંતકવાદીઓએ ફક્ત લોકો પર હુમલો નહોતો કર્યો, પરંતુ ભારતની આત્મા પર હુમલો કરેલો. ભારતે તેમની જગ્યા દેખાડી દીધી છે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

## 'ઑપરેશન સિંદૂર'

વિરુદ્ધ છે, અને આતંકવાદને આશ્રય આપવામાં આવી રહ્યો હતો તે સ્થળોએ ચોક્કસ રીતે હુમલો કરવા બદલ ભારતીય સંરક્ષણ દળોને અભિનંદન. તેમને એટલો સખત માર મારવો કે આતંકવાદ ફરી ક્યારેય માથું ન ઉંચકી શકે,' એમ આદિત્ય ઠાકરેએ એક્સ પર કહ્યું હતું.

## યુદ્ધ એ ઉકેલ નથી

પ્રધાન સઉદી અરેબિયામાં હતા અને તેઓ વહેલા પાછા ફર્યા, ફક્ત પ્રચાર માટે બિહાર ગયા. તે જરૂરી નહોતું. તેઓ અદાણીના બંદરના ઉદ્ઘાટન માટે કેરળ ગયા હતા અને બાદમાં વૅવ્ઝ કાર્યક્રમ માટે મુંબઈ આવ્યા હતા. જો પરિસ્થિતિ આટલી ગંભીર હોત, તો આ બધું ટાળી શકાયું હોત,' એમ ૨૦૨૪ની સામાન્ય ચૂંટણી દરમિયાન મોદીને ટેકો આપનારા મનસેના વડાએ કહ્યું હતું.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com



# ‘કરણ-અર્જુન’થી મારી કારકિર્દીમાં એક જબરજસ્ત ઉછાળ આવ્યો

(ભાગઃ ૩)

**નામઃ મમતા કુલકર્ણી-યામાઈ મમતા નંદ ગિરી**
**સમયઃ ૨૪ જાન્યુઆરી, ૨૦૨૫**
**સ્થળઃ પ્રયાગરાજ**
**ઉંમરઃ ૫૨ વર્ષ**

મારી ઓળખને કારણે મારી બહેનોએ પણ ફિલ્મમાં એક્ટિંગ કરવાની જીદ કરી. ૧૯૯૭માં મિથિલાએ પ્રિયદર્શિની કુલકર્ણી નામ સાથે બી ગ્રેડની કેટલીક ફિલ્મો સાઈન કરી, પણ એ ફિલ્મો રિલીઝ ન થઈ. મારી બીજી બહેન મોલિના કુલકર્ણી પણ ૯૬માં પ્રયત્ન કરી ચૂકી હતી. એણે એનું નામ સૌમ્યા કુલકર્ણી રાખ્યું અને ટાઈમ બૉમ્બ, સમ્રાટ જેવી ફિલ્મોમાં એણે રોલ કર્યા. મોલિના સંજય કદમ સાથે પરણેલી હતી. એના સાસુ-સસરાને ફિલ્મોમાં કામ કરવાનો નિર્ણય ગમ્યો નહીં, એટલે એના છૂટાછેડા થયા. નમ્રતા એની દીકરી સાથે એ અમારે ઘેર પાછી આવી.

આ બધા સમય દરમિયાન મેં અનેક ફિલ્મો સાઈન કરી અને એમાંથી મને પડતી મૂકવામાં આવી. એ ફિલ્મો ફિરોઝ ખાન, મિર્ઝા બ્રધર્સ, વૈષ્ણોદેવી, શાલીમાર ફિલ્મ્સ અને મોટા મોટા સ્ટાર્સ સાથેની ફિલ્મો હતી. સુનીલ શેટ્ટી, અક્ષય કુમાર અને ફરદીન ખાનની લોન્ચ ફિલ્મ પણ મારી સાથે બનવાની હતી. હું કોન્ટ્રાક્ટ સાઈન કરતી અને થોડા જ વખતમાં અચાનક જ એ ફિલ્મમાંથી કાં તો મને પડતી મૂકવામાં આવતી કાં તો ફિલ્મ જ આગળ ન વધતી. હું થોડી અકળાઈ ગઈ હતી. એવામાં પ્રોડ્યુસર રામ દયાલનો એક પત્ર આવ્યો. એમણે સ્ટારડસ્ટમાં મારા ફોટા જોયા હતા. એમણે મારી સાથે એક એડલ્ટ ફિલ્મ બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો. હું જેટલા માગું એટલા પૈસા આપવા તૈયાર હતા, પરંતુ મારું મગજ છટક્યું. મેં એમને કહ્યું, ‘તુમ મુજે ઐસી લડકી સમજતે હો?’ એમણે હસીને જવાબ આપ્યો, ‘નંગે ફોટો છપ ચૂકે હૈ, અબ ઐસી વૈસી ક્યા કરતી હો?’ મને ખૂબ ખરાબ લાગેલું... હું લગભગ ફિલ્મો છોડવાની માનસિકતામાં હતી ત્યારે એક દિવસ મારા પર એક ફોન આવ્યો.

એ ફોનમાં મને માહિતી આપવામાં આવી કે, રાકેશ રોશન દિગ્દર્શક તરીકે પુનઃજન્મ પર આધારિત એક ફિલ્મ બનાવવામાં આવી. જેમાં, શાહરુખ અને સલમાન એક સાથે છે. બેમાંથી એકની હિરોઈન તરીકે મારું કાસ્ટિંગ કરવામાં આવ્યું હતું. કાસ્ટિંગ ડિરેક્ટરે મને જણાવ્યું કે, બે સ્ટાર્સનું બજેટ એટલું મોટું હતું કે, હિરોઈનની ફિસ બહુ ઓછી રાખવામાં આવી હતી. મેં વિચાર કર્યો, મારી પાસે કામ નહોતું એટલે એ વખતે હા-ના કરવાનો મતલબ નહોતો. મેં એ ફિલ્મ સાઈન કરી. ‘કરણ-અર્જુન’થી મારી કારકિર્દીમાં એક જબરજસ્ત ઉછાળ આવ્યો. સૌને મારું કામ ખૂબ ગમ્યું. એ પછી ફિલ્મોની ઓફર ફરી શરૂ થઈ. એ પછી ‘ક્રાંતિવીર’, ‘સબસે બડા ખિલાડી’, ‘પોલીસવાલા ગુંડા’, ‘બાઝી’, ‘ઘાતક’ જેવી ફિલ્મોએ મારી કારકિર્દી ફરી સેટલ કરી દીધી. એ ગાળામાં ટીનુ વર્મા દિગ્દર્શક તરીકે ફિલ્મ બનાવતા હતા. એમણે મને રોલ ઓફર કર્યો, પરંતુ સાત જણાંની કાસ્ટમાં હિરોઈનનો કોઈ રોલ નહોતો. હું છેલ્લા ત્રણ વર્ષથી લીડ કરી રહી હતી અને મોટા મોટા બેનર્સ જોડે કામ કરી રહી હતી. મેં ટીનુને ના પાડી, પણ એણે મને કહ્યું કે, એ મારો જબરજસ્ત ફેન છે અને કોઈપણ સંજોગોમાં એ મારી સાથે કામ કરવા માગે છે. થોડું વિચારીને એણે મને પૂછ્યું કે, હું આઈટમ સોન્ગ કરીશ? હું શ્યોર નહોતી, પણ પછી મને લાગ્યું કે એ જે આગ્રહથી મને કહી રહ્યો હતો એ જોતાં એને ના પાડવી મને યોગ્ય ન લાગી એટલે મેં ‘હા’ પાડી.

જ્યારે સારો સમય શરૂ થાય ત્યારે બધું જ ન ધાર્યું હોય એટલું સારું થાય. ‘ચાઈના ગેટ’નું એ ગીત એટલું બધું લોકપ્રિય થયું, જેની અમને કોઈને આશા નહોતી. એ ગીતે મને ફરી એક કોન્ટ્રોવર્સીમાં નાખી દીધી. એ ગીત ઉપર પણ અશ્લીલતાનો કેસ કરવામાં આવ્યો. ટીનુ વર્માને અને ગીતના લેખકને દંડ કરવામાં આવ્યો. મને પણ કોર્ટમાં હાજર રહેવાની નોટિસ મળી. મેં કોર્ટમાં કહ્યું, ગીતના શબ્દોમાં જ કહે છે, ‘ગલતી મારે સે હો ગઈ...’ એનો અર્થ એ કે ગીતમાં જ માફી માગી છે. હવે વધારાની માફી શું માગવાની? વળી વિવાદ થયો, પણ આ વિવાદે એ ગીતને જબરજસ્ત પ્રસિદ્ધિ અપાવી એની ના નહીં.

ફિલ્મ દરમિયાન ટીનુ વર્મા અને મેં, છુપાઈને લગ્ન કરી લીધા છે એવી અફવા વહેતી થઈ. ટીનુ સાથે મારો અફેર છે, એ મારી સાથે રહે છે એવા પ્રકારના સમાચારો ફિલ્મ મેગેઝિન્સમાં છપાતા રહ્યા. મેં તપાસ કરાવી ત્યારે ખબર પડી કે, ફિલ્મની પબ્લિસિટી માટે ટીનુ જ આ સમાચાર છપાવતો હતો. એક દિવસ એક પાર્ટીમાં ટીનુ મળી ગયો. એની સાથે એ બાબતે સખત ઝઘડો થયો અને એ ઝઘડાના સમાચાર અમારા બ્રેકઅપ તરીકે છપાયા. ૧૯૯૮થી ૨૦૦૧માં મારી પાસે બહુ ફિલ્મો નહોતી. હું ફિલ્મી દુનિયાના તોર તરીકાથી કંટાળી ગઈ હતી. કારકિર્દીથી નિવૃત્ત થવાનો વિચાર કરતી હતી.

એ ગાળામાં મુંબઈની આર્થર રોડ જેલમાંથી મને ફોન આવ્યો. કોઈકે કહ્યું, ‘વિકી ગોસ્વામી તમારી સાથે વાત કરવા માગે છે.’ મેં પૂછ્યું, ‘કોણ વિકી ગોસ્વામી?’

‘અરે! તમને નથી ખબર? એ ડ્રગ્સમાં પકડાયેલો એક માફિયા છે.’ સામેથી જવાબ મળ્યો. હું ડરી ગઈ. વાત ન કરું અને કાલે એ મને હેરાન કરે તો? મેં એની સાથે વાત કરી. એનો અવાજ સંભળાયો, ‘મમ્સ!’ એ મને મમતાને બદલે મમ્સ કહેતો હતો... પહેલાં તો હું એની સાથે વાત કરતા ખૂબ ડરતી, પછી ધીમે ધીમે અમે વાતો કરવા લાગ્યા. એણે એના જીવનની કથા કહી.

દુબઈ પોલીસે ૧૯૯૭માં ડ્રગ્સના આરોપમાં એને કેદ કર્યો હતો. ૨૫ વર્ષની સજા ફરમાવવામાં આવી હતી. ગુજરાતના રિટાયર ડીએસપી આનંદગિરી ગોસ્વામીનો દીકરો છે. જે ૧૫ ભાઈ-બહેનોની સાથે ઉછર્યો. આનંદગિરીના એકથી વધારે લગ્ન થયા હતા અને એ પોતે પણ દારૂ વેચવાના આરોપમાં સસ્પેન્ડ થયો હતો. પાલડીના બિપીન પાંચાલ સાથે એની મુલાકાત થઈ અને ત્યાંથી એણે મેન્ડ્રેક્સનો કારોબાર શરૂ કર્યો... વિકી સાથેની વાતચીત દરમિયાન મને સમજાયું કે, એ એકલો છે. એને પોતાના ડ્રગ્સના બિઝનેસ બાબતે પસ્તાવો છે. એક દિવસે મેં એને પૂછ્યું, ‘તને મારી પાસેથી શું જોઈએ છે?’ એ હસી પડ્યો. એણે કહ્યું, ‘મને આ લોકોએ સોલિટરી કન્ફાઈનમેન્ટમાં નાખ્યો છે. મારી નાખશે... હું તારી સાથે કદાચ છેલ્લીવાર વાત કરી રહ્યો છું.’

વિકી સાથે મારી વાતચીતનો સમયગાળો હતો એ દરમિયાન મારી ઓળખાણ ગુરૂ ગગનગિરી સાથે થઈ હતી. એમણે મને ધ્યાન, યોગ અને આત્મશુદ્ધિના અનેક પ્રયોગો સાથે જોડી હતી. વિકી સાથે વાત થયા પછી હું રાત્રે ગાડી લઈને ગગનગિરી મહારાજ પાસે ગઈ. એમણે કશું જ જાણ્યા વગર મને કહ્યું, ‘એ છૂટી જશે. બે વર્ષ લાગશે.’

વિકીએ મને કહ્યું કે, હું દુબઈ આવી જાઉં. ત્યાં એક ફ્લેટ લઈને મેં રહેવાનું શરૂ કર્યું. આ મારા જીવનનો સૌથી કપરો અને પરિવર્તનનો સમય હતો. મેં ફિલ્મી દુનિયાનો ત્યાગ કર્યો અને ગગનગિરી મહારાજની નિશ્રામાં ધ્યાન અને આત્મશુદ્ધિનો પ્રવાસ શરૂ કર્યો. ઈશ્વર ભક્તિ, ગુરૂ ભક્તિ અને વિકીને દર મહિને જેલમાં મળવા સિવાય મારી પાસે કોઈ કામ નહોતું. ફિલ્મો છોડ્યા પછી આર્થિક પરિસ્થિતિ ગંભીર હતી, પરંતુ એ જવાબદારી વિકીએ ઉપાડી લીધી. મને મારા મહિનાનો ખર્ચો મળી જતો. અમે લગભગ બે વર્ષ આવી રીતે વિતાવ્યા. મને વિકી સાથે વાત કરતાં સમજાયું કે, દિલનો ખૂબ સારો માણસ હતો. મને ખૂબ પ્રેમ કરતો હતો.

ગુરૂ મહારાજે કહ્યું હતું કે, વિકી છૂટી જશે. ...અને સાચે એમ જ થયું. વિકીને દુબઈ જેલમાંથી એક ઓફર આપવામાં આવી. જો એ મુસ્લિમધર્મ અંગીકાર કરે તો એને પાંચ જ વર્ષમાં છોડી દેવામાં આવે. એને સાડા ત્રણ વર્ષ થઈ ચૂક્યા હતા. વિકીએ મુસ્લિમધર્મ અંગીકાર કર્યો. એને દોઢ વર્ષમાં છોડી દેવામાં આવ્યો. (ક્રમશઃ)■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com



## સપનાઓ ને ઉમ્મીદ વચ્ચે કઈ રીતે સાચવવું સંતુલન?

સવારે સાડા પાંચના ટકોરે ઘણઘણી ઉઠેલો અલાર્મ સન્નાટાને ચીરતો સીધો મેશ્વાના કાને અથડાયો. મેશ્વાએ કણસતા અવાજે ઉંઘમાં જ હાથ લંબાવી સ્નુઝ બટન દબાવી દીધું. હજુ તો ચાદર તાણી એ ફરી ઊંઘમાં સરી પડવાની તૈયારી કરે છે એવામાં મમ્મીની મોટા અવાજે પડાયેલી રાડ આખા ઘરમાં ગૂંજી ઊઠી :

‘મેશ્વા ઊઠ, સ્કૂલે જવાનું છે. આજે મેથ્સની ટેસ્ટ છે. તે બધા ફોર્મ્યુલા યાદ કરી લીધા છે ને? ’

મમ્મીને જવાબ આપવાને બદલે ઉંઘરેટી આંખે ને ભારે મનથી મેશ્વા માંડ-માંડ ઊઠી. ઊંડો નિઃસાસો નાખ્યો. મમ્મીની આવી ટક-ટક બિલકુલ આ અલાર્મ જેવી હતી. એકદમ નિયમિત, કર્કશ અને કંટાળાજનક. આળસ મરડતા એની નજર સામે સ્ટડી ટેબલ પર પડી, જેમાં એક તરફ પુસ્તકોનો ઢગલો હતો. અને બીજી તરફ સ્કેટિંગનો સામાન. મેશ્વા ક્ષણભર એ તરફ જોઈ રહી. ધ્યાન પડ્યું મેથ્સની મસમોટી રેફરન્સ બુક પર. મેથ્સના ટેસ્ટનો વિચાર આવતા જ મેશ્વાનું હૃદય થંભી ગયું. પાછલી સાંજે ત્રિકોણમિતિના દાખલાઓથી વધુ તો એણે સ્કેટિંગ રીંકની પરિમિતિ માપી હતી.

જલ્દીથી નાહી-ધોઈ એ રસોડા તરફ ભાગી. ક્ષણવારમાં મમ્મીએ એના હાથમાં ગરમાગરમ આલુ પરોઠાની પ્લેટ પકડાવી. ‘જલ્દી ખાઈ લે, સ્કેટિંગ પ્રેક્ટિસમાંથી આજે સીધા સ્કૂલ જવું પડશે...’. મેશ્વાએ અડધું પડધું ખાઈ પોતાનો શસ્ત્ર સરંજામ ઉપાડ્યો.

સ્કેટિંગબેગ, સ્કૂલબેગ, એક્સ્ટ્રા પાણીની બોટલ્સનો ખભ્ભા પર ખડકલો કર્યો. બહાર એનો સ્કેટિંગ ફ્રેન્ડ રાહુલ અને પપ્પા પહેલેથી જ કારમાં રાહ જોઈ રહ્યા હતા. ‘હાશ! આવી તો ખરા’ . બોલીને રાહુલના પપ્પાએ કારનું સ્ટાર્ટ બટન દબાવ્યું. રાહુલે મજાક પણ કરી લીધી :

‘અરે, ફરીથી સ્કેટિંગ ચેમ્પિયન બનવાનાં સપનાં જોઈ રહી હતી કે શું? ’

મેશ્વા એ હસતા હસતા માથું ધુણાવ્યું, પણ એના મનમાં પહેલેથી જ ચિંતાનાં વાદળો છવાયેલાં હતા. સ્કેટિંગ એનું ઝનૂન હતું , પરંતુ હમણાથી એના પેરેન્ટ્સ ભણવાને લઈ લગાતાર સલાહનો મારો ચલાવતા, જેનાથી એ સતત પરેશાન રહેવા લાગી હતી.

પ્રેક્ટિસ પતાવી સ્કૂલ તરફ જતાં મેશ્વાનું હૃદય જોરથી થડકી રહ્યું હતું. મેથ્સ ફોર્મ્યુલા નજર સામે નાચી રહી હતી. એનું મન વારંવાર સ્કેટિંગ ટ્રાયલ તરફ જઈ રહ્યું હતું. એ સ્ટેટ ટીમમાં સિલેક્ટ થવા માગતી હતી, પણ સાથોસાથ પપ્પા-મમ્મીએ કહેલી વાતો એના કાનમાં ગુંજી રહી હતી :

‘સ્કેટિંગ ઠીક છે, પરંતુ ભણવાનું પહેલાં....

આપણે રખડું છોકરાઓ માફક જીવન બરબાદ નથી કરવાનું.’

મેશ્વાને લાગતું કે એના પેરેન્ટ્સ કેમ નહીં સમજતા હોય કે સ્કેટિંગ એ એના માટે માત્ર ખેલ નથી, પણ એનું જીવન છે. સ્કૂલ પહોંચ્યા બાદ મેથ્સની ટેસ્ટ દરમિયાન આખો સમય એ આવા વિચારો કરતી રહી. રિસેસમાં બધી ફ્રેન્ડ્સ રોજ માફક ગ્રાઉન્ડમાં જમા થઈ. અદિતિએ કહ્યું હું તો કમ્પ્યુટર સાયન્સ જ ભણવા માગું છું. એની અંદર આત્મવિશ્વાસ ઠાંસી ઠાંસીને ભરેલો હતો. ‘સિલિકોન વેલી જઈશ અને ત્યાં હું ખૂબ મોટી એન્જિનિયર બનીશ... ‘સિમરન, જે હંમેશાં પોતાની સાથે સ્કેચબૂક રાખતી એણે બિન્દાસ કહી દીધું,’ હું એક સારી પેન્ટર બનવા માગું છું, પણ મારા મમ્મી-પપ્પા મને ડોક્ટર બનાવશે. એમને નથી લાગતું કે આર્ટ વિષયને શોખથી આગળ કોઈ મહત્ત્વ આપી શકાય.

મેશ્વા થોડી વાર માટે ચૂપ રહી. પછી બોલી :

‘મને સ્કેટિંગ બહુ જ પસંદ છે, પણ મારા પેરેન્ટ્સને નથી લાગતું કે મારે એમાં કારકિર્દી બનાવવી જોઈએ. એમને લાગે છે કે હું બસ સમય બરબાદ કરી રહી છું...’

સિમરને એના ખભ્ભા પર હળવેકથી ટપલી મારી કહ્યું,’

‘હમણા થોડા સમયમાં સિલેક્શન ટ્રાયલ્સ છે ને!

તું તારું બેસ્ટ પર્ફોમન્સ આપજે. કદાચ એક જ તક હશે તારી જાતને સાબિત કરવાનો.’

આખરે એ દિવસ આવ્યો. સિલેક્શન ટ્રાયલ્સ માટે ઠેકઠેકાણેથી પ્લેયર્સ આવેલા. રીંકની આસપાસ મેદાનમાં જોશ અને ઉત્સાહ ભરેલો હતો. મેશ્વાના મનમાં એન્કઝાયટી-વ્યગ્રતા ઉભરાય રહી હતી. મેદાનમાં એક તરફ સૂરજની રોશની ઢળી રહી હતી. હવામાં ભીના ઘાસની સુગંધ પ્રસરાયેલી હતી. મેશ્વા સ્ટાર્ટ લાઈન પર ઊભી હતી. એણે એક ઊંડો શ્વાસ લીધો. બંદૂકની ગોળી છૂટવાના અવાજ પર ધ્યાન કેન્દ્રિત કર્યું અને હતું એટલું જોર લગાવી એ ભાગી.

મેશ્વા જીતી જશે એ ખ્યાલ આવતાં એના ફ્રેન્ડ્સ ચિચિયારીઓ પાડી ઉઠ્યા. ફિનિશ લાઈન પસાર કર્યા બાદ બધાનું અભિવાદન ઝીલતી મેશ્વાને કોર્નરમાં એક જાણીતો ચહેરો દેખાયો. એ હતા એના પપ્પા. બહાર નીકળી એ ધીરે ધીરે એમની પાસે પહોંચી. બન્ને કંઈ જ બોલ્યા વગર સાથે ચાલવા લાગ્યા. ખાસ્સી વાર પછી અચાનક પપ્પા બોલ્યા :, ‘ તું સરસ દોડી, પણ સ્કેટિંગ એ કોઈ કેરિયર નથી હોતું. મને પ્રોમિસ કર કે તું ભણવા પર પણ ધ્યાન આપીશ તો હું તારું સ્કેટિંગ ક્યારેય બંધ નહીં કરાવું...’

મેશ્વાનો અવાજ ગળામાં અટકી ગયો. એ ચર્ચા કરવા નહોતી માગતી. એણે ખાલી એટલું કહ્યું ‘હું કોશિશ કરીશ.’ એણે વિચારી લીધું કે પોતે ભણશે પણ ખરા ને સ્કેટિંગ પણ કરશે. કોઈ અજબ જુસ્સાથી મેશ્વાનું મન ભરાય ગયું.

એ રાત્રે મેશ્વા હોમવર્ક પૂરું કરી રહી હતી ત્યારે ફોનમાં મેસેજ ટોન વાગ્યો. એ એના કોચ હતા. એમણે લખ્યું હતું કે, ‘ક્યારેક આપણાં સપનાઓને પૂરા કરવા માટે લડવું પડે છે. બસ, તું સ્કેટિંગ ક્યારેય ના છોડીશ’. મેશ્વાના ચહેરા પર એક નાનકડું એવું સ્મિત છવાય ગયું. એને લાગ્યું કે સ્ટડી અને સ્પોર્ટ્સ વચ્ચે પોતાનાં સપનાઓ અને માતા-પિતાની ઉમ્મીદ વચ્ચે હવે કદાચ એ સંતુલન સાધી શકવા સક્ષમ છે. ■

ભારતની વીરાંગનાઓ
ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

# હાથશાળની માઃ કમલાદેવી ચટ્ટોપાધ્યાય



એક એવી સ્ત્રી જે સ્વતંત્રતા સેનાની હોય, સમાજસુધારક હોય, ગાંધીવાદી હોય, નારીવાદી હોય, લેખિકા પણ હોય, અભિનેત્રી પણ હોય અને ભારતીય હસ્તકલા ક્ષેત્રના પુનરુત્થાન માટે કાર્યરત પણ હોય... કહો જોઉં, એ કોણ હશે?

એમનું નામ કમલાદેવી ચટ્ટોપાધ્યાય. સ્ત્રી એક જ પણ ઓળખ સાત. ઇન્દ્રધનુષના સાતેય રંગ પરસ્પરમાં મળેલાં હોય અને છતાં એકમેકથી નોખી આભા પ્રકટાવે એમ કમલાદેવીની સાતેય ઓળખ પરસ્પરમાં વિલીન થતી હોવા છતાં એકમેકથી ભિન્ન રંગછટા પ્રકટાવતી. જે કામ હાથમાં લે એને પૂરેપૂરી નિષ્ઠાથી પૂરું કરવું એ કમલાદેવીની પ્રકૃતિ. એમણે આઝાદીના આંદોલનમાં સ્ત્રીઓને સહભાગી થવા માટે પ્રેરી. ખુદ નમક સત્યાગ્રહમાં ભાગ લીધો, અસહકાર આંદોલનમાં ભાગ લીધો. ભારતનું વિભાજન થયા પછી શરણાર્થીઓ માટે ફરીદાબાદ શહેર વસાવ્યું. મૃતપાય થયેલાં હસ્તકલા અને હાથશાળને નવજીવન આપ્યું. પોતાની માવજતથી હસ્તકલા ઉદ્યોગને નવપલ્લિત કર્યો. નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા, સંગીત નાટક અકાદમી, સેન્ટ્રલ કોટેજ ઇન્ડસ્ટ્રીઝ એમ્પોરિયમ અને ક્રાફ્ટ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા જેવાં મુખ્ય સાંસ્કૃતિક સંસ્થાનો પણ કમલાદેવીની દીર્ઘદ્રષ્ટિ અને મજબૂત ઈરાદાનું જ પરિણામ છે. અખિલ ભારતીય હસ્તશિલ્પ નિગમની સ્થાપનામાં કમલાદેવીએ મહત્ત્વની ભૂમિકા ભજવેલી. નિગમના પ્રથમ અધ્યક્ષ તરીકે પણ તેમણે પ્રશંસનીય કામગીરી કરી. પોતાના કામ સાથે એકાકાર થઈ જવાની આ પ્રકૃતિએ પગથિયાં બનીને કમલાદેવીને પદ્મભૂષણ અને પદ્મવિભૂષણ જેવાં સર્વોચ્ચ પુરસ્કાર સુધી પહોંચાડ્યાં.

આ કમલાદેવીનો જન્મ કર્ણાટક સ્થિત મેંગલોરમાં થયો. તારીખ ૩ એપ્રિલ ૧૯૦૩. પરિવારના ચાર સંતાનોમાં સૌથી નાની. પિતા અનન્તયા ધારેશ્વર સરકારી અધિકારી હતા. માતા ગિરિજાદેવી ગૃહિણી હતી. ભણેલી હતી. કમલાદેવી પર માતાનો ખાસ્સો પ્રભાવ રહ્યો. કમલાદેવીએ પ્રાથમિક શિક્ષણ મેંગલોરમાં મેળવ્યું. પછી ચેન્નાઈની ક્વીન્સ મેરી કોલેજમાં પ્રવેશ મેળવ્યો.

દરમિયાન, તત્કાલીન સામાજિક રિવાજ પ્રમાણે ૧૯૧૭માં કમલાદેવીની ૧૪ વર્ષની ઉંમરે એમનાં લગ્ન કૃષ્ણા રાવ સાથે થયાં. પણ દુર્ભાગ્યે લગ્નનાં બે વર્ષ પછી જ કૃષ્ણા રાવનું મૃત્યુ થયું. સોળ વર્ષની ઉંમરે કમલાદેવીએ વૈધવ્ય વેઠવું પડ્યું. જોકે એમણે આગળનો અભ્યાસ જારી રાખ્યો. નાટકોમાં અને અભિનયમાં પણ રસ હતો કમલાદેવીને. અભિનયના રસને પગલે સરોજિની નાયડુના ભાઈ હરેન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય સાથે પરિચય થયો. હરેન્દ્રનાથ કવિ અને નાટ્યકાર હતા. સમાન શોખને કારણે કમલાદેવી અને હરેન્દ્રનાથ પરસ્પર આકર્ષાયાં. ૧૯૧૯માં બન્નેએ પ્રભુતામાં પગલાં પાડયાં. પુનર્વિવાહ કર્યા પછી હરેન્દ્રનાથ સાથે કમલાદેવી લંડન ગયાં. લંડનની જિમલોમ બેડફોર્ડ કોલેજમાંથી સમાજશાસ્ત્ર વિષયમાં ડિપ્લોમા મેળવ્યો.

આ અરસામાં ભારતમાં ગાંધીજીના નેતૃત્વમાં આઝાદી આંદોલનનો આરંભ થઈ ચૂકેલો. આંદોલનના પડઘા લંડનમાં સંભળાયા. ૧૯૨૩માં કમલાદેવી આંદોલનમાં ભાગ લેવા ભારત પાછા ફર્યા. દીકરા રામકૃષ્ણ ચટ્ટોપાધ્યાયનો જન્મ થયો. નવી જવાબદારી સાથે કમલાદેવીએ અસહકાર આંદોલનમાં ભાગ લીધો. બહેનોને પણ આંદોલનમાં ભાગ લેવા પ્રેરી. ઉપરાંત સામાજિક ઉન્નતિ માટે કાર્યરત સેવાદળ સાથે જોડાયાં. સંગઠન પોતાનું લક્ષ્ય હાંસલ કરે એ માટે કમલાદેવીએ અથાક પરિશ્રમ કર્યો. એમની મહેનતને જોતાં કમલાદેવીને સંગઠનની મહિલા પાંખના પ્રભારી નિયુક્ત કરાયાં. કમલાદેવીએ બહોળી સંખ્યામાં મહિલાઓને સંગઠન સાથે જોડી અને તેમને પ્રશિક્ષિત કરી. ત્યાર પછી ૧૯૩૦ના મીઠાના સત્યાગ્રહમાં કમલાદેવીએ ભાગ લીધો. એમણે પોતે નમક પકવેલું. મીઠાનો કાયદો તોડવા બદલ ધરપકડ વહોરનાર બોમ્બે પ્રેસિડેન્સીની પ્રથમ મહિલા કમલાદેવી જ હતાં!

કમલાદેવીએ કેટલાયે આંદોલનોમાં ભાગ લીધેલો. ૧૯૨૬ સુધીમાં જ ઘણા સત્યાગ્રહોમાં એ સહભાગી થયેલાં. દરમિયાન, એમને મદ્રાસ પ્રાંતીય વિધાનસભાનું કામકાજ સંભાળવાનો મોકો મળેલો. એ સાથે વિધાનસભા કાર્યાલય સંભાળનાર કમલાદેવી દેશની પ્રથમ મહિલા બન્યાં. ૧૯૨૬માં જ કમલાદેવીને અત્યંત મહત્ત્વની જવાબદારી સોંપાઈ. એમને અખિલ ભારતીય મહિલા સંમેલનનાં અધ્યક્ષ બનાવાયાં. આ સંમેલનની જવાબદારી મળતા જ કમલાદેવીએ મહિલા કલ્યાણ માટેનાં કાર્યક્રમો હાથ ધર્યા. એમણે દેશની મહિલાઓના શિક્ષણ માટે પણ કામ કર્યું.૧૯૩૨માં દિલ્હી ખાતે લેડી ઈરવિન કોલેજની સ્થાપના મહિલાઓ ભણી શકે એ માટે કરાઈ હતી. આ કોલેજની સ્થાપનામાં કમલાદેવીની પણ ભૂમિકા હતી.

જોકે કમલાદેવીએ સૌથી અદ્ભુત કામગીરી કોઈ ક્ષેત્રમાં કરી હોય તો એ હતું હસ્તકલા ક્ષેત્ર. ભારતમાં જાતભાતનાં હસ્તશિલ્પને ટકાવી રાખવા માટે એમણે પ્રયત્નો કર્યા. અખિલ ભારતીય હસ્તશિલ્પ નિગમની સ્થાપનામાં મહત્ત્વની કામગીરી અદા કરી. આ ગાળામાં પતિ સાથે મતભેદને પગલે છૂટાછેડા લીધાં, પણ કાર્યનિષ્ઠાને સમર્પિત રહ્યાં. ૧૯૫૨માં નિગમનાં પ્રથમ અધ્યક્ષ તરીકે એમણે ઉત્તમ કામગીરી કરી. કમલાદેવીએ ગ્રામીણ વિસ્તારોમાં ઘૂમી ઘૂમીને હીરાપારખુ કુશળ ઝવેરીની જેમ હસ્તશિલ્પ અને હાથવણાટની કલાને પારખી. કલાને સંરક્ષણ આપ્યું. દેશના વણકરોના પુનરુત્થાન માટે કમલાદેવીએ અત્યંત ધગશથી કામ કર્યું. એનું પરિણામ એ આવ્યું કે કમલાદેવી જયારે એ ગામોમાં જતાં ત્યારે હસ્તશિલ્પી, વણકર અને હાથવણાટ સાથે જોડાયેલા કારીગરો પોતાના મસ્તક પરથી પાઘડી ઉતારીને એમનાં ચરણોમાં મૂકી દેતા. હસ્તકલા ઉદ્યોગ માટે સંતાન પ્રત્યેની માતાની મમતા જેવો કમલાદેવીનો નિઃસ્વાર્થ ભાવ જોઈને હસ્તશિલ્પીઓ એમને ‘હાથશાળની મા’નું લાડકું નામ આપેલું...

ભારત સરકારે કમલાદેવીના યોગદાનને યોગ્યપણે જ બિરદાવેલું. દેશના ચોથા સર્વોચ્ચ પુરસ્કાર પદ્મભૂષણથી ૧૯૫૫માં પુરસ્કૃત કર્યા. ૧૯૮૭માં બીજા સર્વોચ્ચ પુરસ્કાર પદ્મવિભૂષણથી સન્માનિત કર્યા. દરમિયાન ૧૯૬૬માં સામુદાયિક નેતૃત્વ બદલ રેમન મેગ્સેસે એવોર્ડ મળ્યો. સંગીત નાટક અકાદમી દ્વારા લાઈફ ટાઈમ અચીવમેન્ટ પુરસ્કાર ૧૯૭૪માં મળ્યો. યુનેસ્કોએ ૧૯૭૭માં હસ્તકલા ક્ષેત્રે પ્રદાન કરવા બદલ સન્માન કર્યું. ભારત સરકારે ૨૯ ઓક્ટોબર ૧૯૯૧ના રોજ કમલાદેવીની ત્રીજી મૃત્યુતિથિએ, એમની સ્મૃતિમાં ટપાલટિકિટ બહાર પાડી અને ભારત સરકારે જ એમના સન્માનમાં ૨૦૧૭માં મહિલા હાથશાળ વણકર અને હસ્તકલા કારીગરને પ્રતિ વર્ષ ‘કમલાદેવી ચટ્ટોપાધ્યાય’ રાષ્ટ્રીય પુરસ્કાર આપવાની ઘોષણા કરી.

આ તમામ પુરસ્કારો અને ગૌરવ છતાં કમલાદેવીને મન સૌથી મોટું સન્માન એક જ હતું : કોઈ હસ્તશિલ્પીના મોંએથી ‘હાથશાળની મા’નું લાડકું સંબોધન સાંભળવું! ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ઈટ્સ સમર, સ્કિન કેર ઈઝ મસ્ટ!

ફેશન
ખુશ્બુ મુણાલી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

મોટા ભાગની મહિલાઓને સ્કિન કેર કઈ રીતે કરાય તેનું જ્ઞાન હોય જ છે . છતાં મોટા ભાગની મહિલાઓને સન ટેનનો સામનો કરવો જ પડે છે, પરંતુ જો બધીજ મહિલાઓ સમજી જાય કે, સ્કિન કેર એ માત્ર ઉપરની દેખરેખ નથી, પરંતુ પૌસ્ટિક આહાર લેવો એ પણ એક સ્કિન કેર રીજિમ જ છે. સ્કિન કેર એ એક રેગ્યુલર કામ છે તમે જો માત્ર બે કે ત્રણ દિવસ ધ્યાન રાખો અને પછી ધ્યાન ન રાખો તો તમારી ત્વચા જેટલી પણ સારી હશે તે પણ ખરાબ થઇ જશે. ત્વચાની સંભાળ માટે તમે અલગ અલગ ટાઇપની એક્સેસરીઝ પણ લઈ શકો જેમકે, સન ગ્લાસ, હેટ, સ્કાર્ફ, હેન્ડ ગ્લવ્ઝ, સન સ્ક્રીન લોશન વગેરે. આ બધીજ એક્સેસરીઝનો ઉપયોગ કરી તમે ઉનાળામાં તમારી ત્વચાની સંભાળ રાખી શકો.



- ઉનાળામાં SPF-૩૦ સન સ્ક્રીન એક ખૂબ જ મહત્ત્વનું છે. તમારા સ્કિન ટાઈપ અને સ્કિન ટોન મુજબ તમે સન સ્ક્રીન લોશનની પસંદગી કરી શકો.જયારે ઘરની બહાર જવાનું હોય તેના અડધા કલાક પહેલા સન સ્ક્રીન લોશન લગાડવું. સન સ્ક્રીન લોશન લગાડવા પહેલા ચહેરાને સરખો ધોવો.





- ત્વચાને તડકાથી બચાવવા માટે ચહેરાને દિવસમાં ૨ વખત ધોવો. જેથી ત્વચા પર ધૂળ અને ઓઇલના થર થતા નથી.
- લાઈટ ફેસ વોશનો ઉપયોગ કરવો.
- જ્યારે ઘરમાં હોવ ત્યારે ત્વચા પર બરફ લગાડવો જેથી ત્વચાને થોડી ઠંડક મળે અને ત્વચા સુંવાળી લાગે છે.
- ઘરમાં હોવ ત્યારે ખાસ કરીને મુલતાની માટીમાં રોઝ વોટર નાખી ચહેરા પર ફેસ પેક લગાડવો.
- ઘરની બહાર નીકળો ત્યારે ભૂલ્યા વગર સન ગ્લાસનો ઉપયોગ કરવો જેથી કરી તમારી આંખ સચવાઈ રહે.
- ઘરની બહાર નીકળતી વખતે ખાસ કરીને ચહેરાને સ્કાર્ફથી ઢાંકવો જેથી કરી સૂર્યનાં કિરણો તમારી ત્વચાને અસર ન કરી શકે. જો તમારું ટ્રાવેલિંગ વધારે થતું હોય તો, તમારા હાથને અને પગને તડકાથી બચાવવા માટે ખાસ કરીને મોજા પહેરવા. જો પગમાં મોજા નહીં પહેરો તો તમારા ચપ્પલની જે પેટર્ન હશે તે પેટર્ન તમારા પગ પર થઈ જશે. એટલે કે ચપ્પલ પહેર્યા પછી ત્વચાનો જે ભાગ દેખાતો હશે તે ટેન થઈ જશે.
- તડકાથી બચવા માટે તમે હેટ અથવા કેપનો પણ ઉપયોગ કરી શકો. કેપ અથવા હેટ ખાસ કરીને લાઈટ કલરની જ પહેરવી જેથી કરી વધારે માથું ના તપે. - તડકામાં ખાસ ધ્યાન રાખવું કે તમારા વાળ બાંધેલા હોય જેથી કરી વધારે ગરમી ન થાય. ઉનાળામાં ખાસ કરીને હાઈ પોની ટેઈલ કે પછી હાઈ બન વાળવો. જેટલા વાળ બાંધેલા હશે તેટલા જ સચવાઈને રહેશે.
- જો તમે સ્કૂટર પર ટ્રાવેલ કરતા હોવ તો સ્કાર્ફ એવી રીતે પહેરવો કે તમારા બધાજ વાળ કવર થઇ જાય.
- જો તમે ઓપન હેર સ્ટાઇલ જ રાખવા માગતા હોવ તો, ખાસ કરીને હર લેન્થ ઓછી રાખવી જેથી કરી વાળને સાચવવાં સારા પડે.
- આહારમાં ખાસ કરીને પૌષ્ટિક આહાર લેવો જેમકે, જ્યૂસી ફળો કે ફળોનો રસ લેવો.
- બહાર તડકામાં હોવ ત્યારે ખાસ કરીને નારિયેળ પાણી પીવું.
- ઓઈલી અને જન્ક ફૂડનું સેવન કરવું નહીં.
- દિવસમાં ૮ થી ૧૦ ગ્લાસ પાણી પીવું. જેથી તમે ડીહાઇડ્રેટ નહીં થાવ .
- ઘરની બહાર નીકળો ત્યારે અને તડકામાંથી ઘરે આવો ત્યારે ખાસ કરીને લીંબુ પાણી પીવું.
- તડકામાં ખાસ કરીને વધારે ટાઈમ ઘરની બહાર રહેવું નહીં.
- વધારે પડતા લાઈટ કલરના કપડાનો ઉપયોગ કરવો.
- ખાસ કરીને પ્યોર કોટન અને ખુલતા કપડાં પહેરવા જેથી કરી વધારે ગરમી ન થાય.

આ બધીજ ટિપ્સ અપનાવવાથી તમે તમારી ત્વચાની સંભાળ રાખી શકો. ■

# સંસ્કૃતિ રક્ષક

ફોકસ
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

સ્ત્રીઓ ઉત્સવની આતુરતાપૂર્વક રાહ જોતી હોય છે. એના અનેક કારણ છે. એમાં સૌથી મોટું કારણ એ વખતે એ પોતાના સર્જકતા અને કલ્પકલાની સવિશેષ રજૂઆત કરી શકે છે. એટલું જ નહીં એક વણજાહેર કરેલી સ્પર્ધા દ્વારા એ પોતાનું સમાજમાં સ્થાન ઊભું કરી શકે, ઊણપો જાણીને સુધારવાનું વિચારી શકે છે.

સ્ત્રીને મન ઉત્સવ એટલે સોળ શણગાર સજવાનું બહાનું છે એવી દલીલ ઘણા લોકો કરતા હોય છે, પરંતુ એ વાત ખોટી છે. કારણ શણગાર સજાવટ સ્વયં એક કલા છે એ વાસ્તવિકતાને તેઓ ભૂલી જાય છે.

જો સ્ત્રીમાં શણગાર સજાવટનો સંસ્કાર આદિ સ્ત્રીએ રેડયો ન હોત તો

* દાગીના * ટીલી - ટપકી, * આભૂષણો, * ફેશન,

* રંગબેરંગી ચીજવસ્તુઓ, કંઇ કરતાં કંઇ વિકસ્યા ન હોત અને

* જગતની કલા માત્ર મ્યુઝિયમોમાં પડી રહેતી હોત, પરંતુ



સ્ત્રીની દૃષ્ટિએ એને

* રસોડા-શયનખંડ અને ટોઈલેટ સુધી ખેંચી લાવી છે.

* પુરુષ આ બધાનું ઉત્પાદન કરતો હોય છે, પરંતુ મંજૂરીનો માર્કો જ્યાં સુધી સ્ત્રીનો નથી લાગતો ત્યાં સુધી એની કોઇ વેલ્યુ નથી બનતી.

* એક દાખલો આપું તો શ્રેષ્ઠ કલાકૃતિ જેવાં આભૂષણો કોઇ ઝવેરી તૈયાર કરે પણ જો સ્ત્રી એ પહેરે નહીં તો?

* પુરુષ બધા દાગીના પહેરે તો પણ એનો ભાવ સ્થિર જ રહેશે, પણ

* સ્ત્રી જયારે એને યોગ્ય રીતે પહેરશે ત્યારે જ એનું મૂલ્ય વધી જશે.

* અને એટલે સ્ત્રી ઉત્સવમાં ખૂબ રસપૂર્વક ભાગ લે છે એ ત્યારે જ સાબિત થાય છે. જયારે એ પોતાની આનંદની અનુભૂતિને સૌંદર્ય સજાવટ દ્વારા વ્યક્ત કરે છે.

* જગતનો એક ઉત્સવ એવો નથી જેમાં સ્ત્રી ન હોય તો ચાલે એમ કોઇ કહેવા તૈયાર થાય.

* કારણ સ્ત્રી ખુદ ઉત્સવનો દેહ છે. એની પાસે

* હર્ષ,

* આનંદ વ્યક્ત કરવા માટે એટલી બધી રીત છે કે પુરુષ ક્યારેય એની સ્પર્ધામાં ઊતરી શકે તેમ નથી.

* રામ ખલનાની નામના એક સમાજ વૈજ્ઞાનિકના કહેવા મુજબ જો માનવ સ્વભાવના ભૌતિક અને આધિ ભૌતિક એમ બે ભાગ કરી એના પ્રતીક પસંદ કરવાના હોય તો.

* પુરુષ એ ભૌતિક ભાગનું પ્રતીક છે અને

* સ્ત્રી આધિ ભૌતિકવાદનું.

* આમાં

* ધર્મ, * પ્રદેશ, * ભાષા, * કશાનો ભેદ નડતો નથી.

* આ વ્યાખ્યા વિશ્વવ્યાપી છે અને પરિણામે જ સંસ્કૃતિ રક્ષક તરીકે સ્ત્રીની કલ્પના કરવામાં આવી છે, જેમાં ઉત્સવનો પણ સમાવેશ થાય છે.

* સ્ત્રી જ્યારે પ્રસંગને અનુરૂપ

* પહેરવેશ,

* દાગીના ,

* શોભન ચિન્હો ધારણ કરે છે ત્યારે એ પ્રસંગના

* ગાંભિર્ય,

* ગૌરવ,

* ગરિમા અને

* ગણિત

* બધાનો સમાવેશ કરે છે અને સ્ત્રી જ મૂડમાં પલ્ટી શકે છે.

પ્રસ્તુત લેખનો ત્રીજો અને છેલ્લો ભાગ આવતા અંકમાં વાંચીશુ અને શુભ કાર્યોમાં

સહધર્મચારિણીને અત્યંત આવશ્યક જ નહીં અનિવાર્ય ગણવામાં આવી તે વિશે હજુ વધુ જાણીશું.

પ્રેરણાસ્ત્રોત

સૌંદર્ય અને સંસ્કૃતિ બન્ને પ્રત્યે સ્ત્રીજાતી પુરુષ કરતાં વધુ આદર ધરાવતી હોય છે. ■

# મહેમાન માટે અભ્યાસક્રમ

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

હવે તો જાતજાતના અભ્યાસક્રમો શરૂ થયા છે. એમ પણ કહેવાયું છે કે 'ટોળાથી અલગ થઈને પોતાનો નોખો રસ્તો ચીતરનારાં જ જીવનમાં સફળ થાય છે.' એક ભાઈ અનેકવાર નિષ્ફળ થયા પછી આ વાક્યને જીવનમંત્ર બનાવીને, ટોળાથી અલગ થઈને નવા નવા અભ્યાસક્રમ, સ્કિલ વર્ગો શરૂ કરે છે. એમાંના બે એક અભ્યાસક્રમ - જેવા કે 'યજમાન માટે અભ્યાસક્રમ અને મહેમાન માટે અભ્યાસક્રમ' માં ખૂબ ભીડ થવા લાગી. એ મુજબ અમે પણ આ અભ્યાસક્રમ પૂર્ણ કરી એક અઠંગ મહેમાન બનવા વિચાર્યું. નક્કી કર્યું કે દરેક નાના- મોટા વેકેશનમાં સ્વજનોને તેમજ મિત્રોને ત્યાં 'માન કે ન માન, મૈં તેરા મહેમાન' બનવું.



અભ્યાસક્રમના નુસખા પ્રમાણે પહેલું સ્ટેપ... યજમાનને ફોન કરી તારીખ - વાર - સમય નક્કી કરવાં. અને અમે યોગ્ય મુહૂર્ત કઢાવીને ફોન કર્યો. એકદમ નજીકના સ્વજનને જ ફોન જોડ્યો, પણ... ચાર વાર યજમાને (કહેવાતા સ્વજને) ફોન નહીં ઉપાડ્યો. (પણ એ ક્યાંથી ઉપાડે? આ સ્વજનની પરીક્ષા અગાઉ ઘણીવાર અમે કરી ચૂક્યા હતા.) તો પણ અભ્યાસક્રમ મુજબ હિંમત હાર્યા વિના પાંચમી વાર ફોન જોડ્યો. તો સામે પેલા સ્વજન 'હેલો...' એમ બોલે તે પહેલાં જ અમે અમારી ભાવવાહી ભાષામાં શરૂ કરી દીધું :

'ભાઈ, તમને મળ્યાને જાણે કેટલો લાંબો સમય થઈ ગયો હોય એમ લાગ્યા કરે છે અને સતત તમને મળવાનું મન થયા કરે છે. નાના હતાં ત્યારે ગામમાં આપણે સાથે રમેલાં, હીંચકે ઝૂલેલાં... એ બધાં સ્મરણો આંખ સામે આવે છે.'

મને એમ કે હમણાં ભાઈ આર્દ્ર સ્વરે, રોતલ સ્વરે કહેશે, 'બહેન, ઉનાળાનું વેકેશન છે. તું જલદી જે પહેલી ગાડી મળે એમાં બેસીને આવી જા. આપણે ભેગાં મળીને ખૂબ મજા કરીશું.' પણ હું એક તરફી, એક પછી એક બાળપણનાં સ્મરણને બહેલાવી બહેલાવી એક કલાક જેવું બોલતી રહી. પણ સામેથી એક પણ હોંકારો ન થતાં, અમે અભ્યાસક્રમ મુદ્દો બે યાદ કર્યો. જ્યાં સુધી સામેથી જવાબ ન આવે, ત્યાં સુધી હિંમત હારવી નહીં. 'હિંમતે મર્દા, તો મદદે ખુદા.' (એકવાર યજમાન પકડાઈ જાય પછી બધું સાટું વાળવાનું જ છે. એ આપણો ટાર્ગેટ હોવો જોઈએ.)

કલાક બાદ ભાઈએ નાછૂટકે, 'સોરી, હું જરા અન્ય કામમાં પડી ગયો. યુ સી, આજકાલ કામ ઘણું વધી ગયું છે. વારંવાર ધંધાને કામે બહારગામ જવાનું થાય છે. આ વેકેશનમાં પણ મારે બેંગ્લોર એક-બે મહિના માટે જવાનું છે.' (યજમાને પણ એનો અભ્યાસક્રમ વાંચેલો હતો અને આગળ માર ખાઈ ચૂક્યો હતો. હવે એક એક ડગલું ફૂંકી ફૂંકીને ચાલવાનું છે, એ વાત એ જાણે છે.)

'પણ ભાભી અને બાળકો તો ઘરમાં જ હશે ને? આ તો શું... મારો નાનકો ટીનિયો, તમારા ચીમ્પુ સાથે હળી ગયો છે. એટલે છોકરા ભેગા મળીને દિવસો પસાર કરે તો આત્મીયતા પણ વધે.'

'હા. પણ બહેન, આ વખતે બાળકો અને એની મમ્મી પણ સાથે આવવાનાં છે. ઑફિસનું કામ અને બાળકોનું ફરવાનું થઈ જાય.' (પણ ભાઈ, અમારું શું થાય? અમારું ફરવાનું શું?)

'તો ભાઈ, એક કામ થઈ શકે. તમે તમારી પાછા ફરવાની તારીખ કહો, તો અમે તે રીતે પ્લાન કરીશું. પહેલાં મોટાભાઈને ત્યાં જઈ આવીએ. પછી વચલાને ત્યાં અને પછી તમારે ત્યાં... એટલે શું, કોઈપણ ભાઈને ખોટું નહીં લાગે કે બહેન મારે ત્યાં તો આવતી જ નથી.' (નહીં ખોટું લાગે... ખોટું લાગે તો બે ભાખરી વધારે ખાઈ લેશું.) પણ હવે ભાઈએ બહાનું કાઢવું, તોય શું કાઢવું?

'તારી વાત બરાબર બહેન. પણ ફરીને હું એકલો જ આવીશ. તારી ભાભી ને છોકરાં, પછી ભાભીને પિયર જવાનાં છે. (અગાઉ દસ વેકેશન બગાડી ગયેલ અઠંગ ખેલાડીને માત કરવી, તો કઈ રીતે... એનો ઉકેલ મળી ગયો.)

'તો ભાઈ, તું ફરીને એકલો ઘરે આવે, ત્યારે અમે આવી જઈએ. એટલે તમને જમવાની આપદા પણ નહીં પડે.' (હું તને જાતજાતનું ખવડાવું અને સાથે અમે પણ ઝાપટીએ!)

'હા. પણ બહેન, મારે તો ઑફિસમાં જ જમવાનું હોય છે અને ક્યારે ક્યાં ક્યાં દોડવું પડે... તમારું વેકેશન નકામું બગડી જાય.'

'એમ પણ ભાઈ, અમારે તો કંઈ ફરવા તો આવવું જ નથી. આ તો પરિવાર ભેગો થાય તો પ્રેમ વધે અને તમે લોકો ન હોવ તો બાપદાદાનું ઘર છે, ગામ છે, ફળિયું છે. અને બધા જ પડોશી ઓળખીતાં ને પ્રેમાળ! એટલે હું તો નિશ્ચિંતપણે તારે ત્યાં જ...' અને ત્યાં જ ફોન કપાયો. (સ્વાભાવિક છે કે યજમાન જ ફોન કાપે. જો કે આપણે હોઈએ, તો પણ આપણે આમ જ કરીએ છીએ ને? ખોટી વાત થોડી છે?)

મહેમાન હાર માને એવા ક્યાં હોય છે? ફરી પાંચેક વાર ફોન કર્યો. છઠ્ઠી વાર ફોન પર 'હેલો' સંભળાયું. અને ફરી સંબંધોની સાંકળ શરૂ થઈ.

'બહેન, હમણાં કશું નહીં કહેવાય. આગળ જતાં અમારે બધાને રજા હશે, ઘરે હોઈશું, ત્યારે ફોન કરીને તરત જ જણાવીશ.' એમ કહી જવાબની રાહ જોયા વિના ફોન કટ થયો. (ફરી બલા ગળે પડે તો?)

પછી તો મહેમાને કોઈ કસર છોડી નહીં. પણ યજમાન પક્ષે દરેકે પોતાના ફોન સ્વીચ ઑફ કર્યા હોય એમ લાગ્યું. જોકે છેલ્લા સૂત્ર પ્રમાણે જાણવા મળ્યું છે કે યજમાને કંટાળીને આખરે ઘરના તમામે તમામના નંબર બદલી નાખ્યા, પરંતુ મહેમાન તો મહેમાન જ છે! એ પોતાનો હક કેવી રીતે છોડી શકે?

ભાઈએ ફોન કટ કર્યા, તેથી શું? મહેમાન તો યજમાન કરતાં અનેક ગણા હોશિયાર! સપરિવાર મહેમાન કાર લઈને નીકળ્યાં અને કોઈપણ જાતની જાણ કર્યા વિના કે વિના પરવાનગી પહોંચી જઈને બારણે ટકોરા માર્યા. રવિવારે નિરાંતે ૧૦ વાગ્યે ફિલ્મ જોઈ, એક વાગ્યે સારી હોટલમાં લંચ લઈને ઘરે જઈને નિરાંતે ઊંઘી જશું... એવું વિચારી હજી તૈયાર થઈ બહાર નીકળતા યજમાનભાઈ, એના મહેમાન બનેલા પરિવારને જોઈને હવે કયો દાવ અજમાવવો એ નક્કી કરવામાં અસમર્થ રહ્યા અને બહેનનો આખો પરિવાર અંદર દાખલ થઈને 'કેમ છો? મજામાં ને?' એવું બોલતાં બોલતાં કોઈ સોફા પર, કોઈ હીંચકે, તો કોઈ રસોડે પહોંચી ગયું.

યજમાને વિચાર્યું કે આના કરતાં તો ફોન ચાલુ રાખ્યો હોત, તો મહેમાન કંઈ નહીં તો જાણ કરીને તો આવત!

'તૈયાર થઈને બધા બહાર જાવ છો કે શું? એવું હોય તો અમે પણ સાથે જ આવીએ.'

એ સાથે જ યજમાન બોલી ઊઠ્યા. 'ટિફિન લેવા જાઉં છું. દર રવિવારે અડધી કિંમતે ભોજન મળે છે. તમારે ચાલશે?'

'અમારે તો બધું જ ચાલશે. એક મહિનો હવે અહીંયા જ છીએ. ભાઈ, જે હશે તે ચાલશે!'

હવે ઘરાર યજમાન બનવું પડ્યું એ ભાઈ શું બોલે?! ■

ફેશન પ્લસ
નીલોફર
feedback.ladki@bombaysamachar.com



# લિપ પેન્સિલ હોઠના મેકઅપને કરે છે કમ્પલીટ

આપણી આંખ અને હોઠ પર લોકોનું ધ્યાન તરત જાય છે. આ જ કારણ છે કે મહિલાઓ આંખને આકર્ષક દેખાડવા માટે ખાસ મેકઅપની પસંદગી કરે છે. જોકે વાત જ્યારે હોઠની આવે તો તે કોઈપણ લિપ્સિટીક લગાવીને મેકઅપ કર્યાનો સંતોષ માની લે છે. એથી થોડા સમય બાદ લિપ્સિટીક ઝાંખી પડી જાય છે. આવી સ્થિતિને ટાળવા માટે લિપ પેન્સિલ કે લિપ લાઇનરનો ઉપયોગ કરી શકાય છે. જે હોઠના મેકઅપને જાદુઈ લુક આપે છે. લિપ પેન્સિલ વડે હોઠને શેપ આપવામાં આવે છે. એના માટે જરૂરી છે...

લિપ પેન્સિલ લિપ્સ્ટિક સાથે મેળ ખાતી હોવી જોઈએ. અલગ રંગની લિપ પેન્સિલથી હોઠ નાના અને વિચિત્ર દેખાય છે.

લિપ પેન્સિલથી આઉટલાઇન જ નહીં, પરંતુ ઉપર-નીચેના હોઠને પણ યોગ્ય આકાર આપવો જોઈએ. એનાથી ગરમીમાં લિપ્સ્ટિકનો રંગ ખરાબ નથી થતો.

કન્સિલર કે લૂઝ પાઉડર લગાવ્યા બાદ લિપ પેન્સિલથી હોઠની આઉટલાઇનિંગ કરવી અને ત્યારબાદ જ લિપ્સ્ટિક લગાવવી.


લિપ લાઇનરની ટોચ શાર્પ હોવી જોઈએ. ત્યારે જ હોઠને યોગ્ય આકાર આપી શકાશે.

ન્યૂડ રંગની લિપ પેન્સિલ કોઈપણ રંગની લિપ્સિટીક સાથે મૅચ થઈ જાય છે.

લિપ્સ્ટિકના કલર કરતાં ડાર્ક શેડની લિપ પેન્સિલનો ઉપયોગ ન કરવો જોઈએ. દરેક રંગની લિપ્સિટીક સાથે મૅચ કરવા માટે અનેક લિપ પેન્સિલ ખરીદવી પડશે. એથી ન્યૂડ લિપ પેન્સિલ જ સારી રહેશે. ■

# પુરુષ

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com



## ઉત્પીડન મામલે પુરુષને કેમ અવગણવામાં આવે છે?

**પાકિસ્તાનના** પૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાન સાથે જેલમાં થયેલા કથિત જાતીય ઉત્પીડનના સમાચારે તાજેતરમાં સોશિયલ મીડિયા પર ખૂબ ચર્ચા જગાવી. ઈન્સ્ટાગ્રામ અને અન્ય પ્લેટફોર્મ્સ પર આ મુદ્દે ફની મીમ્સ વાયરલ થયા, જે દર્શાવે છે કે આ ઘટનાને ગંભીરતાથી લેવાને બદલે હળવાશથી લેવામાં આવી.

મીડિયામાં પણ આ સમાચારને ખાસ મહત્ત્વ ન અપાયું, ખાસ કરીને ભારતમાં, જ્યાં પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા અને ભારત- પાકિસ્તાન સંબંધોમાં વધતા તણાવને કારણે આ મુદ્દો હાંસિયામાં ધકેલાઈ ગયો.

ઠીક છે, આપણા દુશ્મન દેશ પ્રત્યે, આવા તણાવની સ્થિતિમાં આપણે કોઈ સહાનુભૂતિ ન દર્શાવીએ. જરૂર પણ નથી હાલમાં એવી કોઈ પણ ખોટી સહાનુભૂતિની. આમ છતાં, આપણે આને ઇમરાન ખાનના સંદર્ભે નહીં સમજીએ અને પુરુષોના સંદર્ભે સમજીએ તો આ ઘટના એક મહત્ત્વનો પ્રશ્ન ઊભો કરે છે કે શા માટે પુરુષો સાથે થતા જાતીય ઉત્પીડનના કિસ્સાઓને સમાજમાં ગંભીરતાથી લેવામાં આવતા નથી? બળાત્કાર અને જાતીય ઉત્પીડન, પછી તે સ્ત્રી હોય કે પુરુષ, એક ગંભીર ગુનો છે, પરંતુ પુરુષોના કિસ્સાઓ ઘણીવાર અવગણાય છે અથવા તેની મજાક ઉડાવવામાં આવે છે. ભારતમાં આ સમસ્યાનું સ્વરૂપ અને તેની અવગણનાનાં કારણોની ચર્ચા કરવી જરૂરી છે. જાતીય ઉત્પીડનની વાત આવે ત્યારે સમાજમાં એક લૈંગિક પૂર્વગ્રહ પ્રવર્તે છે, જે માને છે કે પુરુષો આવા ગુનાનો ભોગ બની શકે નહીં. આ પૂર્વગ્રહનું મૂળ સામાજિક રૂઢિઓમાં રહેલું છે, જે પુરુષને શક્તિશાળી અને અજેય તરીકે દર્શાવે છે. આવી માનસિકતા પુરુષને એની ઉત્પીડનની ફરિયાદ કરવામાં અચકાવે છે અટકાવે છે, કારણ કે એને ડર હોય છે કે એની મજાક ઉડાવવામાં આવશે અથવા એના પુરુષત્વ પર સવાલ ઉઠાવવામાં આવશે.

ભારતમાં, નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (એનસીઆરબી)ના આંકડા મુજબ, જાતીય ઉત્પીડનના મોટાભાગના કેસ સ્ત્રીઓ સાથે જોડાયેલા હોય છે, પરંતુ પુરુષ સાથેના કેસનો ડેટા નોંધપાત્ર રીતે ઓછો દર્શાવવામાં આવે છે. ઉદાહરણ તરીકે, ૨૦૨૨માં એનસીઆરબીએ ૩૧,૫૧૬ બળાત્કારના કેસ નોંધ્યા, જેમાં મોટાભાગના પીડિતો સ્ત્રીઓ હતી, પરંતુ પુરુષો સાથેના કેસની સંખ્યા નહિવત હતી. આનું કારણ એ નથી કે પુરુષો સાથે ઉત્પીડન થતું નથી, પરંતુ તેની નોંધણી ઓછી થાય છે.

એક અભ્યાસ મુજબ, ભારતમાં ૦.૨૫% પુરુષો જાતીય શોષણનો ભોગ બને છે, પરંતુ માત્ર ૨- ૩% કેસમાં જ ફરિયાદ નોંધાય છે. આ આંકડા દર્શાવે છે કે પુરુષોના જાતીય ઉત્પીડનના કેસ અન્ડર-રિપોર્ટેડ છે, જે સામાજિક કલંક અને કાનૂની મર્યાદાઓને કારણે છે.

ભારતનું કાનૂની માળખું પણ પુરુષના જાતીય ઉત્પીડનને ગંભીરતાથી લેવામાં નબળું પડે છે..

૨૦૨૩માં ભારતીય દંડ સંહિતા (આઈપીસી)ને બદલે નવી ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) લાગુ કરવામાં આવી, જે જાતીય ગુનાઓને વ્યાખ્યાયિત કરે છે. જોકે, બીએનએસની કલમ ૬૩થી ૭૩ સુધીની જોગવાઈઓ, જે જાતીય ઉત્પીડન અને બળાત્કારને આવરે છે, તે મુખ્યત્વે સ્ત્રીઓ પર થતા ગુનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. પુરુષ સાથે થતા જાતીય શોષણને બીએનએસની કલમ ૩૭૭ના સમકક્ષ જોગવાઈ હેઠળ ગેરકાયદેસર જાતીય કૃત્યો તરીકે ગણવામાં આવે છે, પરંતુ આ જોગવાઈનો ઉપયોગ પુરુષોના શોષણના કેસમાં ભાગ્યે જ થાય છે, કારણ કે તેનું ફોકસ બિનસંમતિપૂર્ણ સમલૈંગિક સંબંધો પર વધુ રહે છે.

આ ઉપરાંત, પોલીસ અને સમાજની માનસિકતા પુરુષોની ફરિયાદોને ગંભીરતાથી લેતી નથી, જેના કારણે પીડિતો ચૂપ રહેવાનું પસંદ કરે છે. સોશિયલ મીડિયા પર ઈમરાન ખાનના કેસની મજાક ઉડાવવી એ પણ આ જ સમસ્યાનું પ્રતિબિંબ છે, જે દર્શાવે છે કે પુરુષના ઉત્પીડનને હળવાશથી લેવાની વૃત્તિ વ્યાપક છે.

ભારતમાં પુરુષો સાથે જાતીય ઉત્પીડનના કેસ ઘણીવાર જેલ, શાળા, કાર્યસ્થળ કે ઘરેલું પરિસ્થિતિમાં જોવા મળે છે.

ઉદાહરણ તરીકે, ૨૦૨૫માં ચેન્નાઈમાં એક ટેક ઉદ્યોગસાહસિકે એની પત્ની અને પોલીસ પર હેરાનગતિનો આરોપ લગાવ્યો, જેમાં જાતીય શોષણનો પણ સમાવેશ થતો હતો. આવા કેસ દર્શાવે છે કે પુરુષ પણ શોષણનો ભોગ બની શકે છે, પરંતુ સમાજની ઉદાસીનતા અને કાનૂની અડચણોને કારણે ન્યાય મેળવવો મુશ્કેલ બને છે. આ સમસ્યાને ઉકેલવા માટે જાગૃતિ, કાનૂની સુધારા અને સામાજિક માનસિકતામાં પરિવર્તન જરૂરી છે. પુરુષોના જાતીય ઉત્પીડનને ગંભીર ગુનો તરીકે સ્વીકારવું અને તેની ફરિયાદોને ગંભીરતાથી સાંભળવી એ ન્યાયી સમાજની દિશામાં મહત્ત્વનું પગલું હશે. ■



## ડિયર હની... તારો બન્ની
### પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## હાલે ના પેટનું પાણી, એવી મારી જેઠાણી...!

**ડિયર હની,**

કોઈ પણ યુવતી સાસરે આવે તો એ સબંધ માત્ર પતિ સાથેનો નથી હોતો. પતિના આખા પરિવાર સાથે હોય છે ને એમાં ય કેટકેટલા સબંધો નિભાવવાના હોય છે. આ સબંધોમાં મીઠાશ હોય છે અને ખટાશ પણ. આપણા ઘરમાં સાસુ સાથે તો થોડા સમયમાં તને ગોઠી ગયું હતું, પણ જેઠાણી સાથે કેવું જામે છે? એ હું જોતો હતો. આ સંબંધ જરા અટપટો હોય છે. એમાં કેટલાક પેચ હોય છે. જરા જેટલી ગેરસમજ થાય તો એવી ગૂંચ પડે છે કે જે જલદી ઉકલતી નથી. એનાં કારણો છે. જેઠાણી એ ઘરની પહેલી વહુ હોય છે. એણે સાસુનું 'રાજ' જોયું હોય છે. એનો તાપ સહન કર્યો હોય છે. અલબત, બધા ઘરમાં એવું નથી હોતું, પણ જે જેઠાણીએ સાસુનો ત્રાસ સહન કર્યો હોય એ પછી રાહ જોતી હોય છે કે દેરાણી આવે એટલી વાર..એના પર જોહુકમી કરવા એ તત્પર હોય છે.

અહીંથી સમસ્યા શરૂ થાય છે. ઘરમાં આવેલી નવીસવી વહુ સાસુ સાથે કોઈ દલીલ કરતી નથી. કોઈ સમસ્યા થાય, મૂંઝારો થાય તો એ જેઠાણી પાસેથી માર્ગદર્શન મળી રહે એવી અપેક્ષા રાખતી હોય છે. એમાં જેઠાણીનો સહકાર ના મળે તો ઘરની શાંતિમાં જરૂર ખલેલ પડે છે. વડોદરામાં તો મિલકતના એક ઝગડામાં જેઠાણીએ દેરાણી પર જાનલેવા હુમલો કર્યો હતો અને પોલીસ ફરિયાદ થઇ હતી. આવું આપણા સમાજમાં બનતું આવ્યું છે.

આ સંબંધની જેટલી જટિલતા છે એટલી સુંદરતા પણ છે. થોડી સમજણથી કામ લેવાય તો સુખદ પરિણામો મળે છે.

સુરતમાં દેરાણી- જેઠાણી વડા પાઉં જાણીતી જગ્યા છે. એના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા છે. એક રેકડીમાં દેરાણી-જેઠાણી સાથે મળી ફાસ્ટ ફૂડ બનાવે છે. એની ક્લિપ જુઓ તો મજા આવે.

'આ મારી દેરાણી છે અને આ મારી જેઠાણી છે...' એવું બંને એકબીજા માટે કહે ત્યારે સબંધોની સુવાસનો અહેસાસ થાય. સોશિયલ મીડિયામાં પર એક પોસ્ટમાં આ વિશે વીડિયો મુકાયો, જેમાં લખ્યું હતુંઃ 'જ્યારે દેરાણી-જેઠાણી ઝઘડો નહીં, પણ બિઝનેસ ચલાવે!'

મને ખબર છે કે, તારે શરૂઆતમાં જેઠાણી સાથે નાનો-મોટો સંઘર્ષ થયેલો. સ્ત્રીઓમાં એક સમસ્યા એ પણ છે કે, એમના હાથમાં ઘરની જે વ્યવસ્થા હોય એમાં કોઈ અન્ય વ્યક્તિ આવે તો શરૂઆતમાં એને એ ગમતું નથી. દેરાણી-જેઠાણીના ઝગડા ઘણાં ઘરોમાં થાય છે, પણ કેટલાક કિસ્સા મજાના હોય છે.

અમદાવાદની નજીકના એક ગામમાં રહેતી હતી સુનીતા (જેઠાણી) અને લલિતા (દેરાણી). સુનીતા ઘરનું સંચાલન કરવામાં નિપુણ હતી, પરંતુ એનો સ્વભાવ થોડો કડક હતો. લલિતા નવી વહુ તરીકે, શરૂઆતમાં સુનીતાની નિર્દેશોને અનુસરવામાં ખચકાતી. એક દિવસ ગામમાં ગરબાનું આયોજન થયું. અને બંનેને ગરબાના ડ્રેસ સીવવાની જવાબદારી સોંપાઈ. સુનીતાને સીવણનો અનુભવ હતો, જ્યારે લલિતાને ડિઝાઇનનો શોખ હતો.

શરૂઆતમાં બંને વચ્ચે નાનો વિવાદ થયો, કારણ કે સુનીતા પરંપરાગત ડિઝાઇન ઇચ્છતી હતી, જ્યારે લલિતા આધુનિક ડિઝાઇન ઇચ્છતી હતી, પરંતુ લલિતાએ એક સાંજે સુનીતાને બેસાડી અને કહ્યુંઃ 'બેન, આપણે બંનેની કળાને જોડીએ. તમે સીવણ કરો, હું નવી ડિઝાઇન બનાવું...' આ ઘટનાએ એમની વચ્ચે નવો

બંનેએ સાથે મળીને એવા ડ્રેસ બનાવ્યા કે ગામના બધાએ વખાણ કર્યા. આ ઘટનાએ એમની વચ્ચે નવો વિશ્વાસ જન્માવ્યો. આ અનુભવે એમને એટલા પ્રભાવિત કર્યા કે બંનેએ નાનો બુટિક શરૂ કર્યો. સુનીતા સીવણ અને ગુણવત્તાનું ધ્યાન રાખતી, જ્યારે લલિતા નવી ડિઝાઇન અને ગ્રાહકો સાથેની વાતચીત સંભાળતી. એમનો વ્યવસાય બરાબર જામી ગયો. ગામમાં એમની જોડીની ચર્ચા થવા લાગી.

આપણા લોક સાહિત્યમાં તો આવા સબંધો માટે બહુ બધું લખાયું છે.

**ધમ ધમક ધમ ધમ ધમ... સાંબેલું...**
**અલક મલકનું અલબેલું... સાંબેલું...**
આ લોકગીત બહુ જાણીતું છે. પણ એમાં આ લાઈન જુઓ ...
**જેવી ઘઉંમાં કાંકરી, નણંદ મારી આકરી**
**હાલે ના પેટનું પાણી, એવી મારી જેઠાણી...**
**બીજા એક લોકગીતમાં લખાયું છે :**
**દેરાણી જેઠાણી ખાંડે ધાન,**
**મેં સાંભળ્યુ' તું કાનોકાન.**
**મેરી પાડોશણ ચાવલ છડે,**
**ઓર મેરે હાથ ભંભોલા પડે**

લોકગીતોનો અભ્યાસ કરજે ..કદાચ સ્ત્રીને અહીં જેટલી આઝાદી મળે છે એ ક્યાંય મળતી નથી. એમાં દેરાણી, જેઠાણી કે પછી નણંદ કે સાસુ, દેર કે જેઠ... કોઈની પણ મજાક મશ્કરી થઈ શકે છે. એટલે જૂના જમાનામાં બધું જટિલ જ હતું એવું ય નથી. દરેક જમાનામાં સારું પણ હોય છે અને નરસું પણ. કમનસીબે આજે સંયુક્ત કુટુંબ ઘટી ગયા છે અને વિભક્ત કુટુંબમાં આવા સબંધોને સ્થાન નથી હોતું.

**તારો બન્ની**

## 'સ્વ' માટે પણ જીવવાનું શીખો...




feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

'મમ્મી ક્યાં છે તું? જલદી ઘેર આવી જા. તું ક્યારે આવશે અને ક્યારે રસોઈ બનાવશે? પિન્કીને ભૂખ લાગી છે અને સારિકા પણ જોબ પરથી ભૂખી થઈને આવશે' ચેતને મમ્મીને ફોન કર્યો.

'અરે, તને કહીને તો ગઈ હતી. આજે અમારા સંગીત ક્લાસનો વાર્ષિકોત્સવ છે. અમારો કાર્યક્રમ તો મોડે સુધી ચાલશે. પછી મારે તો અહીં જ જમવાનું છે તમે લોકો આજે તમારી વ્યવસ્થા કરી લેજો' શીલાએ પુત્ર ચેતનને કહ્યું.

'ચાલો, અમે ત્રણેય તો બહારથી મંગાવી લઈશું, પણ પપ્પાનું શું? પપ્પા શું ખાશે? એ પછી સારિકાને પૂછશે જમવા માટે.'

'તમે ત્રણનું ખાવાનું બહારથી મંગાવી લેશો તો તારા પપ્પાનું નહીં મંગાવી લો? રોજ હું તમને બધાંને બનાવીને જમાડું છું. આજે એક દિવસ તમે તમારા પપ્પાને જમાડી દેજો.' શીલાએ ગુસ્સાથી કહ્યું.

'મમ્મી, આજકાલ તારાં નાટક બહુ વધી ગયાં છે. રોજને રોજ ક્યાંક જવાનું હોય. આજે આ કાર્યક્રમને કોલ પેલો કાર્યક્રમ' ચેતને ગુસ્સામાં બોલીને ફોન કટ કર્યો.

ચેતનના ફોનને કારણે શીલા અપસેટ થઈ ગઈ. એ આજે એક ગાયન સ્પર્ધામાં ભાગ લેવા માટે આવી હતી. શીલાનો કંઠ સારો હતો અને સારું ગાઈ શકતી હતી. લગ્ન પછી સાંસારિક જવાબદારીઓના બોજ હેઠળ તે દબાઈ ગઈ હતી અને સાથે તેનો ગાવાનો શોખ અને આવડત પણ. આ તો ભલું થજો એની કોલેજની બહેનપણી લીનાનું. એક દિવસ લીના શીલાને માર્કેટમાં મળી ગઈ ને એમની સ્મરણયાત્રા શરૂ થઈ. લીનાએ પૂછ્યું, 'શીલા, તું કેટલું સરસ ગાતી હતી. કોલેજમાં બધાં તારા ગાયનના દીવાના હતાં. કેવું ચાલે છે તારું ગાવાનું? કાંઈ પ્રોગ્રેસ કર્યો કે બધું બંધ કરી દીધું?'

'લીના, હવે તો બધું બંધ થઈ ગયું છે પારિવારિક જવાબદારીઓમાં એટલી બધી ગૂંચવાઈ ગઈ છું કે હવે ગાવાની વાત તો દૂર રહી, ગણગણવાનું પણ ભૂલી ગઈ છું.' શીલાએ જવાબ આપ્યો.

'આપણી પેઢીની સ્ત્રીઓનું આજ દુઃખ છે. પરિવાર માટે પોતાની જાતને ભૂલી જાય છે. પોતાને ગમતું કાંઈ કરતી નથી. બીજાને માટે જ જીવે છે પરિવારને સમર્પિત થઈ જાય છે, પણ તારી પાસે મને આવી અપેક્ષા ન હતી. તું તો કેવી ચંચળ હરિલી શી હતી. ગાતાગાતા તું પણ નાચવા લાગતી!'

'તે દિવસો ગયા, લીના. હવે તો સંસારની જવાબદારીઓમાં ગળાડૂબ છું. તને તો ખ્યાલ છે. મારા પતિદેવ તો ઢીલા... ઢીલા એટલે કમાવવામાં ઢીલા. હા, સ્વભાવ તો ગરમ.... એમને રસોઈ પણ ગરમાગરમ જ જોઈએ એટલે ઘર, વર અને રસોડામાં હું જોતરાઈ ગઈ. દીકરો જન્મ્યો એટલે એને ઉછેર્યો ભણાવ્યો- ગણાવ્યો ને પરણાવ્યો. વહુ આવી એટલે પરિવારમાં એક વ્યક્તિના વધારો થયો અને મારી જવાબદારીમાં પણ એક વ્યક્તિનો વધારો.... વહુ નોકરી કરતી હતી એટલે એનું ટિફિન બનાવવાનું અને ભરવાનું કામ વધ્યું. પછી પૌત્રી જન્મી એટલે પૌત્રીને ઉછેરવાની-બેબી સીટિંગ કરવાની જવાબદારી નથી. સાવ બંધાઈ ગઈ. કામ-કામ અને બસ કામ. ...મારે. ઘરમાં બધાંની જરૂરિયાત પૂરી કરવા માટે એક જ વ્યક્તિ તે હું- એક પત્ની, એક મા, એક સાસુ, એક દાદી. લીના, બસ આ છે મારી જિંદગી આમાં ક્યાંય સંગીતની સુરાવલીને સ્થાન નથી. અમારે ઘેર તો સવારથી શોર શરૂ થઈ જાય છે. કલશોરને કોઈ સ્થાન નથી.'

'શિલા, આ ખોટું છે. તારી જેવી પ્રતિભા આમ વેડફાઈ જાય તે મારાંથી સહન નહીં થાય. આજ સુધી તે કાંઈ ન કર્યું તે ભૂલી જઈએ. નવેસરથી શરૂઆત કરીએ.' લીનાએ કહ્યું.

'લીના, હવે આ ઉંમરે શું કરી શકાય?'

'જાગ્યા ત્યારથી સવાર.... આપણે બધાં આવું કહીએ છીએ ને? તો એ વાતને હવે તારે સાબિત કરી દેવાની છે અને તારી ટેલેન્ટ એળે જાય સાંખી ન શકાય...તારી સાથે હું છુંને!' લેવાની નથી લીનાએ મક્કમતાથી કહ્યું.

'હવે હું આ બધાંથી ટેવાઈ ગઈ છું. તારી વાત કર. તને પણ સંગીતાનો શોખ હતો.

'હા, મેં તો મારા શોખને આગળ વધાર્યો છે હું ગાઉ છું. કાર્યક્રમ કરું છું. સંગીત-ક્લાસ ચલાવું છું. તું કાલથી જ મારાં ક્લાસમાં આવી જા. હું તને બધી સરગમ રીફ્રેશ કરાવી દઈશ. ફક્ત ધૂળ ખંખેરવાની છે...!'

આમ તો શીલા ઘરમાંથી નીકળી શકતી ન હતી. પણ લીનાએ પાછળ પડીને એને ઘરમાંથી બહાર કાઢી. શીલાની સેવા લેવાને ટેવાયેલાં પરિવારજનોને સ્વાભાવિક રીતે જ આ બધું ન ગમે. ઘરમાં કચકચ ચાલુ થઈ ગયું. બધા નારાજ થઈ ગયા,પણ લીનાના સપોર્ટને કારણે શીલા બધાંને નજર અંદાજ કરીને સંગીત ક્લાસમાં જવા લાગી. ફરીથી રિયાઝ શરૂ કર્યો. સારું ગાવા લાગી.

આજે ગાયન સ્પર્ધા હતી. તેમાં શીલાએ ભાગ લીધો હતો. બહુ મોડું થવાનું હતું તે પરિવારજનોને ન ગમ્યું, પણ શીલાએ મન મક્કમ કર્યું હતું જેને જે કરવું હોય તે કરે હું કાર્યક્રમ અધુરો મૂકીને જવાની નથી.

શીલાએ એ પ્રોગ્રમમાં ગાયું. તાળીઓના ગડગડાટ થયો. ૨૫,૦૦૦ રૂપિયાનો પ્રથમ પુરસ્કાર એને મળ્યો! ટ્રોફી, શાલ અને પુરસ્કાર....અભિનંદનનો વરસાદ વરસ્યો. ખુશ થતી થતી શીલા ઘેર આવી. બેલ મારી.

મોઢું ચઢાવેલ પતિએ દરવાજો ખોલ્યો. શીલાને હતું પતિને-પુત્રને-પુત્રવધૂને સૌને પુરસ્કાર વિષે વાત કરે પણ કોઈ કાંઈ બોલ્યું જ નહીં. રસોડામાં વેરવિખેર વાસણોનો ખડકલો પડ્યો હતો. એને કોઈએ કાંઈ પૂછ્યું નહીં. કોઈએ અભિનંદન આપ્યા નહીં. પણ હવે શીલા મક્કમ છે પોતાની જિંદગી જીવવા માટે પરિવારની એ અવગણના નહીં કરે. બનતું બધું જ કરશે,પણ હવે પોતાની માટે પણ સમય આપશે. પોતાની માટે જીવશે.

જીવન-સંધ્યાએ પહોંચેલી દરેક સ્ત્રીએ શીલાની માફક 'સ્વ' માટે જીવવાની શરૂઆત કરવી જ જોઈએ. ■

## નવી ફેશનઃ ફલોરલ શર્ટ્સ

વિશેષ
ખુશી ઠક્કર
feedback@bombaysamachar.com

કોર્પોરેટ વર્લ્ડમાં કામ કરતો પુરુષ કે પછી કોઈ ધંધાદારી ફેશન અંગે એક મહિલાથી પણ વધારે સજાગ હોય છે. તેઓની પોતાની એક આગવી સ્ટાઈલ હોય છે કે જેમાં તેઓ ઋતુ પ્રમાણે પોતાને હિસાબે ફેરફાર કરે છે. જેમકે શિયાળામાં હુડી અને લેધર જેકેટ પહેરે છે તો ઉનાળામાં તેઓ ફેન્સી ફ્લોરલ શર્ટ પહેરતા પણ અચકાતા નથી. ચાલો જાણીયે ફ્લોરલ શર્ટ કઈ કઈ રીતે પહેરી શકાય.

દરેક પુરુષ પાસે એક ફ્લોરલ શર્ટ તો હોવું જ જોઈએ.ફ્લોરલ શર્ટમાં ઘણી વેરાઈટી આવે છે જેમકે, વાઈટ બેઝ પર ફ્લોરલ પ્રિન્ટ કે પછી કલરફુલ બેઝ પર ફ્લોરલ પ્રીંટ. વાઈટ બેઝ પર કોઈ સિંગલ કલરની પ્રિન્ટ હોય અથવા બે કે ત્રણ કલરના ફ્લાવરની પ્રિન્ટ અથવા તો મલ્ટી કલરના ફ્લાવરની પ્રિન્ટ હોય છે. તમે તમારી ચોઈઝ અને પર્સનાલીટી મુજબ શર્ટની પસંદગી કરી શકો. વાઈટ બેઝ પર સિંગલ કલરનાં ફ્લાવર એક સટલ લુક આપે છે જ્યારે વાઈટ બેઝ પર મલ્ટિ કલરના ફ્લાવર એક બ્રાઈટ એન્ડ કલરફુલ લુક આપે છે.



**ડેનિમઃ** ડેનિમ પર ફ્લોરલ શર્ટ એક કેઝ્યુઅલ લુક આપે છે. જો તમે કોર્પોરેટ કંપનીમાં કામ કરતાં હોવ તો તમે વાઈટ બેઝ પર સિંગલ કલરમાં આવેલી ફ્લોરલ પ્રિન્ટવાળુ શર્ટ પહેરી શકો. આમ તો ડેનિમ પર કોઈ પણ કલર કોમ્બિનેશનવાળું શર્ટ પહેરી શકાય. આ શર્ટનું ફેબ્રિક લીનનમાં હોવું જોઈએ અથવા તો રેયોન ફેબ્રિકમાં હોવું જોઈએ. લાઈટ બ્લુ કલરના ડેનિમ સાથે કોઈ પણ લાઈટ કે બ્રાઈટ કલરનું શર્ટ પહેરી શકાય જેમકે , વાઈટ ક્લરના બેઝ પર મલ્ટિકલર ફ્લાવરની ડિઝાઈન અથવા તો ઓરેન્જ કે યલ્લો કલરના શર્ટ સાથે કોઈ બ્રાઈટ કલરની ફ્લોરલ ડિઝાઈનવાળુ શર્ટ પહેરી શકાય.

શોર્ટ્સ - શોર્ટ્સ સાથે મીક્સ એન્ડ મેચ કરવું બહુ સહેલુ છે ડિપેન્ડિંગ કે તમે કઈ ટાઈપની શોર્ટ્સ પહેરી છે. જેમકે જો તમારે ફ્લોરલ શર્ટ પહેરવા હોય અને જો તમે ફેન્સી કપડાં પહેરી શકતા હોવ તો રેડ કલરની શોર્ટ્સ કે પછી રોયલ બ્લુ કલરની શોર્ટ્સ પહેરી શકાય. આ બન્ને શોર્ટ્સ સાથે બેજ કલરના બેઝ પર આવેલી ફ્લોરલ પ્રીન્ટ સારી લાગશે. તમારી પાસે બે ઓપ્શન છે એક કે તમે કોન્ટ્રાસ્ટ કલર કોમ્બિનેશનમાં શોટ્સ સાથે ફ્લોરલ શર્ટ પહેરો એટલે કે, બ્લેક શોટ્સ સાથે વાઈટ કલરનું ફ્લોરલ પ્રિન્ટનું શર્ટ, બેજ કલરની શોર્ટ્સ સાથે બ્લુ કલરનું શર્ટ એક હટકે લુક આપી શકે.

**ધ્યાનમાં રાખવા જેવી બાબતો :**

- શર્ટના ફીટીંગનું ખાસ ધ્યાન રાખવું જેમકે , જો તમારું શરીર સુડોળ હોય તો તમે બોડી ફીટ શર્ટ પહેરી શકો.
- જો તમારું શરીર થોડું ભરેલું હોય તો થોડા લૂઝ શર્ટ પહેરવા જેથી કરી પેટ અને કમરનો ભાગ વધારે ન લાગે.
- શર્ટની હેમલાઈન એપ્પલ કટ પહેરવી કે સ્ટ્રેટ કટ પહેરવી એ તમારી પરસનલ ચોઈસ છે.■




### ભૂતપૂર્વ ઓપનિંગ બૅટ્સમૅને ‘ઑપરેશન સિંદૂર’ની વાહ-વાહ કરતા કહ્યું...

# ‘અગર કોઈ આપ પર પત્થર ફેંકે તો ફૂલ ફેંકો, લેકિન ગમલે કે સાથ’

મુંબઈ: ભારત સરકારની સૂચના મુજબ દેશના સંરક્ષણ ક્ષેત્રના જવાનોએ પાકિસ્તાનમાં આતંકવાદીઓના છૂપા સ્થાનો પર સફળતાપૂર્વક ઓચિંતા હવાઈ હુમલા કર્યા એના પર ઘણા ક્રિકેટરોએ પ્રતિક્રિયા આપી છે અને એમાં ખાસ કરીને ‘ ક્રિકેટના ભગવાન’ સચિન તેન્ડુલકરે ‘ઑપરેશન સિંદૂર’ અભિયાનને પૂરો સપોર્ટ આપતા ‘ એક્સ’ પરની પોસ્ટમાં પ્રેરક વિધાનો લખ્યા છે. બીજી

## દુનિયામાં આતંકવાદ માટે કોઈ સ્થાન નથીઃ સચિન

ખાસ વાત એ છે કે સચિનના જ ભૂતપૂર્વ સાથી બૅટ્સમૅન વીરેન્દર સેહવાગે આ કાર્યવાહીની પ્રશંસા કરતા મીડિયામાં જણાવ્યું છે કે ‘અગર કોઈ આપ પર પત્થર ફેંકે તો ઉસ પર ફૂલ ફેંકો, લેકિન ગમલે કે સાથ.’ સચિને ‘એક્સ’ પરની પોસ્ટમાં લખ્યું, ‘એકતામાં નીડર, શક્તિમાં અસીમ. આપણે બધા એકત્રિત છીએ અને આપણા બધાની તાકાત પણ આ એક્તામાં જ છે. જનતા ભારતની અસલી તાકાત છે. દુનિયામાં આતંકવાદ માટે કોઈ સ્થાન નથી. આપણે બધા એક ટીમનો હિસ્સો છીએ.’

સચિન ઉપરાંત વીરેન્દર સેહવાગ, હરભજન સિંહ, ગૌતમ ગંભીર, સુરેશ રૈના, આકાશ ચોપડા અને પ્રજ્ઞાન



ઓઝાએ પણ ભારત સરકાર અને ભારતીય સૈનિકોની પ્રશંસા કરતી પોસ્ટ મીડિયામાં મૂકી હતી. ■

# હાર્દિકે બે નો-બૉલ ફેંક્યા, છેલ્લી ઓવર પોતે ન કરી, રનઆઉટ ગુમાવ્યોઃ ગુજરાત ફાવી ગયું, મુંબઈ હારી ગયું

મુંબઈ: મુંબઇ ઈન્ડિયન્સનો મંગળવારે મોડી રાત્રે વાનખેડે સ્ટેડિયમમાં ગુજરાત ટાઇટન્સ સામે મેઘરાજાનાં વિઘ્નો પછીના દિલધડક મુકાબલામાં છેલ્લા બૉલ પર પરાજય થયો એ સાથે મુંબઈ ટીમ-તરફી અસંખ્ય લોકોના દિલ તૂટી ગયા હતા અને આઇપીએલની ૨૦૨૨ની ચેમ્પિયન ટીમ ગુજરાતના ફેન્સ રોમાંચિત થઈ ગયા હતા.

મુંબઈની સતત છ જીતનો વિજયરથ અટકી ગયો હતો. મુંબઈની આ હાર માટે ખુદ કેપ્ટન હાર્દિક પંડ્યા જવાબદાર હોવાનું ક્રિકેટ ચાહકોનું માનવું છે. અમુક બાબતોમાં ખુદ હાર્દિકે પોતાની ભૂલ કબૂલ કરી છે. તેણે મૅચના છેલ્લા બૉલમાં રનઆઉટની તક ગુમાવી અને તેની ભૂતપૂર્વ ટીમ ગુજરાત ટાઇટન્સ જીતી ગઈ હતી.

મુંબઈએ ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૫૫ રન કર્યા ત્યાર બાદ ગુજરાતે વરસાદનાં વિઘ્નો પછી મળેલા નવા ટાર્ગેટમાં નિર્ધારિત ૧૯ ઓવરમાં સાત વિકેટે ૧૪૭ રન કરીને રોમાંચક વિજય મેળવ્યો હતો. આ ૧૪૭ રનમાં ગિલ (૪૩), બટલર (૩૦), રૂધરફર્ડ (૨૮), કોએટ્ઝી (૧૨) અને તેવાટિયા (૧૧ અણનમ)ના યોગદાનો હતા.

૧૯ ઓવરમાંથી હાર્દિકે ફક્ત એક ઓવર બોલિંગ કરી હતી જેમાં ૧૮ રન બન્યા હતા. ખુદ હાર્દિકે છેલ્લી ૧૯મી ઓવર કરવી જોઈતી હતી, પણ તેણે એ ઓવર દીપક ચાહરને આપી હતી.



હતાશ હાર્દિક પંડ્યા (બીસીસીઆઇ)

### છેલ્લી ઓવરમાં શું બન્યું?

મૅચની અંતિમ ઓવરમાં ગુજરાતે જીતવા ૧૫ રન કરવાના હતા. હાર્દિકે એ ઓવરની જવાબદારી દીપક ચાહરને સોંપીને બધાને આશ્ચર્યમાં મૂકી દીધા હતા. પહેલા ત્રણ બૉલમાં એક સિક્સર અને એક ફોર સહિત ૧૧ રન થઈ ગયા હતા અને જીતવા માત્ર ચાર રન બાકી હતા. ચોથો બૉલ નો-બૉલ હતો જેમાં એક રન પણ બન્યો હતો જેને પગલે ગુજરાતે હવે ત્રણ બૉલમાં ફક્ત બે રન કરવાના બાકી હતા. ચોથા બૉલમાં રાહુલ તેવાટિયાએ એક રન લીધો હતો અને સ્કોર એકસમાન (લેવલ) થઇ ગયો હતો. કોએટ્ઝી સ્ટ્રાઈક પર આવ્યો હતો જે સ્કેવર લેગમાં નમન ધીરને કૅચ આપી બેઠો હતો. મૅચના અંતિમ બૉલમાં અર્શદ ખાન સ્ટ્રાઈક પર હતો, વિકેટકીપર રાયન રિકલ્ટન ગ્લવ્ઝ કાઢીને ઊભો રહી ગયો હતો. અર્શદિ ચાહરના ઑફ સ્ટમ્પની બહારના બૉલને મિડ-ઑફ તરફ મોકલ્યો હતો અને વિજયી રન લેવા દોડ્યો હતો. હાર્દિકે બૉલ કલેક્ટ કરીને નોન-સ્ટ્રાઇક એન્ડ પરના સ્ટમ્પ્સ પર ફેંક્યો હતો, પરંતુ સ્ટમ્પ્સને બૉલ લાગ્યો નહોતો. જોકે ખુદ બોલર દીપક ચાહર બૅક-અપ તરીકે બૉલ કલેક્ટ કરવાને બદલે સ્ટમ્પ્સથી ખૂબ દૂર ઊભો હતો એટલે અર્શદ ખાન રન પૂરો કરવામાં સફળ થયો હતો.

હાર્દિકે રનઆઉટનો સોનેરી મોકો તો ગુમાવ્યો, મૅચ પછી તેણે ખુદ કહ્યું હતું કે ‘અમે કેટલાક કૅચ છોડ્યા એના કરતાં અમે જે નો-બૉલ ફેંક્યા એ અમને વધુ ભારે પડ્યા. મારી એકમાત્ર ઓવરમાં બે નો-બૉલ હતા અને છેલ્લી ઓવરમાં દીપકથી એક નો-બૉલ પડી ગયો હતો. આ ત્રણ નો-બૉલને કારણે અમારે પરાજય જોવો પડ્યો. ટી-૨૦ મૅચમાં નો-બૉલ તો મોટો ક્રાઈમ કહેવાય અને એ જ ભારે પડતો હોય છે અને લાંબા સમય સુધી આઘાત આપતો હોય છે.’

હાર્દિકની એકમાત્ર ઓવરમાં બે નો-બૉલ ઉપરાંત ત્રણ વાઈડ બૉલ પણ પડ્યા હતા.

હાર્દિકની ઓવર ૧૧ બૉલ સુધી ચાલી હતી અને આઈપીએલમાં સૌથી લાંબી ઓવરના વિક્રમની બરાબરી કરી હતી. એ ઓવરમાં ૧૮ રન બન્યા હતા.

### આઈપીએલ-૨૦૨૫માં કઈ ટીમ કેવી સ્થિતિમાં?

| ક્રમ | ટીમ | મૅચ | જીત | હાર | અનિર્ણીત | પૉઇન્ટ | રનરેટ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગુજરાત | ૧૧ | ૮ | ૩ | ૦ | ૧૬ | +૦.૭૯૩ |
| ૨ | બેંગલૂરુ | ૧૧ | ૮ | ૩ | ૦ | ૧૬ | +૦.૪૮૨ |
| ૩ | પંજાબ | ૧૧ | ૭ | ૩ | ૧ | ૧૫ | +૦.૩૭૬ |
| ૪ | મુંબઈ | ૧૨ | ૭ | ૫ | ૦ | ૧૪ | +૧.૧૫૬ |
| ૫ | દિલ્હી | ૧૧ | ૬ | ૪ | ૧ | ૧૩ | +૦.૩૬૨ |
| ૬ | કોલકાતા | ૧૧ | ૫ | ૫ | ૧ | ૧૧ | +૦.૨૪૯ |
| ૭ | લખનઊ | ૧૧ | ૫ | ૬ | ૦ | ૧૦ | -૦.૪૬૯ |
| ૮ | હૈદરાબાદ | ૧૧ | ૩ | ૭ | ૧ | ૭ | -૧.૧૯૨ |
| ૯ | રાજસ્થાન | ૧૨ | ૩ | ૯ | ૦ | ૬ | -૦.૭૧૮ |
| ૧૦ | ચેન્નઈ | ૧૧ | ૨ | ૯ | ૦ | ૪ | -૧.૧૧૭ |

નોંધઃ (૧) તમામ આંકડા મંગળવારની મુંબઈ-ગુજરાત મૅચ સુધીના છે.

### મુંબઈની મૅચ ધરમશાલાને બદલે વાનખેડેમાં

ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલી વધી જતાં મુંબઈ અને પંજાબ વચ્ચેની રવિવાર, ૧૧મી મેની (બપોરે ૩.૩૦ વાગ્યાની) મૅચ હિમાચલ પ્રદેશના ધરમશાલામાંથી ખસેડીને મુંબઈના વાનખેડેમાં રાખવામાં આવશે, એવો અહેવાલ મળ્યો હતો. ■

# ધોનીએ ચેન્નઈને જિતાડીને રહીસહી આબરૂ સાચવી

### ઉર્વિલ પટેલની ડેબ્યૂ મૅચમાં ચાર સિક્સર, નૂરની ચાર વિકેટ

કોલકાતાઃ ચેન્નઈએ આજે અહીં કોલકાતાને બે બૉલ અને બે વિકેટ બાકી રાખીને પરાજિત કરીને આ સીઝનમાંથી વહેલી વિદાય લેતાં પહેલાં જીતવાનું ફરી શરૂ કરી દીધું હતું. ચેન્નઈની હજી બે મૅચ બાકી છે. ધોનીની ટીમે ૧૮૦ રનનો લક્ષ્યાંક ૧૯.૪ ઓવરમાં ૧૮૩/૮ના સ્કોર સાથે મેળવી લીધો હતો. કોલકાતાની ટીમ પ્લેઑફની રેસમાંથી લગભગ બહાર થઈ ગઈ છે. કોઈ ચમત્કાર જ એને બચાવી શકે. ચેન્નઈ વતી ડેવાલ્ડ બ્રેવિસે (બાવન રન, પચીસ બૉલ, ચાર સિક્સર, ચાર ફોર) સૌથી મોટું યોગદાન આપ્યું હતું. શિવમ દુબે (૪૫ રન, ૪૦ બૉલ, ત્રણ સિક્સર, બે ફોર) અને ધોની (૧૭ અણનમ, ૧૮ બૉલ, એક સિક્સર)ની જોડીની ૪૩ રનની ભાગીદારી મૅચ-વિનિંગ નીવડી હતી. ગુજરાત રાજ્યના ઉર્વિલ પટેલે આઇપીએલમાં પ્રશંસનીય ડેબ્યૂ કર્યું હતું. તેણે ચાર સિક્સર ફટકારી હતી. તેણે માત્ર ૧૧ બૉલમાં એક ફોર પણ ફટકારી હતી અને ૩૧ રન બનાવીને ચેન્નઈને જીતનો પાયો નાખી આપ્યો હતો. ■

# રોહિત શર્માએ કયો અહેવાલ વાઈરલ થયા બાદ અચાનક ટેસ્ટમાંથી સંન્યાસ લઈ લીધો?

### ▸ પહેલી જ ટેસ્ટમાં ૧૭૭ રન અને મૅન ઑફ ધ મૅચની સિદ્ધિ

મુંબઈ: ૩૮ વર્ષના રોહિત શર્માએ ૧૧ વર્ષની ટેસ્ટ કારકિર્દીને ગુડબાય કરી દીધી છે. તેણે ટેસ્ટમાંથી તાત્કાલિક અમલમાં આવે એ રીતે રિટાયરમેન્ટ જાહેર કરી દીધું છે. આવતા મહિને ઇંગ્લૅન્ડમાં રમાનારી પાંચ મૅચની ટેસ્ટ સિરીઝ પહેલાં રાષ્ટ્રીય પસંદગીકારો રોહિતના હાથમાંથી ટેસ્ટની કૅપ્ટન્સી પાછી લઈ લેવાની તૈયારીમાં છે એવો અહેવાલ થોડા કલાકથી વાઇરલ થયો હતો અને ત્યાર બાદ સાંજે અચાનક જ રોહિતે ટેસ્ટમાંથી નિવૃત્તિ લીધી હોવાની જાહેરાત થઈ હતી.

અજિત આગરકરના અધ્યક્ષસ્થાનમાં સિલેક્શન કમિટી ઇંગ્લૅન્ડની ટૂર માટેની ટેસ્ટ ટીમની જવાબદારી રોહિતને બદલે બીજા કોઈ ખેલાડીને સોંપશે અને બીસીસીઆઇ સિલેક્ટરોના નિર્ણયને સ્વીકારી લેશે એવો અહેવાલ બપોરે વાઇરલ થયો હતો. આ સંજોગોમાં રોહિતે સાંજે જાહેરાત કરી હતી કે તે તાત્કાલિક અમલમાં આવે એ રીતે ટેસ્ટ-ક્રિકેટમાંથી રિટાયરમેન્ટ લઈ રહ્યો છે.

### સુકાન માટે કયા ચાર દાવેદારોના નામ બોલાય છે?

રોહિતની નિવૃત્તિને પગલે હવે ટેસ્ટના સુકાનીપદ માટેના ચાર દાવેદારમાં જસપ્રીત બુમરાહ, કેએલ રાહુલ, શુભમન ગિલ અને રિષભ પંતનો સમાવેશ છે.

રોહિતની કૅપ્ટન્સીમાં ભારત વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપની ફાઇનલમાં પહોંચ્યું હતું. તેણે નિવૃત્તિની જાહેરાતમાં કહ્યું, ‘હેલો એવરીવન, હું તમને વાકેફ કરવા માગું છું કે હું ટેસ્ટમાંથી રિટાયરમેન્ટ લઈ રહ્યો છું. ટેસ્ટના સફેદ યુનિફૉર્મમાં દેશ વતી મને રમવા મળ્યું એ બદલ ગર્વ અનુભવું છું. આટલાં વર્ષો દરમ્યાન તમે બધાએ મને જે પ્રેમ અને સ્નેહ આપ્યો



એ બદલ તમારા સૌનો આભાર. હું વન-ડેમાં રમતો રહીશ.’

### ગંભીર સાથે ખટરાગ હતો?

રોહિત અને હેડ-કોચ ગૌતમ ગંભીર વચ્ચેના સંબંધો સારા ન હોવાની અટકળો હતી. ગંભીરે ગયા વર્ષે જુલાઈમાં હોદ્દો ગ્રહણ કરતી વખતે જાહેર કર્યું હતું કે તે ભારતીય ક્રિકેટમાંથી ‘સ્ટાર કલ્ચર’ દૂર કરશે અને માત્ર પર્ફોર્મન્સને આધારે જ ખેલાડીને ટીમમાં સ્થાન અપાવશે.

રોહિતનો જન્મ નાગપુરમાં થયો હતો, પણ તે બાળપણથી મુંબઈમાં રહ્યો, મુંબઈમાં ઉછર્યો અને ડોમેસ્ટિક ક્રિકેટમાં મુંબઈ વતી જ રમ્યો હતો.

રાઇટ-હૅન્ડ બૅટ્સમૅન રોહિતે જૂન, ૨૦૦૭માં પ્રથમ વન-ડે રમીને ભારત વતી આંતરરાષ્ટ્રીય કારકિર્દી શરૂ કરી હતી અને ત્યાર બાદ છ વર્ષે તેણે ટેસ્ટ ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો. તે નવેમ્બર, ૨૦૧૩માં ઈડન ગાર્ડન્સમાં વેસ્ટ ઇન્ડિઝ સામે કરીઅરની પહેલી ટેસ્ટ રમ્યો હતો. એ મૅચના પહેલા જ દાવમાં (ટેસ્ટ કારકિર્દીની પહેલી જ ઇનિંગ્સમાં) ૧૭૭ રન કરીને ટેસ્ટમાં ધમાકેદાર આગમન કર્યું હતું. ભારતે એ મૅચ એક દાવથી જીતી લીધી હતી અને રોહિતે એ ડેબ્યૂ ટેસ્ટમાં મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર જીતી લીધો હતો.

### રોહિતના ટેસ્ટ - પર્ફોર્મન્સ પર એક નજર...

(૧) રોહિત ૨૦૨૪ સુધીમાં કુલ ૬૭ ટેસ્ટ રમ્યો હતો જેમાં તેણે કુલ ૭,૫૩૮ બૉલનો સામનો કરીને ૪,૩૦૧ રન કર્યા હતા.

(૨) તેણે ૬૭ ટેસ્ટમાં ૧૨ સેન્ચુરી અને ૧૮ હાફ સેન્ચુરી ફટકારી હતી. તેની સૌથી વધુ (ચાર સેન્ચુરી) ઇંગ્લૅન્ડ સામે હતી.

(૩) તેણે એક ડબલ સેન્ચુરી (૨૦૧૯માં રાંચીમાં સાઉથ આફ્રિકા સામે) ફટકારી હતી.

(૪) ટેસ્ટમાં ૪૦.૫૭ તેની બૅટિંગ-ઍવરેજ હતી.

(૫) તેણે ૬૭ ટેસ્ટના ૧૧૬ દાવમાં ૮૮ સિક્સર અને ૪૭૩ ફોર ફટકારી હતી.

(૬) તેણે ટેસ્ટ મૅચોમાં કુલ ૬૮ કૅચ પકડ્યા હતા.

(૭) ઑફ-સ્પિનર રોહિતે ટેસ્ટમાં કુલ બે વિકેટ પણ લીધી હતી.

(૮) ૧૦ વાર તે ટેસ્ટ ક્રિકેટમાં નૉટઆઉટ રહ્યો હતો.

(૯) રોહિતે ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. એમાં તેણે કુલ ૪,૨૩૧ રન કર્યા હતા. હવે તે માત્ર વન-ડેમાં અને આઇપીએલમાં જ રમતો જોવા મળશે.

(૧૦) વન-ડે ક્રિકેટ રોહિતની મુખ્ય ફૉર્મેટ છે જેમાં તેણે રમવાનું ચાલુ રાખ્યું છે અને હાઇએસ્ટ ૨૬૪ રનના વિશ્વવિક્રમ ઉપરાંત સૌથી વધુ ત્રણ ડબલ સેન્ચુરીનો વિક્રમ પણ તે ધરાવે છે અને કુલ ૨૭૩ વન-ડેમાં તેણે ૧૧,૧૬૮ રન કર્યા છે જેમાં તેની ૩૨ સેન્ચુરી અને ૫૮ હાફ સેન્ચુરી છે. ■




‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| गोड | કડવું |
| आंबट | સ્વાદ |
| कडु | તીખું |
| तिखट | ગળ્યું |
| चव | ખાટું |

## ઓળખાણ પડી?

બિહારમાંથી લાગલગાટ ચાર વખત લોકસભાની ચૂંટણી જીતનારાં ભારતનાં પ્રથમ ડેપ્યુટી ફાઇનાન્સ મિનિસ્ટરની ઓળખાણ પડી?



અ) સરોજિની નાયડુ બ) નજમા હેપતુલ્લા ક) તારકેશ્વરી સિન્હા ડ) અમૃત કૌર

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વૈ | ૨ વિ | ધ્ય | ૩ પૂ | ર્ણ | | ૪ પ્રો | ત્સા | ૫ હ | ૬ ન |
| ૭ ચા | ર | | ર | | ૮ સ્પં | | | ૯ ર | ટ |
| ૧૦ રિ | લ | | ૧૧ વ | ર | દ | હ | ૧૨ સ્ત | | વ |
| ક | | ૧૩ બો | ણી | | મા | | ૧૪ બ | ૧૫ હ | ર |
| | ૧૬ વા | ઘ | | ૧૭ ખ | પ | | ૧૮ ક | ર | |
| ૧૯ સં | ક | ર | ણ | | ૨૦ ક | સ | | ૨૧ દ | ૨૨ વે |
| તુ | | ણું | | ૨૩ હ | | | ૨૪ ક | મ | ળા |
| ૨૫ લ | ૨૬ ગ | | ૨૭ ભ | ર | ૨૮ મા | ૨૯ ર | | | ક |
| ૩૦ ન | મ | ૩૧ ન | | ૩૨ ક | રા | મ | ૩૩ ત | | વે |
| | ૩૪ ન | વ | જા | ત | | ૩૫ ત | ર | ગા | ળા |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

**આડી ચાવી**

(૧) સાક્ષાત, પ્રત્યક્ષ (૬)
(૫) પ્રશ્ન (૩)
(૭) મહેનતાણું, વૈતરું, મહેનત (૩) (જો.છૂ.)
(૯) દિવાળી પર બારણે લગાવો (૩)
(૧૧) હજુયે ના જાગે મારો ..... (૫)
(૧૪) ચોવીસ કલાકનો સમય (૨,૩) (જો. છૂ.)
(૧૬) ..... બહાર જાય નહીં (૨)
(૧૭) ..... નિશાળિયો એટલે શિખાઉ (૨)
(૧૮) પોલાદ, એક જાતના ચોખા (૪)
(૨૨) ડાળી અને મૂળને જોડે (૨)
(૨૩) ‘ખાવું’ નું આજ્ઞાર્થ (૨)
(૨૪) ગીત લખનાર (૪)
(૨૮) એક તંતુવાદ્ય (૩)
(૨૯) રૂપાંતર, અનુવાદ (૫)
(૩૦) સંપન્ન, આબાદ, ધનવાન (૩)
(૩૧) ઘણાના કાન ..... હોય (૩)
(૩૩) ‘હટાવવું’નું આજ્ઞાર્થ (૩)
(૩૪) મજાક, મસ્તી (૩)
(૩૫) સૂચના, પ્રસ્તાવ (૪)

**ઊભી ચાવી**

(૧) મહેમાનોને ..... પહેરાવો (૪)
(૨) વરઘોડામાં વરની માના હાથમાંનો દીવો (૫)
(૩) અત્યાર લગી, હવે પણ (૨)
(૪) ન્યાયાધીશને મદદ કરનારું પંચ (૨)
(૬) અંકુશ (૩)
(૮) છાપરાનો અંદરનો ભાગ (૨)
(૧૦) ..... પાકવું એટલે ગુણવાન નીવડવું (૩)
(૧૨) મોળું, નરમ, મોડરેટ (૩)
(૧૩) ..... માથે લેવી એટલે ઉજાગરો કરવો (૨)
(૧૫) ચિન્હ (૨)
(૧૯) ભવાઈના ..... ભજવાય (૨)
(૨૦) આવનજાવન (૬)
(૨૧) સંગીત બનાવનાર (૫)
(૨૨) ..... માં ચા ગરમ રહે (૪)
(૨૩) બેંકના ..... માં જમા કરાવો (૨)
(૨૫) મલાઈ (૨)
(૨૬) એક સૂકો મેવો (૨)
(૨૭) સવારી કરનાર (૪)
(૨૮) તજજ્ઞ, કાબેલ, કુશળ (૪)
(૩૨) બાતલ, કેન્સલ (૨)

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ બહેનના એકમાત્ર ભાભીના એકમાત્ર નણદોઈનો એકમાત્ર સાળો બહેનને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) બનેવી  બ) ભાઈ  ક) ભત્રીજો  ડ) દિયર

## જાણવા જેવું

ધીમી ગતિ અને લાંબા આયુષ્ય માટે જાણીતો કાચબો કર્ક અને કૂર્મ તરીકે પણ ઓળખાય છે. કાચબો જમીન પર તેમ જ પાણીમાં પણ રહે છે. તેની પીઠનું કોચલું બહુ કઠણ હોય છે અને તેની ઢાલ બને છે. સલામતી માટે પોતાના અંગ, ઉપાંગ, માથું પોતાની ઢાલમાં સંકેલી શકે છે. તે ગરમ પ્રદેશમાં વસે છે. કાચબાની આયુમર્યાદા આશરે ૪૦૦ વર્ષ સુધીની માનવામાં આવે છે.

## ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

અહીં એક લંબાઈનું માપ સંતાઈને બેઠું છે એ શોધી કાઢો.

ખાલી મગજ ખાલી ખિસ્સા કરતાં વધુ ખતરનાક છે.

## નોંધી રાખો

બોલવામાં આવતા શબ્દો સારા મિત્રો બનાવવાની તાકાત ધરાવે છે તો દાના દુશ્મન પણ ઊભા કરી શકે છે. માટે બોલવામાં હંમેશા ધ્યાન રાખવું.

## માઈન્ડ ગેમ

ભારતમાં ખળખળ વહેતી નદીઓની સંખ્યા ૪૦૦થી વધારે છે. કયા રાજ્યમાં સૌથી વધુ નદીઓ વહે છે એ આપેલા વિકલ્પોમાંથી શોધી જણાવો.

અ) કેરળ  ૨) ગુજરાત  ૩) ઉત્તર પ્રદેશ  ૪) ઓડિશા

## સુડોકુ-૮૦૮૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | | ૧ | ૨ | ૩ | | | ૫ |
| ૩ | | ૭ | | | | ૧ | | ૯ |
| | ૫ | | ૬ | | ૯ | | ૮ | |
| ૯ | | | | ૫ | | | | ૪ |
| | | | ૮ | | ૧ | | | |
| ૮ | | | | ૯ | | | | ૧ |
| | ૧ | | ૯ | | ૬ | | ૭ | |
| ૭ | | ૮ | | | | ૯ | | ૬ |
| ૨ | | | ૭ | ૧ | ૪ | | | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૮૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૩ | ૨ | ૪ | ૧ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૯ | ૭ | ૧ | ૮ | ૩ | ૨ | ૫ | ૬ | ૪ |
| ૪ | ૮ | ૬ | ૯ | ૫ | ૭ | ૨ | ૩ | ૧ |
| ૭ | ૧ | ૩ | ૨ | ૪ | ૮ | ૬ | ૯ | ૫ |
| ૬ | ૨ | ૯ | ૫ | ૭ | ૩ | ૪ | ૧ | ૮ |
| ૮ | ૫ | ૪ | ૧ | ૬ | ૯ | ૩ | ૭ | ૨ |
| ૩ | ૯ | ૮ | ૬ | ૨ | ૪ | ૧ | ૫ | ૭ |
| ૨ | ૬ | ૫ | ૭ | ૮ | ૧ | ૯ | ૪ | ૩ |
| ૧ | ૪ | ૭ | ૩ | ૯ | ૫ | ૮ | ૨ | ૬ |

## ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| चाकर | નોકર |
| चावट | ટીખળી |
| चविष्ट | સ્વાદિષ્ટ |
| चलाख | ચતુર |
| चंद्रमौळी | શિવજી |

ગુજરાત મોરી મોરી રે: પપ્પા

ઓળખાણ પડી?: મૃણાલ ગોરે

માઈન્ડ ગેમ: દિલ્હી

ચતુર આપો જવાબ / માથું ખંજવાળો: લોખંડ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) ડો. પ્રકાશ કટકિયા (૪) ભારતી પ્રકાશ કટકિયા (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) ભારતી બુચ (૮) હર્ષા મહેતા (૯) ખુશરૂ કાપડિયા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) લજિતા ખોના (૧૨) અંબરીશ ઓઝા (૧૩) પુષ્પા પટેલ (૧૪) પ્રવીણ વોરા (૧૫) મીનળ કાપડિયા (૧૬) ભાવના કર્વે (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) મહેશ સંઘવી (૨૧) કિશોર બી. સંઘરાજકા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૬) જયવંત પદમશી ચિખલ (૨૭) મહેશ દોશી (૨૮) અલકા વાણી (૨૯) હરીશ મનુભાઈ ભટ્ટ (૩૦) અંજુ ટોલિયા (૩૧) તાહેર ઔરંગાબાદવાલા (૩૨) શીરીન ઔરંગાબાદવાલા (૩૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૩૪) વિણા સંપટ (૩૫) દેવેન્દ્ર સંપટ (૩૬) જગદીશ ઠક્કર (૩૭) પુષ્પા ખોના (૩૮) અરવિંદ કામદાર (૩૯) નિતીન જયંતીલાલ બજરિયા (૪૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૧) હિના દલાલ (૪૨) ઈનાક્ષી દલાલ (૪૩) રમેશ દલાલ (૪૪) જ્યોત્સના ગાંધી (૪૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૬) દિપીકા દોશી (૪૭) જયવંત પદમશી ચિખલ (૪૮) નયના ગિરીશ મિસ્ત્રી (૪૯) ધીરેન ઉદેશી (૫૦) ગીતા ઉદેશી (૫૧) પ્રતિમા પમાણી (૫૨) પ્રજ્ઞા પુરોહિત (૫૩) પ્રમોદ પુરોહિત

# અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો ઇ-મેલ મળ્યો

## પોલીસ અને બૉમ્બ-સ્ક્વોડનું સ્ટેડિયમમાં ચેકિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભારતે પાકિસ્તાનના આતંકી સ્થાનો પર કરેલા હુમલા બાદ બંને દેશો વચ્ચે સરહદે તંગદિલી વધી છે. આ દરમિયાન અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમને બૉમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો ઇ-મેલ મળ્યો હતો. પાકિસ્તાનના નામથી જીસીએને એક ઇ-મેલ મળ્યો હતો, જેમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમને બ્લાસ્ટ કરી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. આ ઇ-મેલ થોડા સમય પહેલાં જીસીએને મળતાં આ અંગેની જાણ અમદાવાદ પોલીસને કરવામાં આવી હતી.

એ અંગે અમદાવાદ પોલીસના ઉચ્ચ અધિકારીઓની ટીમ અને બૉમ્બ-સ્ક્વોડ દ્વારા સ્ટેડિયમમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જો કે કોઈ વાંધાજનક વસ્તુ મળી ન હતી.

આ અંગે એક સિનિયર આઈપીએસ અધિકારીએ જણાવ્યું હતું કે આ ઇ-મેલ પાકિસ્તાન જેકેના નામનો મળ્યો છે અને અંગ્રેજી ભાષામાં એક લાઈનમાં વી વીલ બ્લાસ્ટ યોર સ્ટેડિયમ લખ્યું છે. આગામી દિવસમાં આઈપીએલની મેચ આ સ્ટેડિયમમાં યોજાવાની છે અને આ ઇ-મેલને સહેજ પણ સરળતાથી ન લેતા સુરક્ષા એજન્સીઓ સતર્ક બની છે. ■

# પાકિસ્તાન પર એરસ્ટ્રાઈક બાદ જામનગર, કેશોદ, ભુજ અને કંડલા એરપોર્ટ સંપૂર્ણ બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પાકિસ્તાન પર ભારતની એરસ્ટ્રાઈક બાદ સુરક્ષા એજન્સીઓ સતર્ક બની છે. રાજ્યની સુરક્ષાને ધ્યાને રાખીને રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ ત્રણ દિવસ તો ભુજ, કેશોદ, કંડલા, જામનગર એરપોર્ટ પણ બંધ કરી દેવામાં આવ્યા હતા. તો અમદાવાદ એરપોર્ટથી ઉડાનભરતી ભુજ, જામનગર અને રાજકોટ જતી-આવતી બધી ફ્લાઇટ્સ રદ કરી દેવાઈ હતી. કેશોદ એરપોર્ટને પણ ૧૦ મે સુધી બંધ કરવામાં આવ્યું છે.

ફ્લાઇટ્સ પણ બંધ કરી દેવામાં આવી છે. સપ્તાહમાં ત્રણ ફ્લાઈટ કેશોદ એરપોર્ટ પર આવતી હતી. તે જ પ્રકારે ભુજ અને કંડલા એરપોર્ટ ત્રણ દિવસ માટે સંપૂર્ણ બંધ કરવામાં આવ્યું છે. શરૂઆતમાં ભુજ એરપોર્ટ બંધ કરવામાં આવ્યું હતું, ત્યાર બાદ કંડલા એરપોર્ટને પણ ત્રણ દિવસ માટે બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજકોટ એરપોર્ટના ડાયરેક્ટર દિગંત બોરાહે ઓપરેશન સિંદૂર બાદ સુરક્ષાને પગલે રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ ત્રણ દિવસ બંધ રાખવાનો મહત્ત્વનો નિર્ણય લીધો હતો. સિવિલિયન ફ્લાઇટ ત્રણ દિવસ સુધી ઓપરેટ નહિ થાય. કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલા આદેશ બાદ તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ૭ મેના રોજ ઇન્ડિગો અને એર ઇન્ડિયાની તમામ ૧૧ ફ્લાઈટ રદ કરવામાં આવી હતી.

નેવી અને એરફોર્સ માટે એરપોર્ટ ખાલી રાખવા સૂચના આપી હતી. આ સાથે જ સુરક્ષાને પગલે બોર્ડર નજીકના વિસ્તારોમાં સુરક્ષાદળોએ ચેકિંગ પણ વધારી દેવામાં આવ્યું છે. જામનગર કોસ્ટલ વિસ્તારમાં એસઓજી પોલીસ તથા મરીન ટાસ્ક ફોર્સ કમાન્ડો સાથે દરિયાઈ વિસ્તારમાં બોટ પેટ્રોલિંગ અને બોટ ચેકિંગ કરવામાં આવી છે.

અમદાવાદ એરપોર્ટે એડવાઇઝરી રિલીઝ કરી કહ્યું હતું કે, એરસ્પેસ પ્રતિબંધો અને અમુક એરપોર્ટ્સ બંધ કરવાની ફ્લાઇટ ઓપરેશન્સ પર અસર પડી શકે છે, જેથી અમે તમામ પેસેન્જર્સને એરપોર્ટ જતા પહેલાં તેમનું લેટેસ્ટ ફ્લાઇટ સ્ટેટસ ચેક કરવા અનુરોધ કરીએ છીએ. ■

# પાકિસ્તાન પર એરસ્ટ્રાઈક બાદ ગુજરાતમાં નર્મદા ડેમની સુરક્ષાની સમીક્ષા કરાઇ

## સુરક્ષા એજન્સીઓ સતર્ક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભારતીય સેનાએ મંગળવારે મોડી રાત્રે પાકિસ્તાનના ૯ આંતકવાદી અડ્ડાઓ પર એરસ્ટ્રાઇક કરી હતી. ત્યાર બાદ ભારતભરમાં એલર્ટ આપવામાં આવ્યું હતું. ઓપરેશન સિંદૂર હેઠળ ભારતીય સેનાએ આતંકવાદીઓના અડ્ડાઓ પર હુમલા કર્યા હતા. હાલની પરિસ્થિતિને અનુલક્ષીને સરદાર સરોવર નર્મદા નિગમના સંયુકત વહીવટી સંચાલક અને સ્ટેચ્યૂ ઓફ યુનિટીના મુખ્ય કારોબારી અધિકારી અમિત અરોરાએ બુધવારે સરદાર સરોવર નર્મદા ડેમમાં સુરક્ષા વ્યવસ્થા સહિતની તૈયારીઓની સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં અવિરત વીજ પુરવઠો અને સંદેશા વ્યવહારના માધ્યમો અનિવાર્ય સંજોગોમાં પણ કાર્યરત રહે તે માટે માર્ગદર્શન આપીને અન્ય વિકલ્પો તૈયાર રાખવા અને તકેદારીનાં પગલાઓ લેવા સૂચનાઓ આપી હતી. ■

# સુરત શહેરમાં બ્લેક આઉટ સમયે સ્ટ્રીટ લાઈટો કરી બંધ: લોકોને ઘર-ઑફિસમાં લાઈટ બંધ રાખવા અપીલ

અમદાવાદ: પહલગામમાં પ્રવાસીઓ પર થયેલા હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવભરી સ્થિતિ જોવા મળી હતી. ભારતની સરહદ પર સતત ગોળીબાર થઈ રહ્યો છે ત્યારે બુધવારે યુદ્ધના સમયે શું તકેદારી રાખવી તે માટે મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું.

સુરતમાં મોકડ્રિલ સમયે બ્લેક આઉટ કરી મહાનગરપાલિકાની તમામ સ્ટ્રીટ લાઈટો પણ બંધ કરી દેવામાં આવી હતી. આ ઉપરાંત પાલિકાની કચેરીઓમાં પણ લાઈટ બંધ કરાવામાં આવી હતી. આ સમયે લોકોને ગભરાવવા કે અફવા ન ફેલાવવાની પાલિકાએ અપીલ કરી હતી. બ્લેક આઉટ સમયે લોકોને સ્વૈચ્છિક પોતાના ઘરની લાઈટો બંધ રાખવા માટે પણ અપીલ કરવામાં આવી હતી. સુરત શહેર અને જિલ્લો, વડોદરા અને કાંકરાપારને પણ કેટેગરી વન જાહેર કરવામાં આવી છે. આ સમયે મ્યુનિ. કમિશ્નરે પાલિકાના તમામ વિભાગીય વડા અને અન્ય અધિકારીઓ સાથે તાકીદની બેઠક કરી હતી અને મોકડ્રિલ માટે આયોજન કર્યું હતું. ■

# ઓપરેશન સિંદૂરની જાણકારી આપનાર કર્નલ સોફિયા વડોદરાની એમ.એસ યુનિ.ની વિદ્યાર્થિની

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભારતીય સેનાએ મંગળવારે રાત્રે પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં નવ સ્થળોએ બૉમ્બમારો કર્યો હતો. આ હુમલામાં મોટી સંખ્યામાં આતંકવાદીઓ માર્યા ગયા હતા.આ ઓપરેશન સિંદૂરને પીએમ મોદીએ પણ ગર્વની ક્ષણ જણાવી હતી. ગુજરાતની દીકરી કર્નલ સોફિયા કુરેશી અને વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહે વિદેશ સચિવ વિક્રમ મિશ્રી સાથે ઓપરેશન સિંદૂર અંગેની મહત્ત્વની વાત દુનિયાને જણાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, કર્નલ સોફિયા વડોદરાના રહેવાસી છે અને એમ.એસ. યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો હતો. કર્નલ સોફિયાએ ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

મળતી વિગતો મુજબ મૂળ વડોદરાની રહેવાસી કર્નલ સોફિયા કુરેશીએ એમ.એસ. યુનિવર્સિટીમાંથી ૧૯૯૭માં બાયો કેમેસ્ટ્રીમાં માસ્ટર્સ પૂર્ણ કર્યું હતું. અભ્યાસ બાદ તેમણે ભારતીય સેના પસંદ કરી અને કોર્પ્સ ઓફ સિગ્નલ્સમાં જોડાઈને અનેક સફળતા મેળવી હતી. તેમના દાદા પણ ભારતીય સેના સાથે જોડાયેલા હતા. જેમણે ધાર્મિક શિક્ષક તરીકે સેનામાં ફરજ બજાવી હતી. સેનાના સંસ્કારોથી ઉછરેલી સોફિયાના પતિ ભારતીય સેનાની મિકેનાઇઝ્ડ ઇન્ફેન્ટ્રીમાં અધિકારી છે,બંને દેશની રક્ષા માટે સમર્પિત છે.

૨૦૧૬માં કર્નલ સોફિયાએ ભારતીય સેનાના ઇતિહાસમાં એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી. તેઓ પહેલી મહિલા અધિકારી તરીકે ભારતીય દળનું નેતૃત્વ કરવા માટે આસિયાન પ્લસ દેશોની મલ્ટીનેશનલ મિલિટરી એક્સરસાઈઝ 'ફોર્સ ૧૮'માં ભાગ લેનારા ૧૮ દેશોમાં એકમાત્ર મહિલા કમાન્ડર રહ્યાં છે. તેમના નેતૃત્વમાં ભારતીય દળે વિશ્વસ્તરે પોતાના કૌશલ્ય અને સંકલ્પશક્તિનું પ્રદર્શન કર્યું હતું.

તેઓ આંતરરાષ્ટ્રીય શાંતિ મિશનમાં પણ મહત્ત્વનું યોગદાન આપી ચુક્યાં છે. યુનાઇટેડ નેશન્સની પીસકીપિંગ ઓપરેશન્સ અંતર્ગત છ વર્ષની સેવાકાળ દરમિયાન ૨૦૦૬માં તેઓ કોંગોમાં તહેનાત રહ્યાં હતાં. શાંતિ સ્થાપના અને માનવીય સહાયમાં તેમણે મહત્ત્વનું કામ કર્યું છે. ■

# અમદાવાદ જિલ્લામાં બે કલાકમાં બે ઈંચથી વધુ વરસાદથી તારાજી, અંડરબ્રિજ ડૂબ્યા, વાહનવ્યવહાર ઠપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ભરઉનાળે વાતાવરણમાં અચનાક પલટો આવ્યો છે, ત્યારે રાજ્યના અનેક વિસ્તારોમાં છેલ્લા ત્રણ દિવસથી મેઘગર્જના અને પવન ફૂંકાવવાની સાથે કમોસમી વરસાદ પડી રહ્યો છે. રાજ્યના અનેક જિલ્લામાં ધોધમાર વરસાદને પગલે પાણી ભરાયાં છે, હવામાન વિભાગના આંકડા મુજબ, રાજ્યમાં સાત મે, ૨૦૨૫ના બુધવારની સવારે ૧૦થી બપોરના ૧૨ વાગ્યામાં અમદાવાદના બાવળામાં સૌથી વધુ ૨.૨૪ ઈંચ વરસાદ અને છેલ્લા છ કલાકમાં ખંભાતમાં ચાર ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો.

ભારે વરસાદને પગલે અમદાવાદ શહેરમાં સાબરમતી નદીના નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોને સ્થળાંતરિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જે માટે અધિકારીઓને તાકીદે સૂચના આપવામાં આવી હતી. વાસણા બેરેજમાંથી પાણી છોડવામાં આવે તે પૂર્વે સલામતીના પગલે સૂચના આપવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં પડેલા ધોધમાર વરસાદ બાદ ઠેર-ઠેર પાણી ભરાઈ ગયાં છે. તો કયાંક વાહનચાલકોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.

આખી રાત શહેરમાં પડેલા ધોધમાર વરસાદને પગલે ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયાં છે. ભારે પવન અને વીજળીના કડાકા-ભડાકા સાથે પડેલા વરસાદને પગલે જળબંબાકાર જેવી સ્થિતિ પણ જોવા મળી હતી. ખાસ કરીને રોડ રસ્તા અને અંડરપાસ પાણીમાં ગરકાવ થતાં વાહન વ્યવહારને અસર પડી હતી. ■

# અમદાવાદમાં વરસાદી માહોલ વચ્ચે સિવિલ ડિફેન્સના સ્ટાફે મૉક ડ્રિલ યોજી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદમાં પેલેડિયમ મોલ અને વટવા જીઆઈડીસીમાં મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમયે પોલીસ, ફાયર સહિત ૧૩ એજન્સી જોડાઈ હતી.

પહલગામ પર આતંકી હુમલાની ઘટના બાદ ભારતે મંગળવારે મોડી રાત્રે પાકિસ્તાન પર આતંકવાદીઓના અડ્ડાઓ પર નિશાન તાકીને એરસ્ટ્રાઈક કરી હતી. પહલગામના હુમલા બાદ પાકિસ્તાન ભારતની બોર્ડર પર સતત ગોળીબાર કરતું હતું. પાકિસ્તાને સતત સિઝફાયરનુ ઉલ્લંઘન કર્યું હતું. બુધવારે સાંજે દેશના સિવિક ડિફેન્સ ડિસ્ટ્રિક્ટમાં મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના ૧૮ જિલ્લાઓમાં સાંજે ૪ થી ૮ વાગ્યા દરમિયાન મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે અમદાવાદમાં પણ બે જગ્યાએ પેલેડિયમ મોલ અને વટવા જીઆઈડીસીમાં મોકડ્રિલ યોજાઈ હતી. આ સમયે લોકોએ યુદ્ધની પરિસ્થિતિમાં શું કરવું તેની સમજ આપી અને મોકડ્રિલ દરમિયાન ૮.૩૦ થી ૯ વાગ્યા સુધી સ્વૈચ્છિક બ્લેક આઉટ અને સાયરન વગાડવામાં આવ્યું હતું. પ્રાપ્ત થતી વિગતો અનુસાર અમદાવાદમાં મોકડ્રિલને લઈને હાઈ કોર્ટના ચીફ જસ્ટિસે તમામ કર્મચારીઓને ૬.૩૦ કલાક સુધીમાં નીકળી જવાનો સર્ક્યુલર જાહેર કર્યો હતો. મોકડ્રિલ માટે ફાયર, પોલીસ અને એમ્બ્યુલન્સ સહિતની ટીમો નક્કી કરાયેલા સ્થળો પર હાજર રહી હતી. ■

# આજે રાજયના ૧૦ જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી: ત્રણ દિવસમાં ૨૧ લોકોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ભરઉનાળે છેલ્લા ત્રણ-ચાર દિવસથી રાજ્યના અનેક વિસ્તારોમાં મેઘગર્જના અને પવન ફૂંકાવવાની સાથે ભારેથી અતિભારે કમોસમી વરસાદ પડી રહ્યો છે. રાજ્યના અનેક જિલ્લામાં ધોધમાર વરસાદને પગલે પાણી ભરાયા હતા.

જ્યારે માવઠું થતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આવતી કાલે ગુરુવારે રાજકોટ, અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર, આણંદ, ભરૂચ, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર અને વલસાડમાં વરસાદનું યલો એલર્ટ અને મેઘગર્જનાનું ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. આ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળો પર ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે.

આગામી ૨૪ કલાકમાં અમદાવાદ, અમરેલી, આણંદ, ભાવનગર, વલસાડ જિલ્લામાં વીજળીના કડાકા અને ૬૦-૭૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે.

જ્યારે આજે ગુરુવારે ૧૦ જિલ્લામાં ગાજવીજ સાથે ભારે કમોસમી વરસાદની આગાહી છે.

હવામાન વિભાગે માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજસ્થાનના સાઉથ વેસ્ટ પર અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે. જેના કારણે આખા રાજ્યમાં થંડરસ્ટ્રોમની ચેતવણી આપવામાં આવી છે. રાજ્યમાં સિવિયર થંડર સ્ટ્રોમ એક્ટિવિટી થવાને કારણે ભારે પવન, ગાજવીજ અને વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ભરઉનાળે તીવ્ર માવઠું ત્રાટક્યું છે. ચોમાસાની સિઝન જામી હોય તેમ ધોધમાર કમોસમી વરસાદ પડી રહ્યો છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે. ૪-૪ ઈંચ સુધીના વરસાદ નોંધાયો હતો. રાજ્યના ૯ જિલ્લામાં પૂરની સંભાવના છે. હવામાન વિભાગે જેની જાણકારી આપી છે. ભરૂચ, છોટાઉદેપુર, નર્મદા, સુરત, તાપી, વડોદરા, અમરેલી, ભાવનગર, સુરેન્દ્રનગરમાં પૂરની સંભાવના છે.

રાજ્યમાં છેલ્લા ૩ દિવસમાં ૨૧ લોકોનાં મોત થયા છે. મધ્ય અને પૂર્વ ગુજરાતમાં ૧૭નાં મોત થયા છે, જ્યારે ૨૦થી વધારે લોકો ઇજાગ્રસ્ત થયા છે તો ઉત્તર ગુજરાતમાં ૩ વ્યક્તિ અને ૪૫ પશુનાં મોત થયા છે. ■

# મહુવા પાલિકામાં ભાજપના આંતરિક ઝઘડાએ પ્રજાના સુખાકારીનાં કામોનો વિકાસ અટકાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભાવનગરના મહુવામાં ભાજપના આંતરિક ઝઘડાએ સત્તાને ડૂબાડી હતી. નગરપાલિકા વર્ષ ૨૦૨૫-૨૬નું બજેટ મંજૂર કરાવવામાં નિષ્ફળ ગઈ ત્યારે રાજ્ય સરકારે તેનું વિસર્જન કરી નાખ્યું હતું. હાલમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને હજુ ૧૦ મહિનાનો સમય બાકી છે, ત્યારે ચૂંટણી ન યોજાય ત્યાં સુધી વહીવટદારીઓ શાસન કરશે.

મહુવા પાલિકામાં શાસકપક્ષ અને ભાજપના સભ્યો વચ્ચે અણબનાવ ચાલતો હતો. તે ઝઘડાના સ્વરુપમાં પ્રવર્તતા મહિલા પ્રમુખ સામે સભ્યોએ પ્રચંડ વિરોધ કરતા માર્ચ મહિનાનની બજેટ મિટિંગમાં ભાજપના સભ્યોએ ૨૦૨૫-૨૬ નું અંદાજપત્ર પણ મંજૂર થવા દીધું ન હતું.

આ બાબતને લઈને સામાન્ય બેઠક પણ બોલાવવામાં ન આવતા સુપરસીડ થવાની પૂર્ણ શક્યતા જોવા મળી હતી, રાજ્ય સરકારે મહુવા નગરપાલિકાનું ખંડન ન થાય તે માટે પ્રમુખ, ઉપપ્રમુખ અને અન્ય વહીવટીદારો સાથે બેઠક કરી અને તા. ૨૨ એપ્રિલ સુધીની મુદ્દત આપી ખુલાસો કરવાની તક આપી હતી પરંતુ ભાજપના સભ્યોને ખુલાસો કરવામાં અને સત્તા સંભાળવામાં રસ ન હતો. એકબીજા પર દોષનો ટોપલો ઢોળી પોતાની જવાબદારી ન હોવાનું કારણ દર્શાવી અંતે દસ વ્યક્તિઓએ લેખિતમાં ખુલાસો કર્યો હતો.

રાજ્યના શહેરી વિકાસ ગૃહ નિર્માણ વિભાગે રાજ્યપાલના હુકમથી નગરપાલિકાને સોંપાયેલી ફરજો નિભાવવામાં નિષ્ફળ જતાં તેમ જ ચૂંટાયેલી પાંખ સામાન્ય સંજોગોમાં પોતાની પ્રાથમિક ફરજો બજાવવામાં અસમર્થ રહેતા ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૨૬૩ (૧)થી મળેલી સત્તાનું રૂએ મહુવા પાલિકાનું તાત્કાલિક અસરથી વિસર્જન કર્યું હતું. સરકારે આ મામલે કારોબારી સમિતિ અને સામાન્ય સભા સતત સંઘર્ષ અને વિવાદ ઉપસ્થિત કરી વહીવટ અને વિકાસ કાર્યો કરવામાં, કાયદાથી સુપ્રત જવાબદારીઓનું વહન કરવામાં નિષ્ફળ ગઈ હોવાનું નોંધ્યું હતું.

સત્તાધારી ભાજપના સભ્યોએ તેમના આંતરિક ઝઘડામાં મહુવાની પ્રજા સાથે અન્યાય કર્યો હતો. કરોડો રૂપિયાની ગ્રાન્ટ હોવા છતાં પણ વિકાસના કાર્યને આગળ વધવા ન દીધા. નગરપાલિકા પાસે પૂરતું નાણાભંડોળ હોવા છતાં પણ બિનજરૂરી ઝઘડામાં રોજિંદા વિકાસને અવરોધ્યો હતો. પ્રાપ્ત થતી માહિતી મુજબ આઈએચએસડીપી પ્રોજેક્ટના ૩૭૨ આવાસોની સોંપણી અને બિલની ચુકવણી અંગે સરકારમાંથી ૩.૫૦ કરોડની લોન લીધી પણ બાકી રહેલા બાંધકામની કામગીરી પણ શરૂ કરાવી ન હતી. રોજિંદા વિકાસ કાર્યો અને લોકોની સુખાકારીના કામો પણ થવા ન દીધા. ■

# જૂનાગઢમાં ગૅસની લાઈન તૂટતાં લાગી ભીષણ આગ: એક બાળકી સહિત ત્રણનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢના ઝાંઝરડા વિસ્તારમાં બુધવારે સવારે આગ લાગી હતી. ખાડો ખોદતા ગેસ લાઈન તૂટવાના કારણે આગ લાગી હોવાનું જાણવા મળ્યું હતું. થોડા જ સમયમાં આગ વિકરાળ બની ગઈ હતી.

જૂનાગઢના ઝાંઝરડા વિસ્તારમાં બુધવારે સવારે જેસીબી દ્વારા ખાડો ખોદવામાં આવ્યો હતો ત્યારે ગેસની લાઈન તૂટી જવાથી મોટો વિસ્ફોટ થતા આગ લાગી હતી. આ દુર્ઘટનામાં એક નાની બાળકી સહિત ત્રણ વ્યક્તિઓનાં મોત થયા હતાં તેમજ અન્ય ચાર લોકો દાઝી ગયા હતા. ફાયરબ્રિગેડને જાણ કરી આગ પર કાબૂ મેળવ્યો હતો અને ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત થતી માહિતી અનુસાર આગ લાગવાનું કારણ ગેસ લાઈન તૂટવાના કારણે આગ લાગી હતી. આ સિવાય આસપાસના વિસ્તારમાં એક ગાંઠીયાની લારી, આસપાસની દુકાનો અને નજીકના સ્થળોએ પાર્ક કરેલાં વાહનો પણ આગની ચપેટમાં આવ્યા હતા. થોડા સમયમાં તો લોકોમાં નાસભાગ મચી હતી. આ બનાવ અંગે ફાયર બ્રિગેડને જાણ કરી આગ પર કાબૂ મેળવ્યો હતો અને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી તાત્કાલિક ધોરણે આવી પહોંચી હતી. આ દુર્ઘટનામાં રુપિબેન શૈલેષભાઈ સોલંકી (ઉ. ૪૦), ભક્તિ શૈલેષભાઈ સોલંકી (ઉ.૩) અને હિરેનભાઈ રાબડીયા (ઉ. ૫૦) વર્ષનાં મૃત્યુ થયાં હતાં. આ દુર્ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. ■

# નીટ પરીક્ષામાં પાસ કરાવવાના કૌભાંડમાં રાજેશ પેથાણીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ સહિત દેશભરમાં લેવાયેલી મેડિકલમાં પ્રવેશ માટે લેવાતી નીટની પરીક્ષામાં ૬૫૦ પ્લસ માર્ક્સ અપાવી દેવાની ગેરંટી લઈને થયેલી ૩૦ લાખની છેતરપિંડી મામલે ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાઈ હતી. આ મામલે મુખ્ય સૂત્રધાર વિપુલ મૂળશંકર તેરૈયાની ધરપકડ કર્યા બાદ બુધવારે આ પ્રકરણમાં રોયલ એકેડેમીના સંચાલક રાજેશ પેથાણીની પણ ધરપકડ૦ કરવામાં આવી હતી.

આ કૌભાંડમાં સંડોવાયેલા ગુજરાત, રાજસ્થાન અને કર્ણાટકના ટોળકીના સભ્યોની ધરપકડ માટે ક્રાઈમ બ્રાંચની ટીમે સુરત અને કર્નાટકમાં દરોડા પડ્યા હતા.

આ સમગ્ર કૌભાંડ મામલે જેતપુરમાં અમરનગર રોડ પર સોમનાથ સોસાયટીમાં રહેતા તુષારભાઈ અરવિંદ વેકરિયા (૪૦)એ ફરિયાદ નોધાવી હતી જેમાં ધોરાજીના વતની અને રાજકોટમાં કાલાવડ રોડ પર આવેલા રોયલ એકેડમીના ચેરમેન રાજેશ હરી પેથાણી, રાજસ્થાનના ઉદયપુરના ધવલ સંઘવી, રાજકોટના વિપુલ મૂળશંકર તેરૈયા તેના ભાઈ સુરત રહેતા પ્રકાશ મૂળશંકર તેરૈયા અને કર્ણાટક બેલગામ રહેતા સીબીએસસીના પરીક્ષાના કો-ઓર્ડિનેટર મનજિત જૈનનું નામ આપ્યું હતું.

આ મામલે ક્રાઈમ બ્રાંચની ટીમે રાજકોટના વિપુલ મૂળશંકર તેરૈયાની ધરપકડ કર્યા બાદ આ પ્રકરણમાં સંડોવાયેલ રોયલ એકેડમીના ચેરમેન રાજેશ હરી પેથાણીને પણ ઝડપી લીધો છે. ■

# આરટીઈમાં એડમિશન મેળવનાર માટે પ્રવેશ કન્ફર્મ કરવાની આજે છેલ્લી તક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ ૨૦૦૯ની જોગવાઈ મુજબ ખાનગી પ્રાથમિક શાળાઓમાં પચીસ ટકા લેખે ધોરણ એકમાં નબળા અને વંચિત જૂથના બાળકોને પ્રવેશ આપવા માટે જોગવાઈ છે. નવા શૈક્ષણિક સત્ર માટે આ જોગવાઈ અંતર્ગત અરજીઓ મગાવવામાં આવી હતી. રાજ્યની ખાનગી શાળાઓમાં જુદા જુદા માધ્યમમાં કુલ ૯૩,૮૬૦ જગ્યા ઉપલબ્ધ છે. આ ૯૩,૮૬૦ માંથી ૭,૫૮૬ જગ્યા માટે કોઈ વિદ્યાર્થી કે વાલી એ માગણી ન કરતા પ્રથમ રાઉન્ડ યોજાય તે પહેલા જ આ જગ્યાઓ ખાલી પડી છે.

તારીખ ૨૮ એપ્રિલના રોજ પ્રથમ રાઉન્ડમાં ૮૬,૨૭૪ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવ્યા બાદ તમામને એસએમએસથી જાણ કરવામાં આવી હતી. પ્રથમ રાઉન્ડમાં જે વિદ્યાર્થીઓ પ્રવેશ માટે પાત્ર છે તેમણે તારીખ ૮ સુધીમાં જે તે શાળામાં રૂબરૂ જઈ પ્રવેશ મેળવી લેવા માટે અગાઉ સૂચના આપવામાં આવી હતી. આ સૂચના મુજબ પ્રવેશ કન્ફર્મ નહીં કરાવનાર વિદ્યાર્થીની બેઠક ખાલી ગણવામાં આવશે અને આગામી દિવસોમાં યોજાનારા બીજા રાઉન્ડમાં આવી ખાલી સીટ આવરી લઈ એડમિશન માટે કાર્યવાહી કરવામાં આવશે.

નવા શૈક્ષણિક સત્ર માટે કુલ ૨,૩૮,૯૧૬ અરજીઓ આવી હતી. ઓનલાઇન મળેલી આ અરજીઓમાંથી ૧,૭૫,૬૮૫ અરજીઓ માન્ય રાખવામાં આવી હતી. અધૂરા દસ્તાવેજો જેવા જુદાં જુદાં કારણો હેઠળ ૧૩,૭૬૧ અરજીઓ અમાન્ય જાહેર કરવામાં આવી હતી. જ્યારે ૪૯,૪૭૦ વિદ્યાર્થીઓ અને વાલીઓએ પોતે કરેલી અરજી રદ કરી હતી.

રાજ્યમાં કુલ ૯૭૪૧ ખાનગી પ્રાથમિક શાળાઓ છે અને તેમાં ૯૩,૮૬૦ જગ્યાઓ આરટીઇ અંતર્ગત ઉપલબ્ધ છે. વિદ્યાર્થીઓની પસંદગી અને ૬ કિલોમીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ઉપલબ્ધ શાળાઓમાં નિયમોને ધ્યાનમાં લઇ પ્રથમ રાઉન્ડ યોજવામાં આવ્યો હતો. ■

# આજે ધોરણ ૧૦નું પરિણામ, ૮.૯૨ લાખ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી

અમદાવાદ: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (જીએસઈબી) દ્વારા ધોરણ ૧૦ની બોર્ડ પરીક્ષાના પરિણામની તારીખ જાહેર કરવામાં આવી હતી. ગુજરાત બોર્ડે ધોરણ ૧૦નું પરિણામ આઠ મે, ૨૦૨૫ના રોજ જાહેર કરવાની જાહેરાત કરી હતી. આ પરિણામ સવારે આઠ વાગ્યે સત્તાવાર વેબસાઈટ પર ઉપલબ્ધ થશે. આ સાથે જ લાખો વિદ્યાર્થીઓ અને વાલીઓની આતુરતાનો અંત આવ્યો છે.

ગુજરાત બોર્ડ દ્વારા ધોરણ ૧૦ની પરીક્ષાઓ ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૫થી ૧૩ માર્ચ, ૨૦૨૫ દરમિયાન યોજાઈ હતી. આ વર્ષે લગભગ નવ લાખથી વધુ વિદ્યાર્થીઓએ આ પરીક્ષામાં ભાગ લીધો હતો.

શિક્ષણ પ્રધાન કુબેર ડિંડોરે જણાવ્યું હતું કે, ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૫માં યોજાયેલી ધોરણ-૧૦ અને સંસ્કૃત પ્રથમાની પરીક્ષાનું પરિણામ બુધવારે આઠમી મેના રોજ સવારે ૦૮.૦૦ કલાકે જાહેર કરવામાં આવશે. વિદ્યાર્થીઓ તેઓનું પરિણામ બોર્ડની વેબસાઇટ પર પોતાનો બેઠક ક્રમાંક(સીટ નંબર) એન્ટર કરી મેળવી શકશે.આ ઉપરાંત વોટસએપના ૬૩૫૭૩૦૦૯૭૧ પર પોતાનો સીટ નંબર મેસેજ કરીને પણ પરિણામ મેળવી શકશે. ■

# વરસાદની તોફાની બૅટિંગ

## થાણે-પાલઘરમાં વિનાશ વેર્યો | મુંબઈ એક ઈંચથી ઓછા વરસાદમાં ખોરવાઈ



**માવઠાની મુશ્કેલી:** મુંબઈમાં ગઈ કાલે સતત બીજા દિવસે વરસાદ પડતા સીએસએમટી પાસે રસ્તા પર ભરાયેલાં પાણીમાં સીએસએમટીનું અદ્ભુત પ્રતિબિંબ. (જયપ્રકાશ કેળકર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કાળઝાળ ગરમી વચ્ચે મંગળવારની રાતથી ઠંડા-સૂસવાટા મારતા પવન સાથે અચાનક પડેલા કમોસમી વરસાદે વાતાવરણમાં ટાઢક ફેલાવવાની સાથે લોકોને હેરાન-પરેશાન કરી નાખ્યા હતા. માત્ર એક ઈંચથી પણ ઓછા વરસાદે મુંબઈને ધમરોળી નાખ્યું હતું તો સૌથી વધુ નુકસાન પાલઘર જિલ્લાએ વેઠવું પડ્યું હતું. થાણે-પાલઘરમાં ભારે પવન સાથેના વરસાદને કારણે બનેલી ઘટનાઓમાં પાંચ વ્યક્તિએ જીવ ગુમાવ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

કમોસમી વરસાદે મંગળવારની રાતથી શરૂ કરેલી તોફાની બૅટિંગ બુધવારે પણ ચાલુ રહી હતી. સખત ગરમીમાં લોકો શેકાઈ રહ્યા હતા ત્યારે મંગળવારની રાતથી અચાનક ઠંડો પવન ફૂંકાવા લાગ્યો હતો. પછી સૂસવાટા મારતા પવન સાથે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. બુધવારે મુંબઈમાં સૌથી વધુ વરસાદ પૂર્વ પરામાં ૨૪ મિલીમીટર નોંધાયો હતો. પશ્ચિમ પરામાં સૌથી વધુ વરસાદ બાન્દ્રામાં બાવીસ મિલીમીટર નોંધાયો હતો, જ્યારે દક્ષિણ મુંબઈમાં નરીમાન પૉઈન્ટ ખાતે ૧૪ મિમી. વરસાદની નોંધ થઈ હતી. શહેરી વિસ્તારમાં ઝાડની ડાળી તૂટી પડવાની ૧૨ ઘટના બની હોવાનું ડિઝાસ્ટર મૅનેજમેન્ટના અધિકારીએ જણાવ્યું હતું.

મુંબઈમાં એક ઈંચ કરતાં પણ ઓછા વરસાદમાંય વેસ્ટર્ન રેલવેની ટ્રેનસેવા અને વિમાન સેવાને અસર થઈ હતી. બુધવારે સાંજે ચર્ચગેટ અને મરીન લાઈન્સ સ્ટેશનો વચ્ચે ઓવરહેડ વાયર પર મોટા ભાગે કન્સ્ટ્રક્શન સાઈટ ખાતે વપરાતી ગ્રીન શીટ ઊડીને પડી હતી. એ જ વખતે મરીન લાઈન સ્ટેશન આગળ ઝાડની ડાળી પણ ઓવરહેડ વાયર પર પડી હતી, જેને કારણે સ્લો લાઈનની ટ્રેન સેવાને અસર થઈ હતી. તે પહેલાં મંગળવારની રાતે દહિસર પાસે હવાથી ઊડીને આવેલું કપડું ઓવરહેડ વાયર પર પડ્યું હતું, જેને કારણે વેસ્ટર્ન રેલવેની ટ્રેનો અડધો કલાક મોડી દોડી રહી હતી.

તોફાની વાયરાને કારણે મુંબઈ ઍરપોર્ટ પરથી ફ્લાઈટના ઉડાન અને ઉતરાણમાં તકલીફ પડતી હતી, જેને કારણે ફ્લાઈટો મોડી હોવાની જાહેરાત કરવામાં આવી હતી. ■

### થાણેમાં ઝાડ તૂટી પડતાં ત્રણનાં મોત

ધોધમાર વરસાદને કારણે થાણેના અમુક વિસ્તારમાં પાણી ભરાવાની સાથે ઝાડની ડાળી તૂટીવાની તેમ જ દીવાળ ધસી પડવાની ઘટનાઓ નોંધાઈ હતી. કોલસેવાડી વિસ્તારમાં મંગળવારની રાતે રસ્તા પરથી પસાર થતી રિક્ષા પર ઝાડ તૂટી પડ્યું હતું. ઝાડની નીચે દબાઈ જવાથી રિક્ષાનો કચ્ચરઘાણ વળી ગયો હતો. આ ઘટનામાં રિક્ષા ડ્રાઈવર ઉમાશંકર વર્મા (૫૩) સહિત નંદા રાઉત (૩૫) અને સીતારામ શેળકે (૪૫)નાં મોત નીપજ્યાં હતાં.થાણેના જ રુણવાલ નગર ખાતે પણ એક રિક્ષા પર ઝાડ તૂટી પડ્યું હતું, જેમાં રિક્ષા ડ્રાઈવર શફીક શબ્બીર (૫૦) અને પ્રવાસી તૌફીક સૌદાગર (૨૭) ગંભીર રીતે ઘવાયા હતા. સારવાર માટે તેમને સરકારી હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા, જ્યાં સૌદાગરનું મૃત્યુ થયું હોવાનું રાબોડી પોલીસે જણાવ્યું હતું.

એ જ રીતે પાંચપાખાડી વિસ્તારમાં રસ્તાને કિનારે પાર્ક વાહનો પર ઝાડની મોટી ડાળી તૂટી પડી હતી, જેને કારણે ચાર વાહનને નુકસાન થયું હતું. રાબોડીમાં એક સોસાયટીની કમ્પાઉન્ડ વૉલ બાજુના નાળામાં તૂટી પડી હતી. સદ્નસીબે આ ઘટનામાં કોઈને ઇજા થઈ નહોતી. ■

### પાલઘરમાં ૭૬૭ ઘર અને ૫૦ બોટને નુકસાન

કમોસમી વરસાદે સૌથી વધુ વિનાશ પાલઘર જિલ્લામાં વેર્યો હતો. પાલઘરમાં દરિયાકિનારાના વિસ્તારોમાં સૂસવાટા મારતા પવન સાથેના વરસાદે મંગળવારની રાતે રહેવાસીઓની ઊંઘ ઉડાડી દીધી હતી. લગભગ ૭૬૭ ઘરો અને માછીમારોની ૫૦થી વધુ બોટને નુકસાન થયું હોવાનું નોંધાયું હતું, જ્યારે ૬૫ વર્ષના રહેવાસીએ વીજળીનો આંચકો લાગવાથી જીવ ગુમાવ્યો હતો.

પાલઘર જિલ્લાના ડિઝાસ્ટર મૅનેજમેન્ટ સેલના ચીફ વિવેકાનંદ કદમે જણાવ્યું હતું કે સૌથી વધુ દહાણુના દરિયાકાંઠાના ૨૩૦ ઘરને નુકસાન થયું હતું. દહાણુના જ ધાકતી ગામમાં દરિયાકિનારે લાંગરેલી ૫૦ બોટને ભારે પવનને કારણે ખાસ્સું નુકસાન થયું હતું. વેદી ગામમાં બકરાં ચરાવવા ગયેલા મોરેશ્વર લોહારને વીજળીનો આંચકો લાગ્યો હતો. ■

# પશ્ચિમ રેલવેને માથે વરસાદી પનોતી

## સતત બીજા દિવસે ખોડંગાઈ

### ઓવરહેડ વાયરમાં ખામી અને વૃક્ષની ડાળી પડવાના બનાવ: પીક-અવર્સમાં પ્રવાસીઓ પરેશાન



**પગપાળા:** પશ્ચિમ રેલવેમાં ગઈ કાલે ફરી ખોડંગો ઊભો થતા લાંબો સમય સુધી ટ્રેનો એક જ સ્થળે રોકાઈ જતા ગ્રાંટ રોડ પાસે પ્રવાસીઓએ પાટા પર ચાલવાનો વારો આવ્યો હતો.

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં મેઘરાજાના અણધાર્યા આગમનથી ગરમીમાંથી મુક્તિ મળી છે, પરંતુ જનજીવન પર અસર થઈ રહી છે. સતત બીજા દિવસ દરમિયાન ધૂળની ડમરી સાથે પવન ફૂંકાયો હતો. પશ્ચિમ રેલવેમાં અલગ અલગ બનાવને કારણે ટ્રેનસેવા પર અસર થઈ હતી. ચર્ચગેટ-બોરીવલી કોરિડોરમાં ઓવરહેડ વાયરમાં ટેક્નિકલ ખામી અને વૃક્ષની ડાળી પડવાના બનાવને કારણે ટ્રેનસેવા પર ગંભીર અસર થઈ હતી, પરિણામે ચર્ચગેટથી બોરીવલી-દહિસર પહોંચવામાં લોકોને બબ્બે કલાક લાગ્યા હતા.

પશ્ચિમ રેલવેમાં ચર્ચગેટ અને મરીન લાઈન્સ વચ્ચે રેલવે ટ્રેક પર વૃક્ષની ડાળી પડવાને કારણે ટ્રેનસેવા પર અસર થઈ છે. એક જગ્યાએ લોકલ ટ્રેન પર વૃક્ષની ડાળી પડવાની સાથે ઓવરહેડ વાયરમાં કપડું ભરાઈ જવાને કારણે ટ્રેન ખોટકાઈ હતી. આજે સાંજના ૪.૨૫ વાગ્યાની આસપાસ આ બનાવો બન્યા હતા. સ્લો લાઈનમાં ટ્રેનસેવા ઠપ થવાને કારણે શોર્ટ ડિસ્ટન્સમાં ટ્રાવેલ કરનારા પ્રવાસીઓ માટે ટ્રેનમાં ટ્રાવેલ કરવાનું મુશ્કેલ બન્યું હતું.

આ મુદ્દે દહિસરના રહેવાસીએ કહ્યું હતું કે વિધિવત રીતે હજુ વરસાદનું આગમન થયું નથી એ પહેલા ટ્રેનસેવા પર અસર થવાની બાબત આશ્ચર્યજનક છે. બાકી ચોમાસાના ચાર મહિના શું થશે એ તો ભગવાન જાણે. સમગ્ર સિસ્ટમ ખોડંગાઈ રહી છે, પરંતુ પ્રશાસનનું પેટનું પાણી હલતું નથી. મીરા રોડના રહેવાસી મહેશ ત્રિવેદીએ કહ્યું હતું કે મુંબઈમાં વંટોળ છે, પરંતુ માંડ એક ઈંચ વરસાદ ખાબક્યો નથી ત્યાં ટ્રેનો ખોટકાવવાનું ચાલુ થઈ ગયું છે. સવારથી સાંજ સુધીમાં લોકલ ટ્રેનો દિવસભર અડધોથી પોણો કલાક મોડી દોડતી રહી હોવાથી નિર્ધારિત સમયે કામના સ્થળે પહોંચવામાં અનેક કર્મચારીઓને દોડાદોડી કરવી મૂકી હતી. અન્ય એક પ્રવાસીએ કહ્યું હતું કે ટ્રેન ચાલુ થયાના અહેવાલ પછી મુંબઈ સેન્ટ્રલમાં ટ્રેન પોણો કલાકથી વધુ ઠપ રહી હોવા છતાં એના અંગે કોઈ અનાઉન્સમેન્ટ કરવામાં આવી નહોતી. અનેક ટ્રેનો મોડી પડવાને કારણે પીક અવર્સમાં ટ્રેનમાં ટ્રાવેલ કરવામાં પ્રવાસીઓએ તોબા પોકારી હતી.

દરમિયાન આ મુદ્દે પશ્ચિમ રેલવેએ જણાવ્યું હતું કે ચર્ચગેટ-મરીન લાઈન્સ વચ્ચે ડાઉન લાઈનમાં વૃક્ષની ડાળી પડવાને કારણે ટ્રેનસેવા પર અસર થઈ હતી. ફાસ્ટ લાઈનના કોરિડોરમાં ટ્રેન ચાલુ છે, પરંતુ સ્લો લાઈનની સર્વિસ ઠપ છે. સવા પાંચ વાગ્યાના સુમારે અપ સ્લો લાઈન શરુ કરવામાં આવી હતી, જ્યારે બાકીના કોરિડોરનું કામકાજ પૂરજોશે ચાલી રહ્યું છે, એમ અધિકારીએ દાવો કર્યો હતો.

અહીં એ જણાવવાનું કે મંગળવારે રાતના પણ દહિસર ખાતે ઓવરહેડ વાયરમાં કપડું ભરાઈ જવાને કારણે ટ્રેનોને રોકી દેવાની નોબત આવી હતી. પીક અવર્સમાં અનેક ટ્રેનો એક પછી એક બોરીવલીથી દહિસર વચ્ચે બન્ચિંગ થવાને કારણે ગીચ ટ્રેનમાં ટ્રાવેલ કરવાનું પ્રવાસીઓને હાલાકી પડી હતી. ■

# મીઠી નદીમાંથી ગાળ કાઢવાનું ૬૫ કરોડ રૂપિયાનું કૌભાંડ: બે વચેટિયાની ધરપકડ

## આરોપી કેતન કદમ પાસેથી ટેન્ડર સંબંધી ઓરિજિનલ રેકોર્ડની ફોટોકોપી મળી આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મીઠી નદીમાંથી ગાળ કાઢવાના ૬૫ કરોડ રૂપિયાથી વધુના કૌભાંડની તપાસ કરી રહેલી આર્થિક ગુના શાખાની સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમે (એસઆઇટી) મંગળવારે રાતે બે વચેટિયાની ધરપકડ કરી હતી. બંનેની ઓળખ કાંદિવલીના જય અશોક જોશી (૪૯) અને મુંબઈ સેન્ટ્રલ નજીક રહેતા કેતન અરુણ કદમ (૫૦) તરીકે થઇ હતી. બંનેને સ્થાનિક અદાલતમાં હાજર કરતાં તેમને ૧૩ મે સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી.

આ કૌભાંડ પ્રકરણે આઝાદ મેદાન પોલીસ સ્ટેશનમાં મુંબઈ મહાપાલિકાના ત્રણ અધિકારી ગણેશ બેન્દ્રે, પ્રશાંત રામગુડે અને તાયશેટ્ટી સહિત ૧૩ જણ સામે ગુનો દાખલ કરાયા બાદ પોલીસની ટીમે કેતન કદમ અને જય જોશીના નિવાસ તથા કાર્યાલય સહિત સાત સ્થળે સર્ચ હાથ ધરી હતી. બાદમાં રાતે બંનેની ધરપકડ કરાઇ હતી. મીઠી નદીમાંથી ગાળ કાઢવાના કામ માટે કેરળ સ્થિત મેટપ્રોપ કંપનીના મલ્ટિપર્પસ એમ્ફિબિયસ પેટૂન અને સિલ્ટ પુશર મશીનો કોન્ટ્રેક્ટરોને ભાડે આપવામાં કેતન કદમ અને જોશીએ વચેટિયાની ભૂમિકા ભજવી હતી.

મેટપ્રોપના દીપક મોહન અને કિશોર મેનને પાલિકાને ૩.૦૯ કરોડ રૂપિયાના ખર્ચે મશીનો ઓફર કર્યાં હતાં. પાલિકાના અધિકારીઓની એક ટીમે કેરળમાં પ્લાન્ટની મુલાકાત લીધી હતી અને બાદમાં બરાબર એ જ સ્પષ્ટીકરણ સાથે ટેન્ડર બહાર પાડ્યા હતા, જેથી કોઇ પણ કોન્ટ્રેક્ટરને મેટપ્રોપના મશીનો ખરીદવા અથવા ભાડે રાખવાની જરૂર પડે. કોન્ટ્રેક્ટર જ્યારે મશીન ખરીદવા માટે મેટપ્રોપ પાસે ગયો ત્યારે તેમણે તેને વચેટિયા કેતન અને જોશી પાસે મોકલ્યો હતો, જેમણે તેને આઠ કરોડ રૂપિયામાં બે વર્ષ માટે મશીન ભાડા પર આપવાની ઓફર કરી અને બાદમાં ચાર કરોડ રૂપિયામાં સમાધાન થયું હતું.

આરોપી કેતન કદમ પાસેથી જપ્ત કરાયેલા ઇલેક્ટ્રોનિક ડિવાઇસમાં પાલિકાના વરસાદી પાણીનાં નિકાલ વિભાગના અધિકારીઓની પોસ્ટિંગના આદેશની નકલ તેમ જ ટેન્ડર સંબંધી ઓરિજિનલ રેકોર્ડની ફોટોકોપી અને અન્ય દસ્તાવેજો મળી આવ્યાં છે. ઉપરાંત મીઠી નદી સંબંધી કામો કરનારા વિવિધ કોન્ટ્રેક્ટરો પાસેથી મળેલી રોકડ રકમની નોંધણીની વિગતો તેમાં છે. આ રૂપિયા કોની પાસેથી અને કેમ મળ્યા તેની તપાસ કરવામાં આવી રહી છે. ■

# મલાડની હોટેલમાં ગળું દબાવી પ્રેમીની હત્યા કરનારી મહિલા સુરતમાં પકડાઈ

## હત્યા બાદ પોલીસને ગેરમાર્ગે દોરવા મહિલાએ પ્રેમીના મોબાઈલથી તેના પરિવારને આત્મહત્યા કરી રહ્યો હોવાનો મેસેજ મોકલાવ્યો

મુંબઈ: મલાડની હોટેલમાં ગળું દબાવીને પ્રેમીની હત્યા કર્યા બાદ તેના મોબાઈલથી પરિવારને આત્મહત્યા કરી રહ્યો હોવાનો મેસેજ મોકલાવીને ફરાર થઈ ગયેલી મહિલાને પોલીસે ગુજરાતના સુરત શહેરમાંથી પકડી પાડી હતી.

દિંડોશી પોલીસે ધરપકડ કરેલી મહિલાની ઓળખ બરકત શફી મોહમ્મદ રાઠોડ તરીકે થઈ હતી.

મહિલા રાજસ્થાનના જયપુર શહેરની વતની હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પોલીસ તપાસમાં જણાયું હતું કે આરોપી મહિલા મીરા રોડમાં રહેતા મૃતક ઈમામુદ્દીન અન્સારી (૪૭)ના સાળાની પત્ની છે. બન્ને વચ્ચે છેલ્લાં કેટલાંક સમયથી અનૈતિક સંબંધ હતા. આ કથિત પ્રેમપ્રકરણને કારણે મહિલાની બદનામી થઈ રહી હતી. પતિએ પણ તેની સાથે સંબંધો તોડી નાખ્યા હતા, જેને કારણે તેના મનમાં રોષ ધરબાયેલો હતો.

ઈન્ટિરિયર ડેકોરેશનનો વ્યવસાય ધરાવતા અન્સારીએ બરકત સાથે રવિવારની સવારે મલાડ પૂર્વમાં સ્ટેશન નજીક આવેલી એક હોટેલમાં ચેકઈન કર્યું હતું. હોટેલની રૂમમાં મળ્યા પછી મહિલાએ ગળું દબાવીને અન્સારીની હત્યા કરી હતી. બાદમાં અન્સારીના મોબાઈલ ફોન પરથી તેના પરિવારને આત્મહત્યા સંદર્ભેનો મેસેજ કર્યો હતો.

'હું જીવનથી કંટાળ્યો હોવાથી આત્મહત્યા કરી રહ્યો છું' એવો મેસેજ સાંજે ચાર વાગ્યાની આસપાસ મળતાં અન્સારીના પુત્રએ નયા નગર પોલીસનો સંપર્ક સાધ્યો હતો. અન્સારીનું ફોન લૉકેશન મલાડ દર્શાવાયું હતું.

મલાડની એક હોટેલમાં અન્સારી હોવાની જાણકારી મળતાં દિંડોશી પોલીસની ટીમ તાત્કાલિક ત્યાં પહોંચી હતી. અન્સારીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલમાં મોકલી પોલીસે એડીઆર નોંધ્યો હતો.

જોકે પોસ્ટમોર્ટમના પ્રાથમિક અહેવાલમાં આત્મહત્યા નહીં, પણ ગળું દબાવીને અન્સારીની હત્યા કરાઈ હોવાનું જણાયું હતું. ઘટના બાદ ફરાર મહિલાની પોલીસે શોધ હાથ ધરી હતી. મહિલા સુરતમાં હોવાનું જાણવા મળતાં પોલીસની ટીમ સુરત પહોંચી હતી. મહિલાને મંગળવારે તાબામાં લઈ મુંબઈ લાવવામાં આવી હતી. ■

# ગેટવે ઓફ ઈન્ડિયા નજીક જેટ્ટી ટર્મિનલના બાંધકામ પર સ્ટે મૂકવાનો હાઈ કોર્ટનો ઇનકાર

મુંબઈ: બોમ્બે હાઈકોર્ટે બુધવારે ગેટવે ઓફ ઈન્ડિયા નજીક પેસેન્જર જેટ્ટી અને ટર્મિનલ સુવિધાઓ માટેના બાંધકામ પર સ્ટે મૂકવાનો ઇનકાર કર્યો હતો અને નોંધ્યું હતું કે આ પ્રોજેક્ટ જાહેર હિતમાં છે.

જોકે, મુખ્ય ન્યાયાધીશ આલોક આરાધે અને ન્યાયાધીશ એમ.એસ. કર્ણિકની ખંડપીઠે જણાવ્યું હતું કે બાંધકામને અંતિમ મંજૂરી સ્થાનિક રહેવાસીઓના સંગઠન દ્વારા પ્રોજેક્ટ સામે દાખલ કરવામાં આવેલી અરજીના અંતિમ પરિણામને આધીન રહેશે.

કોર્ટે કહ્યું હતું કે તે વીસમી જૂને આ મામલાની આગામી સુનાવણી કરશે.

ગયા અઠવાડિયે, સરકારે કોર્ટને એવી ખાતરી આપી હતી કે પ્રવાસી જેટ્ટી પ્રોજેક્ટના ભાગરૂપે તોડી પાડવા માટે નક્કી થયેલી ગેટવે ઓફ ઈન્ડિયા નજીકની દીવાલ આગામી સુનાવણી સુધી તોડવામાં આવશે નહીં.

સોમવારે દાખલ કરાયેલી અરજીમાં ક્લીન એન્ડ હેરિટેજ કોલાબા રેસિડેન્ટ્સ એસોસિએશન (સીએચસીઆરએ)એ આરોપ લગાવ્યો હતો કે અધિકારીઓએ સ્થળ પર થાંભલા નાખવાનું કામ શરૂ કરીને અગાઉ આપવામાં આવેલી ખાતરીનો ભંગ કર્યો છે.

એડવોકેટ જનરલ બિરેન્દ્ર સરાફે બુધવારે કોર્ટને જણાવ્યું હતું કે, ખાતરી આપ્યા મુજબ દીવાલ તોડી પાડવામાં આવશે નહીં.

જોકે, સીએચસીઆરએના વકીલ અસ્પી ચિનોયે જણાવ્યું હતું કે, એકવાર સ્થાપિત થઈ ગયા પછી થાંભલાઓ 'દૂર કરવા લગભગ અશક્ય' બની જશે, જે મામલો સંપૂર્ણ રીતે નક્કી થાય તે પહેલાં અસરકારક રીતે પ્રોજેક્ટને એક વાસ્તવિક સિદ્ધિમાં ફેરવી દેશે.

સરાફે એ પણ નિર્દેશ કર્યો કે પ્રોજેક્ટ આપવાની પ્રક્રિયા જુલાઈ ૨૦૨૪માં શરૂ થઈ હતી, જ્યારે બિડ મંગાવવાની નોટિસ જારી કરવામાં આવી હતી.

અરજદાર હંમેશા જાણતા હતા કે પ્રોજેક્ટમાં થાંભલાઓનું કામ સામેલ છે, એમ તેમણે કહ્યું હતું.

બંને પક્ષોને સાંભળ્યા પછી, કોર્ટે કહ્યું હતું કે, તે આ તબક્કે બાંધકામના કાર્ય પર કોઈ સ્ટે આપવા માટે તૈયાર નથી. આ એક જાહેર હિતનો પ્રોજેક્ટ છે, એમ બેન્ચે તેના આદેશમાં જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# આદિવાસી દંપતીને રૂપિયા ચૂકવીને તેમની સગીર પુત્રી સાથે લગ્ન કર્યાં

## અહમદનગરના વરરાજા સહિત આઠ જણની ધરપકડ

થાણે: થાણે જિલ્લામાં આદિવાસી દંપતીને પૈસા ચૂકવી તેમની ૧૪ વર્ષની સગીર પુત્રી સાથે લગ્ન કરવા બદલ ૩૫ વર્ષના વરરાજા સહિત આઠ લોકોની બુધવારે ધરપકડ કરવામાં આવી હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

સગીરા કાતકરી સમુદાયની છે, એમ જણાવી પોલીસ અધિકારીએ ઉમેર્યું હતું કે મહારાષ્ટ્રના અન્ય ભાગોમાંથી પુરુષો થાણે જિલ્લાના આદિવાસી પટ્ટામાં આવીને દુલ્હન માટે પૈસા ચૂકવતા હોય છે, જેનું ચલણ આ વિસ્તારમાં વધી રહ્યું છે.

સગીરાના પિતાએ તેનાં લગ્ન અહમદનગર જિલ્લાના રહેવાસી મંગેશ ગાડેકર (૩૫) સાથે ૧.૨૦ લાખ રૂપિયામાં નક્કી કર્યાં હતાં.

આદિવાસીઓના કલ્યાણ માટે કામ કરતી સંસ્થા શ્રમજીવી સંગઠનના સ્થાનિક સ્વયંસેવક દયાનંદ પાટીલને સૌપ્રથમ આ આયોજિત લગ્ન વિશે માહિતી મળી હતી, જેને પગલે પોલીસને તેની જાણ કરવામાં આવી હતી.

દરમિયાન પોલીસ ટીમ બુધવારે પિંજલે ગામમાં પહોંચી હતી અને વરરાજા તથા કન્યા એકબીજાને માળા પહેરાવી રહ્યાં હતાં ત્યારે તેમને અટકાવ્યાં હતાં.

આ પ્રકરણે ૧૧ લોકો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૪૩ તથા પ્રિવેન્શન ઓફ ચાઇલ્ડ મેરેજ એક્ટ હેઠળ ગુનો દાખલ કરાયો હતો. આમાંથી મંગેશ ગાડેકર સહિત આઠ જણની ધરપકડ કરવામાં આવી હતી. સગીરાના પિતા, સાવકી માતા સહિત ત્રણ ફરાર છે, એમ ગણેશપુરી પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર સંદીપન સોનાવણેએ જણાવ્યું હતું. નાશિક અને અહમદનગર જિલ્લામાં કન્યાઓ સરળતાથી મળતી ન હોવાથી ત્યાંના પુરુષો સગીર છોકરીઓ સાથે લગ્ન કરવા માટે થાણે આવે છે. (પીટીઆઇ) ■

# સમયસર એમ્બ્યુલન્સ નહીં મળતા મહિલાનો જીવ ગયો

## પાલિકા હોસ્પિટલના સ્ટાફને નોટિસ મળી

થાણે: મહારાષ્ટ્રના થાણે જિલ્લાની એક પાલિકા હોસ્પિટલમાં ગંભીર રીતે બીમાર મહિલા દર્દીના મૃત્યુના પગલે પાલિકા અધિકારીઓએ તબીબી સુવિધા પૂરી પાડતા કર્મચારીઓને કારણદર્શક નોટિસ ફટકારી જવાબદાર જણાતા લોકો સામે કડક શિસ્તભંગના પગલાં લેવાની ખાતરી આપી છે.

લકવાગ્રસ્ત અને બ્રેઇન હેમરેજથી પીડાતા ૪૩ વર્ષનાં સવિતા બિરાજદારનું સોમવારે કલ્યાણ ડોમ્બિવલી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંચાલિત કલ્યાણ પૂર્વની રુક્મિણીબાઇ હોસ્પિટલમાં નિધન થયું હતું. એમ્બ્યુલન્સ ડ્રાઇવરે તેમને અન્ય હોસ્પિટલમાં ખસેડવાનું કામ સમયસર ન કર્યું હોવાથી સવિતા અવસાન પામી હતી એવો આક્ષેપ તેના પરિવારના સભ્યોએ મંગળવારે કર્યો હતો. એમ્બ્યુલન્સના ડ્રાઇવરની અનિચ્છાને કારણે સવિતાએ હોસ્પિટલમાં લગભગ પાંચ કલાક સુધી રાહ જોવી પડી હતી એમ તેઓએ જણાવ્યું હતું.

આ બનાવને પગલે કલ્યાણ ડોમ્બિવલી પાલિકાના કમિશનર અભિનવ ગોયલે હોસ્પિટલના ડોકટરો, નર્સો, એમ્બ્યુલન્સ ડ્રાઇવરો અને વહીવટી કર્મચારીઓને કારણદર્શક નોટિસ ફટકારી હતી.(પીટીઆઈ) ■

# મુંબઈ-ગાંધીનગર વંદે ભારત એક્સપ્રેસમાં હવે વધુ ચાર ડબ્બા

મુંબઈ: મુંબઈ સેન્ટ્રલથી ગાંધીનગર વાયા અમદાવાદ દોડનારી વંદે ભારત એક્સપ્રેસમાં હવે વધુ લોકો પ્રવાસી કરી શકશે, કારણ કે હવે આ ટ્રેનમાં વધુ ચાર ડબ્બા જોડવાની યોજના છે. અત્યાર સુધી આ ટ્રેનમાં ૧૬ ડબ્બા હતા જે હવે વીસ ડબ્બાની ટ્રેન થઇ જશે.

**૧૬ ડબ્બાની વંદે ભારત**

| કોચ | સીટ |
|---|---|
| ૨ ઇસી કોચ | ૧૦૪ (પ્રત્યેક ૫૪) |
| સી-૧ અને સી-૧૪ | ૮૮ (પ્રત્યેક ૪૪) |
| સી-૨થી સી-૧૩ | ૯૩૬ (પ્રત્યેક ૭૮) |
| કુલ | ૧૧૨૮ સીટ |

**૨૦ ડબ્બાની વંદે ભારત**

| કોચ | સીટ |
|---|---|
| ૨ ઇસી કોચ | ૧૦૪ (પ્રત્યેક ૫૪) |
| સી-૧થી સી-૧૮ | ૮૮ (પ્રત્યેક ૪૪) |
| સી-૨થી સી-૧૭ | ૧૨૪૮ (પ્રત્યેક ૭૮) |
| કુલ | ૧૪૪૦ સીટ |

સૂત્રોએ જણાવ્યું હતું કે આ ટ્રેનની વધતી માગને કારણે તેના ડબ્બા વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

હજી સુધી તેની ચોક્કસ તારીખ જાહેર નથી કરવામાં આવી, પરંતુ આ અઠવાડિયાના અંતમાં અથવા આવતા અઠવાડિયાની શરૂઆતમાં મુંબઈ-અમદાવાદ વંદે ભારત ૨૦ કોચ સાથે દોડશે.

ચાર કોચ વધવાની સાથે કુલ ૩૧૨ સીટનો વધારો થશે. વીસ ડબ્બાની વંદે ભારતમાં વધારાના ચાર કોચ એસી હશે.

૧૬ ડબ્બાની ટ્રેનમાં બે કોચ એક્ઝિક્યુટિવ ચેર કાર અને ૧૪ એસી કાર હોય છે. ૧૬ ડબ્બાની ટ્રેનમાં કુલ સીટ ૧૧૨૮ હતી જે હવે ૧૪૪૦ થઇ જશે. ■

# પહલગામ હુમલાનો બદલો: ઑપરેશન સિંદૂરના માનમાં શૅરબજારે નોંધાવ્યો શુકનનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: દેશ સરહદ પાર આતંકવાદી નેટવર્ક સામે લશ્કરી કાર્યવાહીમાં હોવા સાથે સરહદે જબરું ટેન્શન હોવા છતાં, ઇન્ટ્રા-ડે ટ્રેડ દરમિયાન અફડાતફડીમાં અથડાયા બાદ બજાર આખરે અનિશ્ચિતતાને બાજુ પર રાખીને થોડો ઊંચા સ્તરે પહોંચવામાં સફળ રહ્યો હતો. ભારત-પાકિસ્તાન યુદ્ધ તણાવને કારણે મૂડ સાવધાનીભર્યો રહેશે, પરંતુ આગામી કેટલાક દિવસોમાં બજારોમાં શેરલક્ષી કામકાજ સાથે ઉથલપાથલ જોવા મળી શકે છે.

ભારતે પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં આતંકવાદી ઠેકાણાઓ પર મિસાઇલ હુમલા કર્યા હોવાથી બુધવારે શેરબજારમાં અફડાતફડી જોવા મળી હતી. જોકે, અંતે સેન્સેક્સ ૧૦૫.૭૧ પોઈન્ટ અથવા ૦.૧૩ ટકા વધીને ૮૦,૭૪૬.૭૮ પર બંધ થયો. ઇન્ડેક્સ ૬૯૨ પોઈન્ટના તીવ્ર ઘટાડા સાથે ખુલ્યો અને શરૂઆતના વેપારમાં વધુ ઘટીને ૭૯,૯૩૭.૪૮ના દિવસના નીચલા સ્તરને અથડાયો હતો.

જોકે, ખાનગી બેંકો અને ટાટા મોટર્સ જેવા પસંદગીના ઓટો શેરોમાં ખરીદીએ બેરોમીટરને મોટાભાગના નુકસાનને કવર કરી લેવામાં મદદ કરી અને પછી તે ૮૦,૮૪૪.૬૩ની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. જ્યારે નિફ્ટી ૩૪.૮૦ પોઈન્ટ અથવા ૦.૧૪ ટકા વધીને ૨૪,૪૧૪.૪૦ પર સ્થિર થયો છે. સત્ર દરમિયાન નિફ્ટી ૨૪,૪૪૯.૬૦ની ઊંચી સપાટી અને ૨૪,૨૨૦ની નીચી સપાટી વચ્ચે અથડાયો હતો. વ્યાપક બજારોમાં પણ ઇન્ટ્રાડે નુકસાનમાં સુધારો થયો અને એક ટકાથી વધુનો વધારો થયો. ઓટો, રિયલ્ટી અને મેટલ ક્ષેત્રોમાં સુધારો થયો જ્યારે ફાર્મા અને એફએમસીજીમાં ધોવાણ રહ્યું હતું. પહલગામ આતંકવાદી હુમલાનો બદલો લેવા માટે, ભારતીય સશસ્ત્ર દળોએ બુધવારે વહેલી સવારે પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં નવ આતંકવાદી સ્થળો પર મિસાઇલ હુમલા કર્યા જેમાં બહાવલપુરનો જૈશ-એ-મોહમ્મદનો ગઢ અને લશ્કર-એ-તૈયબાનો મુરીદકે બેઝનો સમાવેશ થાય છે.

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં ૨૬ નાગરિકોના હત્યાકાંડના બે અઠવાડિયા પછી ઓપરેશન સિંદૂર હેઠળ લશ્કરી હુમલા કરવામાં આવ્યા હતા.

ટાટા મોટર્સે સૌથી વધુ ૫.૦૫ ટકાનો ઉછાળો નોંધાવ્યો કારણ કે ભારત અને યુકેએ મોટાભાગના ટ્રેડેડ માલ પર ડ્યુટી ઘટાડવા માટે વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ વેપાર કરાર બ્રિટિશ કંપનીઓ માટે વ્હિસ્કી, કાર અને અન્ય ઉત્પાદનો ભારતમાં નિકાસ કરવાનું સરળ બનાવશે. બજાજ ફાઇનાન્સ, એટરનલ, અદાણી પોર્ટ્સ, ટાટા સ્ટીલ, એચડીએફસી બેંક, કોટક બેંક, આઇસીઆઇસીઆઇ બેંક, ટાઇટન, મહિન્દ્રા અને મહિન્દ્રા અને પાવર ગ્રીડ વધ્યા હતા. જ્યારે એશિયન પેઇન્ટ્સ, સન ફાર્મા, આઇટીસી, નેસ્લે, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને એચસીએલ ટેક પાછળ રહ્યા હતા.

એક્સચેન્જ ડેટા અનુસાર, મંગળવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ૩,૭૯૪.૫૨ કરોડ રૂપિયાના ઇક્વિટી ખરીદ્યા હતા. મિડકેપ ગેજ ૧.૩૬ ટકા ઉછળ્યો અને સ્મોલકેપ ઇન્ડેક્સ ૧.૧૬ ટકા વધ્યો હતો. ક્ષેત્રીય સૂચકાંકોમાં, ઓટોમાં સૌથી વધુ ૧.૭૪ ટકાનો ઉછાળો જોવા મળ્યો, ત્યારબાદ ગ્રાહક વિવેચનાત્મક (૧.૨૧ ટકા), ધાતુ (૧.૧૯ ટકા), રિયલ્ટી (૧.૧૨ ટકા), ગ્રાહક ટકાઉ વસ્તુઓ (૧.૦૫ ટકા), વીજળી (૦.૯૫ ટકા) અને નાણાકીય સેવાઓ (૦.૯૪ ટકા)નો સમાવેશ થાય છે. એફએમસીજી અને હેલ્થકેર ઇન્ડેક્સમાં પીછેહઠ હતી. બીએસઇ પર ૨,૨૦૩ જેટલા શેર વધ્યા જ્યારે ૧,૬૮૫ ઘટ્યા ૧૫૮ શેર યથાવત્ રહ્યા હતા. યુનાઇટેડ સ્ટેટ્સ અને ચીને વેપાર વાટાઘાટો ફરી શરૂ કરવાની તૈયારી દર્શાવી હોવાથી આંતરરાષ્ટ્રીય સ્તરે રોકાણકારોના સેન્ટિમેન્ટમાં સુધારો થયો છે. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ સકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયો હતો, જ્યારે જાપાનનો નિક્કી ૨૨૫ નીચો રહ્યો હતો. યુરોપના બજારો નકારાત્મક ક્ષેત્રમાં ક્વોટ થઈ રહ્યા હતા. મંગળવારે યુએસ બજારો નીચા સ્તરે બંધ થયા હતા.

ભારત અને યુકેએ મંગળવારે એક સીમાચિહ્નરૂપ મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા હતા, જે ૯૯ ટકા ભારતીય નિકાસ પર ટેરિફ ઘટાડશે અને બ્રિટિશ કંપનીઓ માટે ભારતમાં વ્હિસ્કી, કાર અને અન્ય ઉત્પાદનોની નિકાસ કરવાનું સરળ બનાવશે અને એકંદર વેપારને વેગ આપશે.

કોર્પોરેટ હલચલમાં એમઆરએફનો નફો ચોથા ક્વાર્ટરમાં ૨૯ ટકાના વધારા સાથે રૂ. ૫૧૨ કરોડ અને રેવેન્યૂ રૂ. ૭૦૭૪.૮૨ કરોડ નોંધાઇ છે. પીએનબીનો નફો બાવન ટકા વધીને રૂ. ૪૫૬૭ કરોડ અને કુલ આવક રૂ. ૩૧,૯૮૯ કરોડ નોંધાઇ છે. હુડકોનો ચોથા ક્વાર્ટરનો નફો ચાર ટકા વધીને રૂ, ૭૨૮ નોંધાયો છે. સર્વોટેકનો નફો બમણો થઇને રૂ. ૭.૭૧ કરોડ નોંધાયો છે.

વન ૯૭ કોમ્યુનિકેશન (પેટીએમ)ની ચોથા ક્વાર્ટરની નુકસાનીમાં ઘટાડો થયો હોવાથી તેનો શેર સાતેક ટકા ઊછળ્યો હતો. સિમ્પલ એનર્જી આઇપીઓ લાવી રહી છે. વેરીટાસ ફાઇનાન્લ લક્ષ્મી ઇન્ડિયા ફાઇનાન્સ, અજય પોલિ, જાજૂ રશ્મી રિફ્રેક્ટરીઝ અને રાગાલ રિસોર્સિસને આઇપીઓ માટે સેબીની મંજૂરી મળી ગઇ છે. બ્રુકફિલ્ડના રેઇટનો ચોખ્ખો નફો ૧૬ ટકા વધી રૂ. ૪૮૮.૫૦ કરોડ રહ્યો હતો.

જેન્સોલ એન્જિનિયરિંગના શેરમાં સતત ૧૮મા દિવસે પાંચ ટકાની લોઅર સર્કિટ લાગી હતી.

કોટક મહિન્દ્રા બેંકે ત્રિમાસિક નફામાં અપેક્ષા કરતાં વધુ ઘટાડો નોંધાયો હતો. સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાએ કોન્સોલિડેટેડ ચોખ્ખા નફામાં ૮.૩૪ ટકાનો ઘટાડો નોંધાવ્યો છે. અદાણી પોર્ટસે માર્ચ ક્વાર્ટરના ચોખ્ખા નફામાં ૫૦ ટકાનો ઉછાળો નોંધાવ્યો છે. અદાણી એન્ટપ્રાઇઝે ચોથા ક્વાર્ટરના પરિણામમાં ૭.૫૦ ગણો ઉછાળા સાથે રૂ. ૩૮૪૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ગોદરેજ પ્રોપર્ટીઝનો ચોથા ક્વાર્ટરનો નફો ૧૯ ટકાના ઘટાડા સાથે રૂ. ૩૮૨ કરોડ નોંધાયો છે.

# આઇપ્રુના ક્વૉલિટી ફંડનો બેન્ચમાર્ક નિફ્ટી ૨૦૦ ક્વૉલિટી, એક્ઝિટ લોડ એક ટકા

મુંબઇ: આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ મ્યુચ્યુઅલ ફંડે મૂડીબજારમાં દાખલ કરેલા ક્વોલિટી ફંડનો બેન્ચમાર્ક નિફટી ૨૦૦ ક્વોલિટી ૩૦ ટીઆરઆઇ નક્કી કરવામાં આવ્યો છે. એક્ઝિટ લોડ ફાળવણીના ૧૨ મહિનાની અંદર રિડીમ કરવામાં આવે તો એક ટકા અને ત્યારબાદ શૂન્ય રહેશે. આ ફંડ ક્વોલિટી ફેક્ટર ઇન્વેસ્ટમેન્ટ થીમ પર કેન્દ્રિત ઓપન એન્ડેડ ઇક્વિટી સ્કીમ છે, જેનો એનએફઓ ૨૦ મેના રોજ બંધ થશે. આ ફંડ થીમ અનુસાર મજબૂત વ્યવસાયિક મૂળભૂત સિદ્ધાંતો દર્શાવતી કંપનીઓમાં રોકાણ કરશે, જેમાં ઇક્વિટી પર ઉચ્ચ વળતર (આરઓઇ), સ્વસ્થ રોકડ પ્રવાહ, નીચા નાણાકીય લાભ અને વાજબી મૂડી ફાળવણી ટ્રેક રેકોર્ડનો સમાવેશ થાય છે. આ યોજના એક શિસ્તબદ્ધ સ્ટોક પસંદગી અભિગમને અનુસરશે જે વાજબી મૂલ્યાંકન પર ધ્યાન કેન્દ્રિત કરીને આ ગુણવત્તા પરિમાણોને એકીકૃત કરે છે.

ભૌગોલિક રાજકીય તણાવ, વધેલા વ્યાજ બોજ અને કોર્પોરેટ સેકટરની મધ્યમ કમાણી સહિત વધતી જતી વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા વચ્ચે સારા ફંડામેન્ટલ ધરાવતા સ્ટોક ઊથલપાથલના તોફાનનો સામનો કરી શકે છે. આ કંપનીઓ સામાન્ય રીતે તેમની મજબૂત બેલેન્સ શીટ અને વૃદ્ધિ રેકોર્ડને કારણે અસ્થિરતાના સમયગાળામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરે છે. તાજેતરના વર્ષોમાં ગુણવત્તા થીમે વ્યાપક બજારો અને મોમેન્ટમ, વેલ્યુ અને આલ્ફા જેવી અન્ય શૈલીઓ કરતાં ઓછું પ્રદર્શન કર્યું હતું, પરંતુ તેના પરિણામે આજે એન્ટ્રી વેલ્યુએશન વધુ આકર્ષક થયા છે.


**પશ્ચિમ રેલવે**

**વિવિધ કામ**

ડિવિઝન રેલવે મેનેજર (WA) પશ્ચિમી રેલવે, ૬ઠ્ઠો માળ, એન્જિનિયરીંગ ડિપાર્ટમેન્ટ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮ મંગાવે છે. ક્ર. નં. ૧: ટેન્ડર નોટીસ નં.: BCT/૨૫-૨૬/૩૪ તા. ૦૫.૦૫.૨૫. કામ અને સ્થળ: દાદર મિડટાઉન- ૭૩૦ દિવસોની મુદત માટે ટેન્કરો દ્વારા પોટેબલ ડ્રિન્કિંગ વોટરની સપ્લાય. કામની અંદા. કિંમત: ₹ ૮૪,૫૮,૪૯૬.૦૦/- બારડી: ₹ ૧૬૯૨૦૦.૦૦/- ક્ર. નં. ૨: ટેન્ડર નોટીસ નં.: BCT/૨૫-૨૬/૩૫ તા. ૦૫.૦૫.૨૫. કામ & સ્થળ: મુંબઈ સેન્ટ્રલ ખાતે નવી ઓફિસની ડ્રેનેજ અને કન્સ્ટ્રક્શન અને કવર શેડ સાથે પીટ લાઈનની એક્સ્ટેન્શન અને જૂના ઈલેક્ટ્રિક લોકો ટ્રીપ શેડ પીટ લાઈન રિપેર- મુંબઈ સેન્ટ્રલ (મેઈન) અને જાળવણી સુવિધાની સુધારણા માટે ઈલેક્ટ્રિક લોકો ટ્રીપ શેડ બાંદ્રા ટર્મિનસની વૃદ્ધિ. કામની અંદા. કિંમત: ₹ ૪,૩૧,૦૫,૦૭૧.૫૫/- બારડી: ₹ ૩૬૫૫૦૦.૦૦/- ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે: સુપ્રિતિની તા. & સ.: ૦૩.૦૬.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. ખોલવાની તા. & સ.: ૦૩.૦૬.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0119

અમને લાઈક કરો: facebook.com/WesternRly



PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**સિગ્નલિંગ કામ**

Sr. DSTE/નોર્થ/ મુંબઈ સેન્ટ્રલ, ૨જો માળ, ડિવિઝનલ રેલવે મેનેજરની ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮. ટેન્ડર નં. SG_૨૧૬_૨_૧૧૩_WA (ફેઝ-I); કામ અને સ્થળ: પશ્ચિમ રેલવે પર મુંબઈ ડિવિઝનની વિરાર- સુરત સેકશનમાં ૧૬૦ kmphમાં સ્પીડની વધારા સાથેના સંબંધમાં પારડી સ્ટેશન અને અતુલ સ્ટેશન વચ્ચે અર્થવર્ક, ટ્રેક વર્ક અને એસોસિએટેડ સિવિલ વર્ક (રે. KM ૧૮૮+૨૦૦ રે. KM ૧૮૯ + ૫૦૦ સુધી) સહિત ઈન્પોટેન્ટ બ્રિજ નં. ૩૧૩ UP & ડાઉન લાઈન નવી ગોઠવણીની કન્સ્ટ્રકશનનું અર્થ વર્ક સાથેના સંબંધમાં સિગ્નલિંગ કામ; કામની અંદાજિત કિંમત: ₹ ૧૯,૯૯,૪૪૮.૯૧/-; બારડી: ૪૦,૦૦૦.૦૦/ - ઈ-ટેન્ડર દસ્તાવેજોની સુપ્રતિ માટેની બંધ થવા માટેની તારીખ અને સમય: ૨૭/૦૫/૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી; ઈ-ટેન્ડરની ખોલવા માટેની તા. અને સ.: ૨૭/૦૫/૨૦૨૫ના ૧૫.૩૦ ક; ટેન્ડર વેબસાઈટ http://www.ireps.gov.in પર જોઈ શકાય છે. 0123

અમને લાઈક કરો: facebook.com/WesternRly


# ઑપરેશન સિંદૂરથી પાકિસ્તાની શૅરબજાર લોહીલુહાણ, ૩૫૦૦નો તોતિંગ કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: ભારતના કેસરીયા ઓપરેશન સિંદૂરે પાકિસ્તાનની તો ઠીક તેના શેરબજારની હાલત પણ ખરાબ કરી નાખી અને તેને લોહીલૂહાણ કરીને લાલ રંગે રંગી નાંખ્યું. બુધવારે સમગ્ર ઉપખંડમાં ટ્રેડિંગ સ્ક્રીનો પર ઓપરેશન સિંદૂરનો રંગ સ્પષ્ટ રીતે વિભાજીત થયો હતો, કરાચીમાં તે લોહીયાળ લાલ અને મુંબઈમાં શાંત હરિત બન્યો હતો. સત્ર દરમિયાન ૬૫૫૦ પોઇન્ટના કડાકા બાદ અંતે કરાચી ઇન્ડેક્સ ૩૫૨૧.૫૦ પોઇન્ટના તોતિંગ કડાકા સાથે ૧,૧૦,૦૪૭.૦૮ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

ભારતે પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં આતંકવાદી કેન્દ્રો પર ત્રિપાંખિયો હુમલો શરૂ કર્યો ત્યારે, પાકિસ્તાનનો બેન્ચમાર્ક કેએસઇ-૧૦૦ ઇન્ડેક્સમાં છ ટકા સુધીનો કડાકો નોંધાયો હતો, જ્યારે ભારતીય શેરબજારો શરૂઆતના ભયને દૂર કરીને અંતે પોઝિટવિ ઝોનમાં આગળ વધ્યા હતા, જે સ્થાનિક બજારમાં રોકાણકારોના વિશ્વાસનો સંકેત આપે છે.

પાકિસ્તાનના આતંકવાદી કેન્દ્રો પર ભારતના હુમલા બાદ, પાકિસ્તાની બજારોમાં ધબડકો બોલાઇ ગયો હતો, જે એ નાપાક દેશની આર્થિક નબળાઈઓને પ્રતિબિંબિત કરે છે. તેનાથી વિપરીત, ભારતીય બજારો શરૂઆતમાં ઘટ્યા પરંતુ ઝડપથી સુધર્યા, રોકાણકારોના મજબૂત વિશ્વાસ અને મજબૂત આર્થિક સંભાવના દર્શાવે છે. આ તફાવત બંને અર્થતંત્રો વચ્ચે જોખમ અને સ્થિતિસ્થાપકતાની અલગ અલગ ધારણાઓને પ્રકાશિત કરે છે, જેમાં ભારતની આર્થિક સક્ષમતા દેખાય છે અને પાકિસ્તાન આર્થિક પડકારોનો સામનો કરી રહ્યું હોવાનું સ્પષ્ટ થાય છે.

ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદી માળખાને નિશાન બનાવતા ઓપરેશન સિંદૂર શરૂ કર્યા પછી બુધવારે પાકિસ્તાનનો બેન્ચમાર્ક કેએસઇ-૧૦૦ ઇન્ડેક્સ ૫.૫૦ ટકાથી વધુ તૂટી ગયા હતો. આ ઓપરેશન ૨૨ એપ્રિલના રોજ પહેલગામમાં થયેલા ઘાતક હુમલાના જવાબમાં હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં ૨૬ લોકો માર્યા ગયા હતા.

પાકિસ્તાનમાં પ્રરંભિક કામકાજમાં કેએસઇ-૧૦૦ ઇન્ડેક્સ ૬,૨૭૨ પોઇન્ટ અથવા ૫.૫૦ ટકા ઘટીને ૧૦૭,૨૯૬ પોઇન્ટના સ્તરે પટકાઇ ગયો હતો, જે ૨૦૨૧ પછીનો સૌથી મોટો કડાકો છે. ઉપરાંત એ નોંધવું રહ્યું કે, ૨૩ એપ્રિલથી અત્યાર સુધીમાં આ ઇન્ડેક્સ કુલ ૯,૯૩૦ પોઇન્ટ ગુમાવી ચૂક્યો છે.

# HPCLએ PATમાં ૧૮% વધારા સાથે Q4 FY25માં મજબૂત પ્રદર્શન કર્યું

મુંબઈ: હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL)એ આજે ૩૧મી માર્ચ, ૨૦૨૫ના રોજ પૂરા થયેલા કવાર્ટર અને વર્ષ માટે તેના નાણાકીય પરિણામો જાહેર કર્યા, જેમાં સ્થિતિસ્થાપક કામગીરીની જાણ કરવામાં આવી, જેના પરિણામે રેકોર્ડ થ્રુપુટ અને વેચાણ વોલ્યુમમાં વધારો થયો.

**ત્રિમાસિક કામગીરી:** નાણાકીય વર્ષ ૨૫ના ચોથા કવાર્ટરમાં ખૂબ જ મજબૂત કામગીરી જોવા મળી. રિફાઈનરીઓએ ૬.૭૪ MMTનો અત્યાર સુધીનો સૌથી વધુ ત્રિમાસિક થ્રુપુટ નોંધાવ્યો. એક મહત્ત્વપૂર્ણ પગલામાં, HPCLએ ગુજરાતના છારા ખાતે LNG રિગેસિફિકેશન ટર્મિનલ પર કામગીરી શરૂ કરી.

**વાર્ષિક કામગીરી:** HPCLએ FY ૨૦૨૪-૨૫માં અસામાન્ય પ્રદર્શન કર્યું હતું અને ૨૫.૨૭ MMTના રિફાઈનરી થ્રુપુટને હાંસલ કર્યું હતું. મુંબઈ રિફાઈનરીએ લગભગ ૧૦ MMT ક્રૂડ ઓઈલનું પ્રોસેસિંગ કર્યું હતું જે અત્યાર સુધીના ઉચ્ચ સ્તરે હતું. HPCLએ ૪૯.૮૨ MMTનું રેકોર્ડ - ઉચ્ચ વેચાણ વોલ્યુમ પણ નોંધાવ્યું. HPCLએ ૪.૨%ના ઉદ્યોગ સરેરાશ વૃદ્ધિ દર કરતાં નોંધપાત્ર રીતે શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું. HPCL FY ૨૦૨૪-૨૫ દરમિયાન ૨૬.૯૦ MMTનું તેનું અત્યાર સુધીનું સૌથી વધુ પાઈપલાઈન થ્રુપુટ પણ નોંધાવ્યું. ■

# ખાંડમાં ₹ ચારથી ૧૦ની નરમાઈ

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્થાનિક તેમ જ દેશાવરોની ખપપૂરતી માગ ઉપરાંત અમુક માલની ગુણવત્તા પણ નબળી હોવાથી સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૫ના ઘટાડા સાથે રૂ. ૩૮૦૦થી ૩૮૩૫માં થયાના અહેવાલ હતા. આમ મથકો પરના નિરુત્સાહી અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો અને ઉપલા મથાળેથી રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની ખપપૂરતી માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે હાજરમાં મથકો પાછળ સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ચારથી ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૪૬થી ૪૦૦૨માં થયા હતા.

ભારત-પાક વચ્ચે ભૂરાજકીય તણાવ વધવાની ભીતિ

# સોનું ₹ ૫૩૮ની તેજી સાથે ₹ ૯૭,૦૦૦ની પાર, ચાંદીમાં ૮૦ની નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી ફેડરલ રિઝર્વની આજે સમાપન થઈ રહેલી બે દિવસીય નીતિવિષયક બેઠક પૂર્વે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર ગઈકાલે સોનામાં સલામતી માટેની માગને ટેકે ભાવમાં ત્રણ ટકાનો ઉછાળો આવ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને અમેરિકા-ચીન વચ્ચે વેપાર વાટાઘાટના આશાવાદ હેઠળ હાજરમાં સોનાના ભાવમાં ૧.૨ ટકાનો અને ચાંદીના ભાવમાં એક ટકાનો ઘટાડો આવ્યો હોવાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક ઝવેરી બજારમાં ઓવરનાઈટ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત ભારતે ગઈકાલે મોડી રાત્રે પાકિસ્તાનમાં આવેલા આતંકવાદીઓના કેમ્પ પર હુમલા કર્યાનાં અહેવાલ અને પાકિસ્તાને ભારતનાં પાંચ ફાઈટર જેટ તોડી પાડ્યાનો દાવો કરતાં ભારત-પાક વચ્ચે ભૂરાજકીય તણાવ વધે તેવી ભીતિ તેમ જ આજે ડૉલર સામે રૂપિયો ૪૫ પૈસા નબળો પડ્યો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરોમાં વધારો થવાથી હાજરમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૩૬થી ૫૩૮નો વધારો થયો હતો અને ભાવ રૂ. ૯૭,૦૦૦ની સપાટી પાર કરી ગયા હતા. જોકે, વિશ્વ બજાર પાછળ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૮૦નો સાધારણ ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ હોવાથી સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો અને ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૮૦ના સાધારણ ઘટાડા સાથે રૂ. ૯૫,૭૭૪ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલ અને રૂપિયો નબળો પડતાં હાજરમાં વેરા રહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૩૬ વધીને રૂ. ૯૭,૦૩૬ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૩૮ વધીને રૂ. ૯૭,૪૨૬ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સ્ટોકિસ્ટો અને રોકાણકારો સહિત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની લેવાલી પાંખી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન ગઈકાલે ન્યૂ યોર્ક ખાતે સોનાના ભાવમાં ત્રણ ટકાનો ઉછાળો આવ્યા બાદ આજે ખાસ કરીને ચીન અને અમેરિકાના અધિકારીઓની જિનિવા ખાતે વેપાર વાટાઘાટ માટે બેઠક યોજાવાના અહેવાલો વહેતા થતાં લંડન ખાતે સત્રના આરંભે સોનામાં સલામતી માટેની માગ ઓસરતા હાજરમાં ભાવ ૧.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૩૩૮૮.૪૯ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૮ ટકા ઘટીને ૩૩૯૬.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે એક ટકો ઘટીને ઔંસદીઠ ૩૨.૯૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકા અને ચીન વચ્ચે વાસ્તવિક ધોરણે વેપાર વાટાઘાટનો આરંભ થઈ રહ્યો હોવાથી ટ્રેડ વૉરનું જોખમ હળવું થવાના આશાવાદે સોનામાં સલામતી માટેની માગ નબળી પડતાં ભાવમાં પીછેહઠ જોવા મળી હોવાનું ટેસ્ટીલિવનાં ગ્લોબલ મેક્રોનાં હેડ ઈલ્યિ સ્પિવિકે જણાવ્યું હતું. પ્રાપ્ત અહેવાલ અનુસાર અમેરિકી ટ્રેઝરી સચિવ સ્કોટ બેસન્ટ અને ચીફ ટ્રેડ નેગોશિએટર જેમીસન ગ્રીર ચીનના આર્થિક અધિકારી હે લિફ્ન્ગ સ્વિટ્ઝર્લેન્ડ ખાતે સપ્તાહના અંતે મળશે અને ટૅરિફ અંગે ચર્ચા કરશે.

જોકે, હવે રોકાણકારોની નજર આજે મોડી સાંજે સમાપન થઈ રહેલી ફેડરલ રિઝર્વની બેઠકનાં નિર્ણય તેમ જ ફેડરલ રિઝર્વનાં બેઠકના અંતે અધ્યક્ષ જૅરૉમ પૉવેલની ટિપ્પણીઓ પર રહેશે. જોકે, વેપારી વર્તુળો આગામી જુલાઈ મહિના થી વર્ષ દરમિયાન ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૮૦ બેસિસ પૉઈન્ટનો ઘટાડો કરે તેવી ધારણા મૂકી રહ્યા છે.


**પશ્ચિમ રેલવે - રતલામ ડિવિઝન**

**એન્જિનિયરિંગ વિભાગ - ઈ-ટેન્ડરીંગ**

**સૂચના નં. W/૬૨૩/૫/૧/NIT તારીખ ૩/૦૫/૨૦૨૫**

ડિવિઝનલ રેલવે મેનેજર/ડિવિઝનલ કાર્યાલય (કાર્યલેખાશાખા) પશ્ચિમ રેલવે, રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ''ઓપન ટેન્ડર'' ઈ-ટેન્ડર દ્વારા વેબસાઈટ www.ireps.gov.in પર મંગાવે છે. વિગતો આ મુજબ છે. (૧) ઈ-ટેન્ડરીંગ નં. RTM-૨૦૨૫-૨૬-૩૭. કામનું નામ: RTM ડિવિઝન-RTM-UIN-IND ખાતે RPF બ્રેકમાં સુધારણા/અપગ્રેડ. અંદા. માત્રા: ટેન્ડર શેડ્યૂલ મુજબ. અંદા. લાગત: રૂ. ૬૦,૯૭,૫૨૨.૮૧. બાના રકમ: ૧,૨૨,૦૦૦.૦૦ કામનો સમાપન અવધિ: ૮ મહિના. કામનો સમાન પ્રકાર: કોઈપણ સિવિલ એન્જિનિયરિંગ વર્ક. વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખ: ૦૩/૦૫/૨૦૨૫ ટેન્ડરની ખોલવાની તારીખ: ૨૬/૦૫/૨૦૨૫. (૨) ઈ-ટેન્ડરીંગ RTM-૨૦૨૫-૨૬-૩૮. RTM-રેલવે હાઈઅર સૅકેન્ડરી સ્કૂલનું રિનોવેશન. અંદા. માત્રા: ટેન્ડર શેડ્યૂલ મુજબ. અંદા. લાગત: રૂ. ૧,૮૬,૬૧,૦૫૮.૬૩. બાના રકમ: ૨,૪૩,૪૦૦.૦૦ કામનો સમાપન અવધિ: ૯ મહિના. કામનો સમાન પ્રકાર: કોઈપણ સિવિલ એન્જિનિયરિંગ વર્ક. વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખ: ૦૩/૦૫/૨૦૨૫ ટેન્ડર ખોલવાની તારીખ: ૨૬/૦૫/૨૦૨૫. (૩) ઈ-ટેન્ડર નં. RTM-૨૦૨૫-૨૬-૩૭ કામનું નામ: RTM-એક વર્ષ (૨૦૨૫-૨૬) માટે રેલવે પ્રિમાઈસિસમાં સ્ટેશન, ઓફિસ, રેલવે કોલોની અને અન્ય સ્થળો ખાતે પોટેબલ ડ્રિન્કિંગ વોટરની સપ્લાય. અંદા. માત્રા: ટેન્ડર શેડ્યૂલ મુજબ. અંદા. લાગત: રૂ. ૧,૬૪,૦૪,૪૦૦.૦૦. બાના રકમ: રૂ. ૨,૩૨,૧૦૦.૦૦ કામનો સમાપન અવધિ: ૧૨ મહિના. કામનો સમાન પ્રકાર: કોઈપણ સિવિલ એન્જિનિયરિંગ વર્ક. વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખ: ૦૩/૦૫/૨૦૨૫ ટેન્ડર ખોલવાની તારીખ: ૨૬/૦૫/૨૦૨૫. (૪) ઈ-ટેન્ડર નં. RTM-૨૦૨૫-૨૬-૪૮ કામનું નામ: ઉજ્જૈન સ્ટેશન-૨૦૨૫-૨૦૨૮ (ત્રણ વર્ષ માટે) ખાતે રેલવે કોલોની, સ્ટેશન બિલ્ડીંગ અને સર્ક્યુલેટિંગ એરિયામાં અન્ડર ગ્રાઉન્ડ સિવર લાઈન, ડ્રેઈન, મેનહોલ, WC વગેરેની રિપેર અને જાળવણી. અંદા. માત્રા: ટેન્ડર શેડ્યૂલ મુજબ. અંદા. લાગત: રૂ. ૬૭,૮૧,૪૦૫.૩૮. બાના રકમ: ૧,૩૫,૭૦૦.૦૦ કામનો સમાપન અવધિ: ૩૬ મહિના. કામનો સમાન પ્રકાર: કોઈપણ સિવિલ એન્જિનિયરિંગ વર્ક. ટેન્ડર ખોલવાની તારીખ: ૨૬/૦૫/૨૦૨૫. વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખ: ૦૩/૦૫/૨૦૨૫ વિગતવાર ટેન્ડર નોટીસ, શર્તો અને અન્ય શર્તો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

V/026 ડિવિઝનલ રેલવે મેનેજર (કાર્યલેખા) રતલામ, પશ્ચિમ રેલવે

અમને લાઈક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે – રતલામ ડિવિઝન**

**એન્જિનિયરીંગ વિભાગ - ઈ-ટેન્ડરીંગ**

**સૂચના નં. W/૬૨૩/૫/૧/NIT તારીખ ૨/૦૫/૨૦૨૫**

ડિવિઝન રેલવે મેનેજર/ ડિવિઝન (કાર્યલેખા શાખા) પશ્ચિમ રેલવે, રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે નીચેના કામ માટે ''ઓપન ટેન્ડર'' ઈ-ટેન્ડર દ્વારા વેબસાઈટ www.ireps.gov.in પર મંગાવે છે. વિગતો આ મુજબ છે. - ઈ-ટેન્ડરીંગ (૧) RTM-૨૦૨૫-૨૬-૪૨. કામનું નામ: GDA-NAD સેક્શન: ચોમાસા મોસમમાં DHD/વર્કશોપ અને RUBs LCs યાર્ડ ખાતે ડિવોટરિંગ માટે પંપની ભારતી. અંદા. માત્રા: ટેન્ડર શેડ્યૂલ મુજબ. અંદા. લાગત: રૂ. ૨૮,૮૮,૩૨૫.૩૬. બાના રકમ: રૂ. ૫૭,૮૦૦.૦૦. કામ સમાપન અવધિ: ૮ મહિના. કામનો સમાન પ્રકાર: NA. વેબસાઈટ પર અપડેટ કરવાની તારીખ: ૨૯.૦૪.૨૦૨૫. ટેન્ડર ખોલવાની તારીખ: ૨૧.૦૫.૨૦૨૫. ઈ-ટેન્ડરીંગ (૨) RTM-૨૦૨૫-૫૬-૪૪. કામનું નામ: ગોધરા-નાગદા સેક્શન: ઈલેક્ટ્રિકલ કામો સહિત નાગદા (NAD) ખાતે જૂના ત્યજી દિધેલ 'A' અને 'B' કેબીનની બદલીમાં નવા S&T બિલ્ડીંગનું કન્સ્ટ્રક્શન અને સેક્શન (૧૪ નં.)ના વિવિધ ગેંગ માટે ટૂલ કમ રેસ્ટ રૂમની જોગવાઈ. અંદાજિત માત્રા: ટેન્ડર શેડ્યૂલ મુજબ. અંદાજિત લાગત: રૂ. ૧,૭૪,૮૨,૩૯૨.૭૭. બાના રકમ: રૂ. ૨,૩૭,૪૦૦.૦૦. કામનો સમાપન અવધિ: ૧૮ મહિના. કામનો સમાન પ્રકાર: કોઈપણ બિલ્ડીંગ કામનું કન્સ્ટ્રક્શન. વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખ: ૦૧.૦૫.૨૦૨૫. ટેન્ડર ખોલવાની તારીખ: ૨૬.૦૫.૨૦૨૫. ઈ-ટેન્ડરીંગ (૩) RTM-૨૦૨૫-૨૬-૪૫. ગોધરા-નાગદા સેક્શન-કવાર્ટર્સ (૩૯૫ નં.)માં ડોર્સ, વિન્ડો, પ્લાસ્ટર, લિકેજ, ટ્રિટમેન્ટ, કોર્ટ યાર્ડ વોલ, કિચન પ્લેટફોર્મ, ડ્રેનેજ વગેરેની જોગવાઈ ટેન્ડર શેડ્યૂલ મુજબ. અંદા. લાગત: રૂ. ૨,૫૦,૧૩,૩૭૮.૮૫. બાના રકમ: રૂ. ૨,૭૫,૧૦૦.૦૦. કામનો સમાપન અવધિ: ૧૮ મહિના. કામનો સમાન પ્રકાર: કોઈપણ સિવિલ એન્જિનિયરીંગ વર્ક. વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખ: ટેન્ડર ખોલવાની તારીખ: ૦૧.૦૫.૨૦૨૫. વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખ: ૨૬.૦૫.૨૦૨૫. વિગતવાર ટેન્ડર નોટીસ, શર્તો અને અન્ય શર્તો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

V/025 ડિવિઝનલ રેલવે મેનેજર (કાર્ય લેખા) રતલામ ડિવિઝન (પશ્ચિમ રેલવે)

અમને લાઈક કરો: facebook.com/WesternRly


# ભારત-પાક સરહદી તણાવ વધતાં ડૉલર સામે રૂપિયો ૪૫ પૈસા તૂટ્યો

મુંબઈ: જમ્મુ કાશ્મીરનાં પહલગામમાં થયેલા આતંકી હુમલામાં ૨૬ નાગરિકોએ જાન ગુમાવ્યાનાં બે સપ્તાહ પછી ગઈકાલે મોડી રાત્રે ભારતીય લશ્કરે જવાબી કાર્યવાહી કરતાં ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અને પાક કબજા હેઠળનાં કાશ્મીરનાં નવ આતંકવાદીઓના કેમ્પ પર મિસાઈલ હુમલાઓ કર્યાના અહેવાલને ધ્યાનમાં લેતા ભારત-પાક વચ્ચે સરહદી તણાવમાં વધારો થવાની ભીતિ, ડૉલર ઈન્ડેક્સ તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૪૫ પૈસા તૂટીને ૮૪.૮૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ચોખ્ખી લેવાલી જળવાઈ રહી હોવાનું એક્સચેન્જની આંકડાકીય માહિતી પરથી જાણવા મળતાં રૂપિયામાં મોટો કડાકો અટક્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૪.૩૫ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૪.૬૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪.૯૩ અને ઉપરમાં ૮૪.૪૭ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૪૫ પૈસાના ઘટાડા સાથે ૮૪.૮૦ના મથાળે બંધ રહ્યો હતો. ગઈકાલે ડૉલર સામે રૂપિયો પાંચ પૈસા ઘટ્યો હતો. ડૉલર ઈન્ડેક્સની નરમાઈને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળામાં ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની લેવાલીને ધ્યાનમાં લેતાં રૂપિયામાં સુધારાતરફી વલણ જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરતાં મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે આગામી ટૂંકા સમયગાળામાં ડૉલર સામે રૂપિયાની રેન્જ ૮૪.૪૦થી ૮૫.૧૦ આસપાસની રહે તેમ જણાય છે. આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨૩ ટકા વધીને ૯૯.૪૬ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪૨ ટકા વધીને બેરલદીઠ ૬૨.૪૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૦૫.૭૧ પૉઈન્ટનો અને ૩૪.૮૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૭૯૪.૫૨ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાથી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# વિશ્વ બજાર પાછળ આયાતી તેલમાં નરમાઈ

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૩૯ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૬૫ રિંગિટ ઘટી આવ્યાના અહેવાલ હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો અત્યંત પાંખાં રહેતાં આરબીડી પામોલિન, સોયા રિફાઈન્ડ, સન રિફાઈન્ડ અને સરસવના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૦૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૧૦થી ૧૨૨૫ અને ગોલ્ડન એગ્રીના આબીડી પામોલિનના રૂ. ૧૨૦૦ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આ સિવાય અન્ય કોઈ રિફાઈનરોએ ભાવ નહોંતા ક્વૉટ કર્યા તેમ જ વેપારનો અભાવ હતો અને માત્ર રવાનગીના કામકાજ થયા હતા. વધુમાં આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની અંદાજે ૬૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૦૬૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે હડતાળને કારણે આવક-જાવકો ન હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૦૯૦માં અને લૂઝમાં રૂ. ૧૩૦૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

**મુંબઈ ફાયર બ્રિગેડ**

**ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ**

**નં. FB/W/૪૨૯ તારીખ ૦૭.૦૫.૨૦૨૫**

**(ટેન્ડર ID નં. ૨૦૨૫_MCGM_૧૧૭૭૬૩૮_૧)**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના મ્યુનિસિપલ કમિશનર નીચે જણાવેલ ઓનલાઈન ટેન્ડર મંગાવે છે. ટેન્ડર કોપી ''ટેન્ડર'' સેક્શન હેઠળ NICની પોર્ટલ (https://mahatenders.gov.in) પરથી ડાઉનલોડ કરી શકાય છે. તમામ રસ ધરાવતા વિક્રેતાઓ, BMCમાં પહેલાથી નોંધાયેલ હોય કે ન હોય, ઈ-ટેન્ડરીંગ પ્રક્રિયા માટે BMC સાથે રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. ''ઈ-પ્રોક્યોરમેન્ટ'' હેઠળ ઉપરોક્ત દર્શાવેલ પોર્ટલ પણ ઓનલાઈન બિડિંગ પ્રક્રિયામાં ભાગ લેવા માટે લોગ ઈન ઓળખપત્ર ઉપલબ્ધ છે.

રજીસ્ટ્રેશન માટે, ડિજિટલ સિગ્નેચર સર્ટિફાઈડ અને યુઝર મેન્યુઅલ એનરોલમેન્ટ નોંધણી માટે, કૃપા કરીને ઈ-ટેન્ડરિંગ ટેબમાં આપેલ સંબંધિત લિંકનો સંદર્ભ લો.

વેન્ડર્સ, સર્ટીફાઈંગ સત્તાઓ જેવી કે સેફ સ્ક્રીપ્ટ, IDRBT, નેશનલ ઈન્ફોર્મેટીક્સ સેન્ટર, TCS, કસ્ટમ્સ, MTNL, GNFC અને ઈ-મુદ્રા CAના કન્ટ્રોલર દ્વારા લાયસન્સ અપાયેલ સર્ટીફાઈંગ ઓથોરીટીઝ (CA's)ના કોઈપણ એક પાસેથી ડીજીટલ સીગ્નેચર મેળવી લે. BMCએ આ અંગે વેન્ડર્સને મદદરૂપ થવા CPD ઓફિસ ખાતે હેલ્પડેસ્ક પણ ખોલેલ છે.

ટેકનીકલ અને કોમર્શિઅલ બીડસ નીચે દર્શાવેલ પાકતી તારીખ અને સમય સુધી ઓનલાઈન સુપ્રત કરવા.

| ક્ર. નં. | વર્ણન | બારડી (રૂ.) | ટેન્ડર ફી (રૂ.) | બીડની ડાઉનલોડિંગ માટે પ્રારંભ તારીખ અને સમય | ઓનલાઈન બીડ સુપ્રતિ માટે પાકતી તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧ | મુંબઈ ફાયર બ્રિગેડના સ્પષ્ટીકરણો અનુસાર ટાટા સૂમો પેસેન્જર્સ વાહનોની ઓરિજનલ અને અસલી ઓટો સ્પેરની સપ્લાય | ૩૭,૦૦૦/- | ૩,૬૩૦/- +૧૮% GST | ૧૦.૦૫.૨૦૨૫ ૧૧.૦૦ ક. થી | ૨૩.૦૫.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી |

ટેન્ડરરે ટેન્ડર દસ્તાવેજો ડાઉનલોડ કરતા પહેલા ઓનલાઈન પેમેન્ટ ગેટવે દ્વારા ઉપર જણાવ્યા મુજબ ટેન્ડર ફી ચૂકવવાની રહેશે અને તમામ ટેન્ડરર્સે BMC પ્રક્રિયા મુજબ જ બારડી ઓનલાઈન ચૂકવવાની રહેશે.

સહી/-

એક્ઝિક્યૂટિવ એન્જિનિયર (M&E)

મુંબઈ ફાયર બ્રિગેડ

PRO/344/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# ૩ મિનિટઃ મુંબઈમાં મૉક ડ્રિલમાં આ છે રિસ્પૉન્સ ટાઈમ

મુંબઈઃ મુંબઈના ક્રોસ મેદાનમાં બુધવારે ભારે વરસાદ વચ્ચે મૉક ડ્રિલ યોજાઇ હતી. બરાબર ચાર વાગ્યે સાયરન વાગી હતી. હવાઇ હુમલા વખતે કેવી કાર્યવાહી કરવી એ વિશેની આ મૉક ડ્રિલમાં નાગરી સંરક્ષણ, અગ્નિશમન દળ અને અર્ધલશ્કરી દળની ટીમોએ ઘાયલોને કેવી રીતે બચાવવા, હુમલાથી નાગરિકોને સુરક્ષિત જગ્યા પર કેવી રીતે લઇ જવા વગેરેની તાલીમ આપી હતી. જોકે મૉક ડ્રિલમાં મુંબઈમાં અનેક જગ્યાએ ઓચિંતા ખાબકેલો વરસાદ વિલન બન્યો હતો. અધૂરામાં પૂરું અમુક સ્થળે સાયરન વાગી નહોતી અથવા તો વાગી તો સંભળાય નહોતી.

વિવિધ ઇમર્જન્સી રિસ્પોન્સ ટીમના સહયોગ હેઠળ 'ઑપરેશન અભ્યાસ'નું આયોજન કરાયું હતું. જોકે આમાં હવાઈ હુમલા કે રાસાયણિક કે અણુ હુમલાને વખતે કઈ રીતે સામનો કરવો એની તૈયારીની કસોટી કરાઈ હતી અને આમાં સિવિલ ડિફેન્સનો રિસ્પોન્સ ટાઈમ ત્રણ મિનિટ નોંધાયો હતો. જોકે વિગતવાર અહેવાલ આવવાનો બાકી છે.

અણુશક્તિનગર ખાતે બીએઆરસી રેસિડેન્શિયલ કોમ્પ્લેક્સમાં રાત્રે આઠ વાગ્યે બ્લેકઆઉટ કરવામાં આવ્યો હતો. તેમ છતાં પાલઘર જિલ્લાના તારાપુરમાં નિર્ધારિત બ્લેકઆઉટ રદ કરવામાં આવ્યો હતો.

'સાયરન વાગ્યા બાદ બીએઆરસી રેસિડેન્શિયલ કોમ્પ્લેક્સના રહેવાસીઓને મૉક

(જુઓ પાનું ૪) ▶▶

## રેલવેમાં પણ યોજાઇ મૉક ડ્રિલ

મુંબઈના સૌથી વ્યસ્ત ગણાતા છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) સ્ટેશન પર યોજાયેલી મૉક ડ્રિલમાં રેલવે પ્રોટેક્શન ફોર્સ (આરપીએફ), ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી), મહારાષ્ટ્ર સિક્યોરિટી ફોર્સ (એમએસએફ) દ્વારા અલગ અલગ અને સંયુક્ત રીતે ડ્રિલ હાથ ધરવામાં આવી હતી. બપોરે ત્રણ વાગ્યે શરૂ થયેલી ડ્રિલ, આગ બુઝાવવી, હવાઇ હુમલા વખતે શું કરવું?, નાગરિકોનો કેવી રીતે બચાવ કરવો? ઘાયલોને કેવી રીતે બચાવવા વગેરેનો ડ્રિલમાં સમાવેશ કરાયો હતો.

જીઆરપીના આસિસ્ટન્સ પોલીસ કમિશનર જ્ઞાનેશ્વર ગાનોરેએ જણાવ્યું હતું કે આ મૉક ડ્રિલમાં આઠ પોલીસ અધિકારી અને ૪૫ કોન્સ્ટેબલે ભાગ લીધો હતો. પ્લેટફોર્મ નં. બેથી ૧૦ પર આ ડ્રિલ યોજાઇ હતી. વસઇ રેલવે

(જુઓ પાનું ૪) ▶▶

**વરસાદની અડચણ વચ્ચે પણ ઑપરેશન અભ્યાસ પૂરેપૂરા જોશ સાથે ઠેકઠેકાણે હાથ ધરાયોઃ બીએઆરસીમાં રહેણાંક સંકુલમાં બ્લેકઆઉટની ડ્રિલઃ હવાઈ હુમલા અને રાસાયણિક કે અણુ હુમલાનો કઈ રીતે સામનો કરાય એની તૈયારીની કસોટી કરાઈ**




**તૈયારી યુદ્ધની:** પાકિસ્તાન વળતો હુમલો કરે તો તેનો સામનો કરવાની તૈયારીઓ ચકાસવા માટે મુંબઈમાં ગઈ કાલે ક્રોસ મેદાન સહિતના વિસ્તારોમાં મૉક ડ્રિલ હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત બિલ્ડિંગ પરથી લોકોને ઊતારવા પડે તો તેની તૈયારી પણ ચકાસવામાં આવી હતી. (જયપ્રકાશ કેળકર)

# શરદ પવારે ઑપરેશન સિંદૂરની પ્રશંસા કરી, કહ્યું કે દુનિયામાં સંદેશ આપ્યો

**વડા પ્રધાન મોદી, રાજનાથ સિંહ સાથે વાત કરીને સમર્થન જાહેર કર્યું**

પુણેઃ ઑપરેશન સિંદૂરની પ્રશંસા કરતા એનસીપી (એસપી)ના વડા શરદ પવારે બુધવારે કહ્યું હતું કે આતંકવાદી હુમલા પછી કોઈ પણ દેશ મૂક પ્રેક્ષક બની શકે નહીં અને હવે દુનિયામાં સંદેશ ગયો છે કે 'ભારત આક્રમક છે.'

ગયા મહિને જમ્મુ અને કાશ્મીરમાં જે કંઈ બન્યું, તેનાથી દેશના લોકોમાં ચિંતા હતી. આતંકવાદીઓ દ્વારા નિર્દોષ લોકો માર્યા ગયા. આવી સ્થિતિમાં, કોઈ પણ દેશ ફક્ત મૂક દર્શક બની શકે નહીં, એમ ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાન પવારે પુણેમાં જણાવ્યું હતું. તેમણે સોશ્યલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ સાથે ઑપરેશન સિંદૂર પર વાત કરી હતી અને તેમને સંપૂર્ણ ટેકો આપવાની જાહેરાત કરી હતી.

'આ આતંકવાદી હુમલાઓનો જવાબ આપતી વખતે,

(જુઓ પાનું ૪) ▶▶

## 'ઑપરેશન સિંદૂર જ છે યોગ્ય શ્રદ્ધાંજલિ'

**પહલગામમાં મૃત્યુ પામેલાં પુણેના સંતોષ જગદાળેની પત્નીનો આક્રોશ**

પુણેઃ પહલગામમાં આતંકવાદીઓના હુમલામાં માર્યા ગયેલા માટે 'ઓપરેશન સિંદૂર' યોગ્ય શ્રદ્ધાંજલિ હોવાની પ્રતિક્રિયા પ્રગતિ જગદાળેએ વ્યક્ત કરી હતી. હુમલામાં માર્યા ગયેલા ૨૬ લોકોમાં પ્રગતિના પતિ સંતોષ જગદાળે પણ હતા.

પ્રગતિએ વધુમાં જણાવ્યું હતું કે 'ઑપરેશન સિંદૂર' માટે હું વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આભારી છું. અમારી લાગણીઓની કદર થઈ એ બદલ પણ હું આભાર વ્યક્ત કરું છું. આતંકવાદીઓએ અમારા સિંદૂર મિટાવી દીધા હતા, પરંતુ આજે ઓપરેશન સિંદૂર હેઠળ આપણા સશસ્ત્ર દળોએ પાકિસ્તાનમાં આતંકવાદીઓના અડ્ડા નષ્ટ કર્યા એનો મને આનંદ છે. આતંકવાદી હુમલાનો ભારત બદલો લેશે એની મને ખાતરી હતી.' પ્રગતિની પુત્રી આસાવરીએ જણાવ્યું હતું કે 'આપણા સશસ્ત્ર દળોએ હવાઈ હુમલા દ્વારા જડબાતોડ જવાબ આપ્યો એ બદલ હું ગર્વ અનુભવું છું.'

બાવીસ એપ્રિલના હુમલામાં માર્યા ગયેલા લોકોમાં પુણેના રહેવાસી કૌસ્તુભ ગણબોટે પણ હતા. કૌસ્તુભનાં પત્ની સંગીતાએ જણાવ્યું હતું કે ભારતે પહલગામ આતંકવાદી હુમલાનો બદલો લીધો

(જુઓ પાનું ૪) ▶▶

## મારા પિતાના આત્માને હવે મળશે શાંતિઃ ડોમ્બિવલીનો હર્ષલ લેલે

મુંબઈઃ ભારતીય હવાઇ દળ દ્વારા પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (પીઓકે)માં આતંકવાદીઓના અડ્ડા પર કરાયેલા હુમલા 'ઑપરેશન સિંદૂર'ની પ્રશંસા કરતા પહલગામ હુમલામાં પિતા અને બે અંકલને ગુમાવનાર હર્ષલ લેલેએ જણાવ્યું હતું કે હવે મને શાંતિ મળી અને મારા પિતાની આત્માને પણ શાંતિ મળશે.

પહલગામમાં બાવીસમી એપ્રિલે થયેલા હુમલામાં હર્ષલની નજરની સામે તેના પિતા સંજય લેલે તથા બે અંકલ અતુલ માને અને હેમંત જોશીને આતંકવાદીઓએ ગોળી મારી નાખ્યા હતા.

'મારા અંકલે આતંકવાદીઓને કહ્યું હતું કે 'મને છોડી દો', પરંતુ આતંકવાદીઓ નિર્દય હતા તેમને ગોળી મારી દીધી. મારા પિતા અને મારા અન્ય અંકલ પ્રત્યે પણ દયા દેખાડી નહોતી', એમ ડોમ્બિવલીમાં પત્રકારો સાથેની વાતચીતમાં હર્ષલ જણાવે છે.

ઑપરેશન સિંદૂરથી હું બહુ ખુશ થયો છું. આતંકવાદીઓનાં નવ સ્થળોને નષ્ટ કરવામાં આવ્યા છે. આવી વધુ કાર્યવાહી કરવામાં આવે એવી આશા છે, એમ તેણે વધુમાં જણાવ્યું હતું.

અન્ય પીડિત અતુલ મોનેની પત્ની અનુષ્કા મોનેએ કહ્યું હતું કે મેં જે ગુમાવ્યું છે તે પાછું આવવાનું નથી, પરંતુ ભારતીય લશ્કર દ્વારા જે કાર્યવાહી કરવામાં આવી છે તે મજબૂત

(જુઓ પાનું ૪) ▶▶

**કચ્છી લોહાણા**



મુંબઇના રહેવાસી
**ધીરેન્દ્ર (બીટ્ટુ) રણજીત ઠક્કર**
સ્વ. રણજીત શિવદાસ ઠક્કર અને સ્વ. સરસ્વતી રણજીત ઠક્કર ના પુત્ર
સ્વ. વિઠ્ઠલસેન માધવરાવ તલપદે અને સ્વ. સુરેખા વિઠ્ઠલસેન તલપદે ના જમાઈ
તા.3-5-2025 ના રોજ ભગવદ ધામ પામ્યા છે.
સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## ઓપરેશન સિંદૂરના વીડિયો ફૂટેજને કારણે શંકાને કોઈ સ્થાન નથીઃ ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે ભારતીય સશસ્ત્ર દળો અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ઓપરેશન સિંદૂર બદલ પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે મિસાઇલ હુમલાના વીડિયો ફૂટેજને કારણે હવે શંકા માટે કોઈ જગ્યા નથી.

બાવીસ એપ્રિલના પહેલગામ આતંકવાદી હુમલાનો જવાબ આપતાં ભારતીય સશસ્ત્ર દળોએ બુધવારે વહેલી સવારે પાકિસ્તાન અને પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં નવ સ્થળો પર મિસાઇલ હુમલા કર્યા, જેમાં બહાવલપુરનો જૈશ-એ-મોહમ્મદનો ગઢ અને લશ્કર-એ-તૈયબાના મુરીદક બેઝનો સમાવેશ થાય છે. એક વીડિયો સંદેશમાં, ફડણવીસે કહ્યું હતું કે, 'ચાલો આપણે ભારતીય સશસ્ત્ર દળો અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને આ હુમલા માટે અભિનંદન આપીએ. આ એક એટલો સચોટ હુમલો હતો જેમાં નવ આતંકવાદી કેમ્પ સાઇટ્સનો નાશ થયો છે. આ વખતે હવાઈ હુમલાના વીડિયો ફૂટેજ ઉપલબ્ધ છે, જેનાથી કોઈને પણ આનો પુરાવો માગવાની કોઈ આવશ્યકતા બચતી નથી.'

આને દેશ માટે ગર્વની ક્ષણ ગણાવતાં તેમણે કહ્યું હતું કે આ હુમલો આતંકવાદ સામેની લડાઈમાં ભારતનો દૃઢ નિશ્ચય દર્શાવે છે.

'નવા ભારતમાં આપણા લોકો પરનો હુમલો સહન કરવામાં આવશે નહીં. તેનો યોગ્ય રીતે બદલો લેવામાં આવશે અને આજે તે કરીને દેખાડ્યું છે,' એમ તેમણે કહ્યું હતું.

તેમણે નોંધ્યું હતું કે 'ઑપરેશન સિંદૂર' લશ્કરી આક્રમણનું નામ જ મિશનની ગંભીરતા અને મહત્ત્વનું પ્રતીક છે, જે આ હુમલા પાછળની ઊંડી રાષ્ટ્રીય ભાવનાનો સંકેત આપે છે. ■

## આ જ છે ન્યાયઃ સંઘ

નાગપુરઃ પહલગામ આતંકી હુમલામાં મૃત્યુ પામેલા લોકોને ન્યાય મળવાની શરૂઆત ઑપરેશન સિંદૂરથી થઈ છે એમ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)એ બુધવારે જણાવ્યું હતું. આરએસએસના અખિલ ભારતીય પ્રચાર પ્રમુખ (અખિલ ભારતીય પ્રચાર વડા) સુનિલ અંબેકરે એક પોસ્ટમાં જણાવ્યું હતું કે પહલગામ હુમલામાં જાણ ગુમાવનારા લોકોને ન્યાય મળવાની શરૂઆત ઑપરેશન સિંદૂરથી થાય છે. રાષ્ટ્ર સમર્થન આપે છે. જય હિન્દ. ભારત માતા કી જય.

પહલગામ આતંકવાદી હુમલાનો જડબાતોડ જવાબ આપી ભારતીય સશસ્ત્ર દળોએ બુધવારે વહેલી સવારે પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં જૈશ-એ-મોહમ્મદના ગઢ બહવાલપુર અને મુરીદકેમાં લશ્કર-એ-તૈયબાના મથક સહિત નવ આતંકવાદી અડ્ડા પર મિસાઈલ હુમલાનો સમાવેશ થાય છે. પહલગામ હુમલાના બે અઠવાડિયા પછી ઓપરેશન સિંદૂર હેઠળ લશ્કરી હુમલો કરવામાં આવ્યો છે. આતંકવાદી હુમલામાં ૨૬ નાગરિકોનાં મૃત્યુ થયા હતાં. (પીટીઆઈ)■

## શિંદે, અજિત પવારે ઑપરેશન સિંદૂર માટે પીએમ મોદી અને સશસ્ત્ર દળોની પ્રશંસા કરી

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને અજિત પવારે બુધવારે 'ઑપરેશન સિંદૂર' સફળતાપૂર્વક હાથ ધરવા અને પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદી તત્વોને યોગ્ય જવાબ આપવા બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને સશસ્ત્ર દળોની પ્રશંસા કરી હતી.

પત્રકારો સાથે વાત કરતા શિંદેએ પહલગામ હુમલાના બે અઠવાડિયા પછી ઑપરેશન સિંદૂર હેઠળ લશ્કરી હુમલા કરવા બદલ સશસ્ત્ર દળો, પીએમ મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને અભિનંદન આપ્યા હતા.

તેમણે કહ્યું કે ભારતે પાકિસ્તાનથી કાર્યરત આતંકવાદી તત્વોને યોગ્ય જવાબ આપ્યો છે.

'રાષ્ટ્રને આપણા સશસ્ત્ર દળોની ક્ષમતાઓમાં સંપૂર્ણ વિશ્વાસ છે અને તેમની પાછળ એકતાથી ઉભા છે,' એમ અજિત પવારે આ ઑપરેશનમાં સામેલ સૈનિકોની પ્રશંસા કરતા કહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે ઑપરેશન સિંદૂર ફરી એકવાર દર્શાવે છે કે આજનું ભારત પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદને સહન કરશે નહીં.

પવારે કહ્યું હતું કે પહલગામ આતંકવાદી હુમલા બાદ રાષ્ટ્રમાં આક્રોશ હતો અને બદલો લેવાના હુમલાઓએ એક મજબૂત અને સ્પષ્ટ સંદેશ આપ્યો હતો.

'આજ સવારના કાળજીપૂર્વક આયોજનબદ્ધ હુમલાએ લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદ દ્વારા સંચાલિત નવ કેમ્પોનો નાશ કરીને આતંકવાદી નેટવર્કને ખોરવી નાખ્યું,' એમ નાયબ

(જુઓ પાનું ૪) ▶▶

**પ્રાર્થનાસભા**



શ્રીમતી કાશ્મીરા રમેશચંદ્ર પુરોહિત
૧૯ જાન્યુઆરી, ૧૯૪૫ - ૪ મે, ૨૦૨૫
**ગુરુવાર, ૮ મે, ૨૦૨૫ સાંજે ૫થી ૭.**
યશવંતરાવ ચવ્હાણ સેંટર, જન. જગન્નાથ ભોસલે માર્ગ, મંત્રાલયની સામે, મુંબઈ-૪૦૦૦૨૯.
રમેશભાઈ પુરોહિત
કવિતા-અલ્પેશ (પુત્ર અને પુત્રવધૂ)
કવિતા-પ્રદીપ (પુત્રી અને જમાઈ)
રુત્વિક-યશ અને સોનમ (પૌત્રો-પૌત્રી)
પુરોહિત પરિવાર, શાહ પરિવારના જય શ્રીકૃષ્ણ
(લૌકિક વ્યવહાર બંધ છે)

## 'ઑપરેશન સિંદૂર'ની સફળતાનું શ્રેય લશ્કરને, કોઈ સરકાર-પક્ષ શ્રેય ન લેઃ રાઉત

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે બુધવારે 'ઑપરેશન સિંદૂર' સફળ કરવા માટે સશસ્ત્ર દળોને શ્રેય આપ્યું હતું અને કહ્યું હતું કે રાજકીય લાભ માટે તેનો શ્રેય લેવાનો પ્રયાસ કરનારાઓ પહલગામ આતંકવાદી હુમલાના પીડિતો સાથે અન્યાય કરશે.

સંજય રાઉતે કહ્યું હતું કે, ઓપરેશન સિંદૂર ભારતીય સશસ્ત્ર દળોના સૌથી મોટા હુમલાઓમાંનું એક હતું અને તેને ફક્ત શરૂઆત તરીકે વર્ણવ્યું હતું.

સશસ્ત્ર દળોએ પહલગામ હુમલાનો બદલો લીધો છે, એમ તેમણે કહ્યું હતું.

'વડાપ્રધાન (નરેન્દ્ર મોદી)એ હુમલાની જવાબદારી (સશસ્ત્ર દળોને) સોંપી હતી. પુલવામા જેવું રાજકારણ ન થવું જોઈએ જે પીએમ અને ભાજપે કર્યું હતું. અમે ચેતવણી આપી રહ્યા છીએ અને આખો દેશ જોઈ રહ્યો છે કે તેઓ તેના પર રાજકારણ કરશે. સંપૂર્ણ શ્રેય ભારતીય સેનાનું છે. જો કોઈ પક્ષ કે કોઈપણ સરકાર તેનું રાજકીય શ્રેય લેવાનો પ્રયાસ કરશે તો તમે મૃતકો સાથે અન્યાય કરશો,' એમ તેમણે કહ્યું હતું. બુધવારે અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઓપરેશન સિંદૂર હેઠળ પ્રતિબંધિત જૈશ-એ-મોહમ્મદ (જેઈએમ), લશ્કર-એ-તૈયબા (એલઈટી) અને હિઝબુલ મુજાહિદ્દીનના આતંકવાદી મુખ્યાલયોને નિશાન બનાવવામાં આવ્યા હતા, જેમાં એરફોર્સે પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં સ્થિત નવ ઠેકાણાઓને નિશાન બનાવ્યા હતા. શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરેએ કહ્યું હતું કે આતંકવાદને તેના તમામ સ્વરૂપોમાં નાબૂદ કરવો પડશે.

'આજ રાતે પીઓકેમાં કરવામાં આવેલા સચોટ હુમલાઓ આતંકવાદ

(જુઓ પાનું ૪) ▶▶

## યુદ્ધ એ ઉકેલ નથી, આતંકવાદીઓને ખતમ જ કરવા જોઈએઃ રાજ ઠાકરે

મુંબઈઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના વડા રાજ ઠાકરેએ બુધવારે કહ્યું કે યુદ્ધ એ આતંકવાદની સમસ્યાનો ઉકેલ નથી અને સરકારે આતંકવાદી હુમલાઓના ગુનેગારોને શોધીને ખતમ કરવાને પ્રાથમિકતા આપવી જોઈએ.

જે દિવસે ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આતંકવાદી સ્થળો પર મિસાઇલ હુમલા કર્યા હતા, તે દિવસે તેમણે એમ પણ કહ્યું હતું કે સરકારને સવાલ કરવો જોઈએ કે પહલગામમાં આતંકવાદી હુમલો કેમ થઈ શકે છે.

'યુદ્ધ એ આતંકવાદી હુમલાનો જવાબ નથી. અમેરિકામાં તેઓએ (આતંકવાદીઓએ) ટ્વીન ટાવર તોડી પાડ્યા, પેન્ટાગોન પર હુમલો કર્યો. અમેરિકાએ યુદ્ધ કર્યું ન હતું. તેમણે તે આતંકવાદીઓને મારી નાખ્યા હતા, એમ મનસેના વડાએ અહીં પત્રકારો સાથે વાત કરતા કહ્યું હતું.

'તમે (પહલગામમાં પ્રવાસીઓ પર) હુમલો કરનારા આતંકવાદીઓને શોધી શક્યા નથી. છેલ્લા ઘણા વર્ષોથી જ્યાં હજારો પ્રવાસીઓ જઈ રહ્યા છે ત્યાં સુરક્ષા કેમ નહોતી? આપણા દેશની અંદર કોમ્બિંગ ઓપરેશન હાથ ધરીને તેમને શોધી કાઢવા વધુ મહત્ત્વપૂર્ણ છે. લોકોનું ધ્યાન ભંગ કરનાર હવાઈ હુમલો.... આ, યુદ્ધ ઉકેલ હોઈ શકે નહીં,' એમ તેમણે જણાવ્યું હતું.

બુધવારે સિવિલ ડિફેન્સ દ્વારા આયોજિત મોક ડ્રીલને બદલે સમગ્ર દેશમાં 'કોમ્બિંગ ઓપરેશન' હાથ ધરવું જોઈએ, એમ ઠાકરેએ વધુમાં કહ્યું હતું.

તેમણે જેને ખોટી રીતે શક્તિ પ્રદર્શન ગણાવ્યું તેની ટીકા કરતા ઠાકરેએ કહ્યું હતું કે, 'બીજા દેશમાં યુદ્ધ જેવી પરિસ્થિતિ ઊભી કરવાની ઇચ્છા હોય તેવું લાગે છે. હવે આપણે મૉક ડ્રિલ અને સાયરન (વગાડતા) જોઈએ છીએ, પરંતુ આપણે મૂળભૂત પ્રશ્ન પૂછવાની જરૂર છે કે, આ (બાવીસમી એપ્રિલના રોજ પહલગામમાં હુમલો જેમાં ૨૬ નાગરિકો માર્યા ગયા હતા) પહેલા થયું કેમ?' તેમણે પહલગામ હુમલા પછી વડા પ્રધાન નરેન્દ્ર મોદીના પ્રવાસ કાર્યક્રમ પર પણ કટાક્ષ કર્યો હતો.

'જ્યારે આ (આતંકવાદી હુમલો) થયો ત્યારે વડા

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**